# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika




વર્ષ : ૦૨    ૨૦૨૬ : ઓગષ્ટ

અંક : ૦૮



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ**

**વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૦૦૫/–ના દાતા**

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.–અમદાવાદ**

**વિદ્યોતેજક ફંડ રૂ. ૫૦૦૫/–ના દાતા**



**ચંદ્રકાન્તાબેન (ચંદન) રતિલાલ દવે**

**જન્મ તા. ૦૪–૦૪–૧૯૩૬** **સ્વ. તા. ૨૮–૦૭–૨૦૨૬**

ચંદનબા નાં લગ્ન શ્રી રતિલાલ છોટાલાલ દવે (મહુધા) હાલ અમદાવાદ સાથે થયા હતાં. ચંદનબાનું કુટુંબ વિશાળ છે. તેમનાં પરિવારમાં એક દીકરો અને પાંચ દીકરીઓ છે. દરેકને સારી રીતે ભણાવીને પરણાવી. ચંદનબાને છ ભણિયા અને એક ભાણી છે.

ચંદનબાનાં મિલનસાર, મળતાવડા સ્વભાવ અને દરેકને મદદરૂપ થવાની ભાવનાને લીધે કુટુંબમાં તેમજ સમાજમાં પ્રિય વ્યક્તિ તરીકે રહ્યાં.

નેવું વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવીને તા. ૨૮–૦૭–૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા. ઈશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી અમારી પ્રાર્થનાં. ઓમ શાંતિ....

**શ્રીમતી રમ્યા રિકેન પંડ્યા**

**શ્રી રિકેન સંજય પંડ્યા**

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.–અમદાવાદ
## વિદ્યોતેજક ફંડ રૂ. ૨૫૦૫/–ના દાતા



**ચંદ્રકાન્તાબેન (ચંદન) રતિલાલ દવે**

**જન્મ તા. ૦૪–૦૪–૧૯૩૬** **સ્વ. તા. ૨૮–૦૭–૨૦૨૬**

ચંદનબાનો જન્મ મહેમદાવાદ મુકામે શ્રી નર્મદાશંકર ધ્રુવને ત્યાં મહાલક્ષ્મીબાની કૂખે થયો હતો.

ચંદનબાનાં લગ્ન શ્રી રતિલાલ છોટાલાલ દવે (મહુધા) હાલ અમદાવાદ સાથે ૧૬ વર્ષની ઉંમરે થયા હતાં. લગ્ન કર્યા પછી ભણીને વફા બોર્ડ પરીક્ષા પાસ કરી હતી. અઠાવન વર્ષનું સુખી દાંમ્પત્ય જીવન જીવ્યાં હતાં.

ઘરમાં સૌથી મોટા હોવાનાં લીધે તેમણે તેમનાં બે દિયર, ચાર નણંદ અને તેમનાં બહોળા પરિવારને ખૂબ જ સારી રીતે સંપીને રાખ્યાં હતાં અને તેમની વ્યવહાર કુશળતાએ પરિવારને એક સૂત્રમાં બાંધી રાખ્યો હતો.

આવા સૌમ્ય, ધાર્મિક અને સરળ સ્વભાવનાં ચંદનબાને ઈશ્વર સદ્‌ગતિ આપે એવી અમારી પ્રાર્થના. ઓમ શાંતિ.

**શ્રી ધીરેન રતિલાલ દવે**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૫/–ના દાતા



**રતિલાલ છોટાલાલ દવે**

**જન્મ તા. ૧૦–૦૮–૧૯૨૧** **સ્વ. તા. ૧૦–૦૪–૨૦૧૧**

મૂળ મહુધાનાં અને મૂળજનાં મુખી શ્રી રતિલાલનો જન્મ શ્રી છોટાલાલ દવે ને ત્યાં સવિતાબાની કૂખે થયો હતો.

સાતભાઈ બહેનનાં પરિવારમાં સૌથી મોટાભાઈ હતા. પોતાના ભાઈ–બહેનોની સંપૂર્ણ જવાબદારી અદા કરી મોટાભાઈ તરીકેની ફરજ નિભાવી.

૧૯૫૩ની સાલમાં મહેમદાવાદ નિવાસી ચંદ્રકાન્તાબેન (ચંદન) સાથે લગ્ન થયાં હતાં. પરિવારમાં એક દીકરો અને પાંચ દીકરીઓ છે.

બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તરીકે ઘણાં વર્ષો કાર્યરત રહ્યા. સદ્‌વિચાર પરિવારમાં તેમજ અન્ય સેવાભાવી સંસ્થાઓમાં માનદ્ સેવાઓ આપી છે.

ઉચ્ચ વિચાર અને દીર્ઘદૃષ્ટિ ધરાવતાં શ્રી રતિદાદા નેવું વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવીને દેવલોક પામ્યા હતાં. ઈશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી અમારી પ્રાર્થના. ઓમ શાંતિ.

**શ્રી ધીરેન રતિલાલ દવે**

**શ્રીમતી રમ્યા રિકેન પંડ્યા**

**શ્રી રિકેન સંજય પંડ્યા**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ

૧-૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણીનગર (પૂર્વ),
અમદાવાદ-૩૮૦૦૦૮. મો. : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા જ્ઞાતિ સમાજની વિધવા-ત્યક્તા બહેનોને વર્ષોપર્યંત અવિરત સમયથી નિયમો પ્રમાણે વિશિષ્ટ સહાય અપાય છે. આ સહાયમાં તા. ૦૧-૦૪-૨૦૨૬થી પ્રતિ માસે રૂ. ૩૦૦૦/- એટલે કે વાર્ષિક રૂ. ૩૬૦૦૦/- એક વ્યક્તિને મદદ આપવામાં આવે છે. તા. ૦૧-૦૮-૨૦૨૬ના રોજ આ લાભાર્થીઓની સંખ્યા ૫૦ પહોંચેલ છે. વર્ષમાં ત્રણ વખત ચાર-ચાર મહિનાના રૂ. ૧૨૦૦૦/- લેખે લાભાર્થીના ખાતામાં સીધા એડવાન્સ જમા થઈ જાય છે. જેના કુલ વાર્ષિક રકમ રૂ. ૧૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અઢાર લાખ) પહોંચેલ છે. **જુલાઈ માસમાં મળેલી મિટીંગમાં ૧૦ લાભાર્થીઓના ફોર્મ મંજૂર કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.**

ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓના સતત પ્રયત્નથી તથા જ્ઞાતિ સમાજના ભામાશાઓની મદદથી જ આ કાર્ય સંપન્ન થાય છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ આ તબક્કે મારે જ્ઞાતિ સમાજના ગામે ગામના હોદ્દેદારો (પ્રમુખશ્રી-મંત્રીશ્રીઓને) જણાવવાનું કે કેટલાક ફોર્મ રદ કરવાની ફરજ પડે છે કારણ કે છોકરાઓ પુખ્તવયના થઈ ગયા હોય. મા-બાપ સાથે રહેતા હોય અથવા ૬૦ વર્ષથી નાની ઉંમર હોય અથવા આવકના સ્રોત હોય છતાં ફોર્મ ભરવામાં આવતા હોય છે. ગામે-ગામના પ્રમુખો માહિતી ચેક કર્યા વગર ભલામણમાં સહીઓ કરતા હોય છે અને જ્યારે ફોર્મ નામંજૂર થાય ત્યારે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનો વાંક કાઢવામાં આવતો હોય છે. આવા સંજોગોમાં સંપૂર્ણ માહિતી ચેક કરી ફોર્મ મોકલાવશો તેથી નામંજૂર કરવાનો વારો આવે નહીં.

અગાઉના જ્ઞાતિના શ્રેષ્ઠીઓ દ્વારા આ રકમ આર્થિક રીતે પછાત વિધવા નિ:સહાય બહેનો માટે આપવાનું નક્કી કરેલ છે. જેનું ફળ ઉત્તરોતર રકમમાં વધારો કરી અને આપણે ચૂકવતા હોઈએ છીએ. કોઈ ગામ કે કોઈ જ્ઞાતિજન કે કોઈ હોદ્દેદારોને ધ્યાનમાં રાખીને વ્હાલા દવલાની નીતિ અપનાવાતી નથી જેની આ તબક્કે ખાસ નોંધ લેશો અને આ અંગે ભવિષ્યમાં ફોર્મમાં ભલામણ કરતા પહેલા માહિતી ચકાસી લેશો જેથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના હોદ્દેદારોને ફોર્મ મંજૂર કરવામાં તકલીફ પડે નહીં. જેની ખાસ નોંધ લેશો.

આ વિશિષ્ટ સહાયની ચૂકવણીની માહિતી સહાય લેનારની માન સન્માન જળવાય તેવા શુભ-આશયથી ગુપ્ત રાખવામાં આવે છે નીચે મુજબની વિગતથી ગામે-ગામ વિશિષ્ટ સહાયના લાભાર્થીઓની સંખ્યા આપની જાણ માટે મોકલી આપીએ છીએ.

| | | | |
|---|---|---|---|
| ઉમરેઠ | ૧૭ | અમદાવાદ | ૧૧ |
| નડિયાદ | ૦૭ | સોજીત્રા | ૦૪ |
| વડોદરા | ૦૪ | કણજરી | ૦૨ |
| આણંદ | ૦૨ | મહુધા | ૦૧ |
| ધર્મજ | ૦૧ | ખેડા | ૦૧ |

**કિરીટભાઈ દવે** — **સમીરભાઈ દવે**

**પ્રમુખ** — **મંત્રી**

**સર્વે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

(શ્રીમતી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન)
૧–૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણીનગર (પૂર્વ),
અમદાવાદ–૩૮૦૦૦૮. મો. : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું આગામી ૩૭મું રાષ્ટ્રીય અધિવેશન, અમદાવાદ મુકામે તા. ૨૭–૧૨–૨૦૨૬ના રવિવારના રોજ શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ, વસ્ત્રાલ, અમદાવાદ ખાતે યોજાનાર છે. જેની આપ સૌ નોંધ લેશો અને અત્યારથી આ દિવસ જ્ઞાતિસમાજ માટે ફાળવી અચૂક હાજર રહેશો.

આ તબક્કે એક ખૂબ જ અગત્યની જાહેરાત કરીએ છીએ કે અગાઉના ૩૬ રાષ્ટ્રીય અધિવેશનો ગામે ગામના મંડળો દ્વારા અથવા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાયેલ છે જેનાથી આપ સૌ વિદિત છો જ પરંતુ ચાલુ સાલે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના અધિવેશનોમાં પ્રથમ વખત નારી શક્તિનું ખૂબ જ અગત્યનું યોગદાન આપ સૌને જોવા મળશે. ઘણા વખતથી શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ તરફથી આ અધિવેશન યોજવાની વાતો ચાલતી હતી. અંબાજી મુકામે યોજાયેલ ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં આ અધિવેશન શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના આમંત્રણને માન આપી તેઓને સૈદ્ધાંતિક સંમતિ આપવામાં આવેલ. પરંતુ હોલ બુકીંગની જ્યાં સુધી વ્યવસ્થાના થાય ત્યાં સુધી જાણ કરવાનું ઉચિત લાગતું ન હતું. હવે સ્થળ નક્કી થઈ ગયેલ છે. આવા સંજોગોમાં શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આ અધિવેશન યોજાશે અને ખૂબ જ સુંદર રીતે તેના આયોજન માટે તેઓશ્રીઓએ તૈયારીઓ પણ આદરી લીધેલ છે. મારી આપ સૌને નમ્ર અરજ છે કે, આ હોલમાં ૧૨૦૦ની કેપીસીટી ધરાવતો હોલ છે. ટૂંક જ સમયમાં ગામે ગામના મંડળોને પોતાની જરૂરીયાત મુજબ અધિવેશનના પાસ મોકલી આપવામાં આવશે. અધિવેશનના પાસની કિંમત માત્ર રૂ. ૧૦૦/– જ છે. જેની નોંધ લેશો.

આપ સૌને સત્કારવામાં, ચા–પાણી નાસ્તા ભોજનમાં, મોમેન્ટોમાં, સાંસ્કૃતિક કાર્યક્રમમાં, હોલ બુકીંગમાં તેમજ અન્ય પરચૂરણ ખર્ચાઓમાં અંદાજિત પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂા. ૬૦૦/– ખર્ચ થતો હોય છે. વર્ષોપર્યંત અધિવેશન અધ્યક્ષશ્રી, ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ અને દાતાશ્રીઓ દ્વારા મળેલી રકમમાંથી આ ખર્ચ કરવામાં આવે છે અને ખર્ચ બાદ કરતા વધેલી રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવતી હોય છે. ટીપે ટીપે સરોવર ભરાય તેમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ફંડમાં ઉત્તરોત્તરનો વધારો થાય છે. બેન્કોના વ્યાજના દરો ઓછા હોવાથી આપણી સંચિત રકમ યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયામાં મ્યુચ્યલ ફંડમાં રોકવામાં આવે છે એ રકમમાંથી એવરેજ ૧૨ થી ૧૩ ટકા રીફંડ મળતું હોય છે. તે આવકમાંથી પ્રતિ વર્ષ આપણે ગઈ સાલ સુધી ૪૦ બહેનોને રૂ. ૧૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બાર લાખ) ચૂકવતા હતા. જે પ્રત્યેક બહેનો દીઠ રૂ. ૩૦,૦૦૦/– વાર્ષિક સહાય ચુકવાતી હતી. તા. ૦૧–૦૮–૨૦૨૬થી વધુ ૧૦ બહેનોનો ઉમેરો થતા તા. ૦૧–૦૪–૨૦૨૬થી રૂા. ૩૦૦૦/– લેખે વાર્ષિક

રૂ. ૧૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ) જેવી માતબર રકમ બહેનોને ચૂકવવામાં આવે છે. આ રકમ ધીમે ધીમે વધતા આટલે સુધી આપણે પહોંચ્યા છે.

મારી આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપશ્રીઓ આ ભગીરથ કાર્યમાં અતિથિ વિશેષ તરીકે રૂા. ૧૧૦૦૦/– તથા મુખ્ય મહેમાન તરીકે રૂ. ૨૫૦૦૦/– આપી પ્રત્યક્ષ હાજરી આપી ડાયસ શોભાવી શકો છો. દાતાશ્રીઓ તરીકે રૂ. ૫૦૦૦/– કે તેનાથી ઉપરની રકમ પણ આવકાર્ય છે. આપશ્રી દ્વારા આ રકમો ચેકથી અને પાન કાર્ડ સાથે આપવામાં આવશે તો જે રકમ આપશ્રીઓને ઈન્કમટેક્ષમાં પણ મજરે મળશે.

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ૩૭મું રાષ્ટ્રીય અધિવેશન, અમદાવાદ મુકામે યોજાશે જે સંખ્યાની દ્રષ્ટિએ તથા દાનની દ્રષ્ટિએ 'ન ભૂતો ન ભવિષ્યતિ' થશે જેમાં શંકાને સ્થાન નથી. ટૂંક સમયમાં ગામે ગામના મંડળો દ્વારા ડેલીગેટ્સ પાસ વિતરણની તથા બહારગામમાંથી આવનાર જ્ઞાતિજનોની આવવા–જવાની વ્યવસ્થા સાથેની માહિતી ગામે ગામ દ્વારા પોતાના પ્રચાર માધ્યમથી આપને જાણવા મળશે. જેની નોંધ લઈ આપ આપનું સ્થાન આગામી ૩૭માં રાષ્ટ્રીય અધિવેશન માટે નક્કી કરી લેશો. આ દાનની રકમો આપશ્રી શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદને તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદને ચેકથી પાનકાર્ડ સાથે મોકલી આપશો. આપને આમંત્રિતના પાસ તથા અન્ય વ્યવસ્થાઓની માહિતી મોકલી આપવામાં આવશે.

| કિરીટકુમાર દવે | ભોપીબેન ભટ્ટ | કોકિલાબેન ભરતભાઈ ભટ્ટ | સમીરભાઈ દવે |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | કો–ઓર્ડીનેટર | અધ્યક્ષાશ્રી | મંત્રીશ્રી |

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭

### ૩૪મો હોમાત્મક લઘુરૂદ્ર

સમગ્ર બાજખેડાવાળ સમાજના ઉત્કર્ષ માટે બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૦૬–૦૯–૨૦૨૬ને, રવિવારને રોજ સ્થળ બાજખેડાવાળ અતિથિગૃહ, આઝાદ મેદાન, આણંદ.

યજ્ઞની શરૂઆત – સવારે ૯.૦૦ કલાકે પૂર્ણાહુતિ – સાંજે ૫.૩૦ કલાકે

આ પ્રસંગે જ્ઞાતિજનો માટે સાંજના ૬.૩૦ કલાકથી ૭.૩૦ કલાક સુધી પ્રસાદ (ભોજન)નું આયોજન કરવામાં આવેલ છે. પ્રત્યેક વ્યક્તિદીઠ રૂ. ૩૦/– ભોજનપાસ માટે આપવાના રહેશે. ભોજનપાસનું વિતરણ તા. ૩૦–૦૮–૨૦૨૬ને રવિવારના રોજ સાંજના ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન બાજખેડાવાળ અતિથિગૃહ, આઝાદ મેદાન, આણંદ ખાતે થશે. આ સમયમર્યાદા બાદ ભોજન પાસ આપવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેશો.

સૌ જ્ઞાતિજનોને દર્શનનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ છે. આ લઘુરૂદ્રના મુખ્ય યજમાન તરીકે શ્રી સમીરભાઈ દવે બેસશે. સહયજમાન તરીકે કોઈને બેસવાની ઈચ્છા હોય તો, પ્રમુખશ્રીનો (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭ પર સંપર્ક કરવાનો રહેશે.

**હોમાત્મક વિષ્ણુયાગ**

તારીખ – ૧૮–૧૯–૨૦ ડિસેમ્બર, ૨૦૨૬,

સ્થળ – બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ,

સંપર્ક – શ્રી કિરીટકુમાર એમ. દવે (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭

જય ભારત સાથે જણાવવાનું કે, સમગ્ર બાજખેડાવાળ સમાજના ઉત્કર્ષ અર્થે હોમાત્મક વિષ્ણુયાગનું આયોજન ઉપરની તારીખો અને સ્થળ કરવામાં આવેલ છે. આ યજ્ઞમાં ૧ મુખ્ય યજમાન અને ૧૫ સહયજમાન લેવાના છે.

મુખ્ય યજમાન – શ્રી સમીરભાઈ એસ. દવે, અમદાવાદ

સહયજમાન – (૧) વિનયકુમાર એ. દવે (નડિયાદ) (૨) પ્રણવકુમાર એસ. જોષી (નડિયાદ) (૩) મુકેશકુમાર કે. દવે (આણંદ) (૪) કિરીટકુમાર એમ. દવે (આણંદ) (૫) સુધીરભાઈ એસ. મહેતા (નડિયાદ) (૬) જીગ્નેશભાઈ એ. ભટ્ટ (આણંદ) (૭) યોગેશભાઈ દવે (અમદાવાદ) (૮) મહેશભાઈ સી. દવે (આણંદ) (૯) વિરેન્દ્રભાઈ એસ. પંડ્યા (આણંદ) (૧૦) નિતીનભાઈ કનૈયાલાલ દવે (આણંદ) (૧૧) મિહીરભાઈ હરેશભાઈ દવે (વડોદરા) (૧૨) શૈલેષભાઈ એન. જોષી (અમદાવાદ)

ઉપર મુજબના કુલ યજમાનો નોંધવામાં આવેલ છે. હવે ફક્ત ૩ યજમાન નોંધવામાં આવશે. જેની નોંધ લેશો. આ સમગ્ર હોમાત્મક વિષ્ણુયાગ વિદ્વાન ગુરૂદેવ સ્નેહલભાઈ દવે – નડિયાદ દ્વારા કરાવવામાં આવશે. જે કોઈ જ્ઞાતિજનોને બેસવાની ઈચ્છા હોય તે કિરીટકુમાર દવેનો સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે પોતાના નામ નોંધાવી શકે છે. આ ત્રણ દિવસનો વિષ્ણુયાગ આણંદના ઉપરોક્ત સરનામે યોજાશે. જેની નોંધ લેશો.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુન ઠાકર**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન – ૦૨૬૯૨–૨૪૪૨૧૨

**અધિકસ્ય અધિક ફલમ**

આધ્યાત્મિક માર્ગ ઉન્નતિ કરવાનો શ્રેષ્ઠ માસ એટલે અધિક પુરુષોત્તમ માસ

શ્રી આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા સિદ્ધેશ્વર મહાદેવના સાનિધ્યમાં ગુરૂદેવ જગદીશભાઈ તથા ચિંતનભાઈ ગોરના મંત્રોચ્ચાર દ્વારા અધિક માસની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો.

આ કાર્યક્રમને સફળ બનાવવા નીચે મુજબના યજમાનશ્રીઓ, દાતાશ્રીઓ તથા કારોબારી સભ્ય બહેનોના સહયોગથી સફળ થયો.

(૧) મંડળના આદ્યસ્થાપક શ્રી વનલતાબેન તરફથી રૂ. ૧૧૦૦૦/– મળેલ છે. (૨) રૂ. ૫૧૦૦/– કીરણભાઈ ઈન્દુભાઈ, (૩) રૂ. ૫૦૦૦/– રેણુકાબેન ઉપેન્દ્રભાઈ જોષી ઓસ્ટ્રેલિયાથી ફરાળ પેટે, (૪) રૂ. ૫૦૦૦/– સ્વ. સરોજબેન જે. પંડ્યાના સ્મરણાર્થએ હસ્તે દીક્ષાબેન

ફરાળ નિમિતે, (૫) રૂ. ૨૫૦૦/– સ્વ. વંદનાબેન હરિકૃષ્ણભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે, ડો. જીતેશભાઈ ત્રિવેદી (આણંદ), (૬) રૂ. ૨૫૦૦/– હરિકૃષ્ણભાઈ ત્રિવેદી (૭) રૂ. ૧૫૦૦/– જયશ્રીબેન નિતિનકુમાર પંડ્યા (૮) રૂ. ૨૫૦૦/– ડૉ. મિનાક્ષીબેન ભટ્ટ તરફથી મ્યુઝિક સિસ્ટમ (૯) રૂ. ૧૧૧૧/– ડૉ. પ્રવિણાબેન પંડ્યા માયાબેન તરફથી બપોરની ચા–કોફી, દીપેશભાઈ (જલારામ મંદિર) કુલરની સેવા (૧૦) રૂ. ૧૦૦૧/– માયાબેન દવે – હેમાંગીનીબેન તરફથી પાણીન ાજગ અને નેપકીન (૧૧) રૂ. ૧૦૦૫/– રેખાબેન શેલત, શીલતબેન જોષી તરફથી કૃષ્ણ ભગવાનની મૂર્તિ (૧૨) રૂ. ૧૦૦૧/– ભારતીબેન ભટ્ટ પન્નાબેન દવે તરફથી (૧૩) રૂ. ૧૦૦૧/– ભારતીબેન દવે – સરોજબેન તરફથી પણ ફૂલહાર (૧૪) રૂ. ૧૦૦૧/– સોનલબેન દવે – ગીતાબેન શુકલ તરફથી ૩૩ દિવા (૧૫) રૂ. ૧૦૦૧/– પ્રિયંકાબેન દવે ભાવિકાબેન શેલત અને વર્ષાબેન દવે તરફથી પૂજામાં બેઠેલ બેનોને તાબાના (૧૬) રૂ. ૨૫૦૦/– વનલીલાબેન હસ્તે કીરીટભાઈ (દક્ષાબેન) આચમની પ્યાલો – જ્યોતિબેન તરફથી સાત (૧૭) રૂ. ૧૦૦૧/– ગીતાબેન શુકલ – ધાનના ડબ્બાઓ અને આસન (૧૮) રૂ. ૧૦૦૧/– રંજનબેન સુરેશભાઈ હસ્તે (હેતલબેન) (૧૯) રૂ. ૧૮૦૦/– રંજનબેન દવે તરફથી મનોરદાની સામગ્રી (૨૦) રૂ. ૧૩૦૦/– રંજનબેન દવે તરફથી વાડીનું ભાડું (૨૧) રૂ. ૭૫૧/– પુષ્પાબેન નીતિનભાઈ પંડ્યા (૨૨) રૂ. ૭૫૧/– કોમલબેન મનીષભાઈ ઠાકર (દિપ દાનના) (૨૩) રૂ. ૧૦૦૧/– ભાવિનીબેન પંડ્યા (૨૪) રૂ. ૫૦૦/– સુમીત્રાબેન, મંજુલાબેન, ઈલાબેન, હેમાબેન, ગીરાબેન, કામીનીબેન, પ્રવિણાબેન, અલકાબેન, હેતલબેન, સુક્ષાબેન, મીનાબેન, સોનલબેન, સ્મીતાબેન, યોગેશભાઈ તરફતી કેરીનો રસ, પાયલબેન, બિન્દુબેન, અમીબેન, ક્ષમાબેન, ગીતાબેન દવે તરફથી સ્ટીલની ઝારી પૂજામાં બેઠેલ બહેનોને આપી. અલ્પાબેન, સ્મીતાબેન, વનલતાબેન, કૃષ્ણ ભગવાનની મૂર્તિ, સોનલબેન, દક્ષાબેન પંડ્યા તરફથી શીંગ સાકરનો પ્રસાદ, કરીશ્માબેન દવે, અંજનાબેન તરફથી દીવી બહેનોને આપેલ. નયનાબેન લીંબું સોડાની બોટલ, કીશનભાઈ સુખડીયા પેંડાનો પ્રસાદ તન, મન, ધનથી અમૂલ્ય ફાળો આપનાર પ્રયત્ક્ષ તથા પરોક્ષ રહી. દાન આપનાર સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર.

**રીટાબેન ઢગટ** — **પ્રમુખશ્રી**

**સેજલબેન ઢગટ** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ કેનેડા સમાજ

### શ્રી બાજખેડાવાળ કેનેડા સમાજનો વાર્ષિક પિકનિકોત્સવ – ૨૦૨૬
### મિલન, આનંદ અને સેવાભાવનો અવિસ્મરણીય દિવસ

બાજખેડાવાળ કેનેડા સમાજ દ્વારા મિસિસાગામાં આયોજિત વાર્ષિક પિકનિકોત્સવ ઉત્સાહ, ઉમંગ અને પારિવારિક મિલનનો એક યાદગાર પ્રસંગ બની રહ્યો. વહેલી સવારે લગભગ ૯.૩૦ વાગ્યાથી જ આયોજક સમિતિ અને સ્વયંસેવકો સ્થળ પર પહોંચી તમામ તૈયારીઓમાં વ્યસ્ત થઈ ગયા હતા. આગંતુકોના સ્વાગત માટે લીબુ શરબત, ઠંડા પાણી તથા અન્ય જરૂરી સુવિધાઓની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

સવારે લગભગ ૧૦ વાગ્યાથી સમાજના પરિવારો એક પછી એક સ્થળ પર પહોંચવા લાગ્યા. ઘણ સમય પછી મળેલા મિત્રો, સ્નેહીઓ અને પરિવારજનો વચ્ચે થયેલું ઉષ્માભર્યું મિલન સૌના ચહેરા પર ખુશી અને આત્મીયતાનું સ્મિત લાવી ગયું. જૂની યાદો તાજી થઈ, નવા સંબંધો બંધાયા અને સમગ્ર વાતાવરણ પારિવારિક સ્નેહથી છલકાઈ ઊઠ્યું.

બપોરે બાર વાગ્યે બારસ અને અગિયારસ બંનેને અનુરૂપ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. બારસ માટે ઈડલી, સાંભાર, ચટણી અને સબવે સબ જ્યારે અગિયારસ માટે ફળ, ફરાળી ચેવડો તથા અન્ય ફરાળી વાનગીઓ પીરસવામાં આવી હતી. સૌએ આ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો.

ત્યારબાદ બાળકો, યુવાનો અને વડીલો માટે વિવિધ મનોરંજક રમતો યોજાઈ. બાળકોની રમતો, વોલીબોલ, કપલ ગેમ્સ અને અન્ય રસપ્રદ સ્પર્ધાઓમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સમગ્ર મેદાન હાસ્ય, આનંદ અને ઉત્સાહથી ગુંજી ઉઠ્યું. બપોર બાદ વિવિધ પ્રાયોજકોના સૌજન્યથી વિવિધ નાસ્તા અને ચાની મહેમાનગતિ પણ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની.

સાંજે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ સૌએ પરંપરાગત ગુજરાતી ભોજનનો આસ્વાદ માણ્યો. ઉપરાંત અગિયારસ માટે સ્વાદિષ્ટ ફરાળી વાનગીઓએ સૌનું મન જીતી લીધું.

આ સમગ્ર કાર્યક્રમની સફળતા પાછળ આયોજક સમિતિ, પ્રાયોજકો અને સ્વયંસેવકોનો નિ:સ્વાર્થ સેવાભાવ અને અથાગ પરિશ્રમ રહેલો હતો. ખાસ કરીને અગમ અને ધ્વનિ જોષી, વેદાંત ઠાકર, આશ્કા શેલત, પિંકેશભાઈ પંડ્યા, બિનીતાબેન પંડ્યા, હસિતભાઈ ભટ્ટ અને તેમના ધર્મપત્ની, શૈલ પંડ્યા, કુણાલ પંડ્યા અને કૃપા પંડ્યા સહિત તમામ સ્વયંસેવકોએ દિવસભર નિષ્ઠાપૂર્વક સેવા આપી કાર્યક્રમને સફળ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું.

અંતમાં, બાજખેડાવાળ કેનેડા સમાજ તરફથી તમામ આયોજકો, પ્રાયોજકો અને ઉપસ્થિત સમાજજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. આપ સૌના સહયોગ, સમર્પણ અને એકતાના કારણે આ પિકનિક માત્ર એક કાર્યક્રમ ન રહ્યો. પરંતુ પરિવાર, મિત્રતા અને સમાજભાવનના અખૂટ બંધનોને વધુ મજબૂત બનાવતો એક અવિસ્મરણીય ઉત્સવ બની રહ્યો.

"એકતા, સેવા અને સંસ્કાર – એ જ બાજખેડાવાળ સમાજની સાચી ઓળખ"

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

### શ્રી સત્યનારાયણ ભગવાનની કથા

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા શ્રી પ્રાણશંકરભાઈ હોલનું રીનોવેશન કરવામાં આવ્યું તે નિમિત્તે તા. ૦૯–૦૮–૨૦૨૬ના રોજ શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાન તરીકે સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાજેષભાઈ બી. ત્રિવેદી પૂજાવિધિમાં શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજામાં બેઠા હતાં. શ્રી પ્રાણશંકરભાઈ હોલનો

નીચેનો ભાગ જે જમણવાર તરીકે વપરાશ થાય છે તેને બેન્કવેટ હોલમાં રૂપાંતરીત કરવામાં આવ્યો. આ પ્રસંગે ફક્ત રૂ. ૨૦/–માં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૪૦૦ જ્ઞાતિબંધુઓએ મહાપ્રસાદનો આનંદ માણ્યો હતો.

**ઈનામ વિતરણ કાર્યક્રમ**

૪થી ઓકટોબરના રોજ ઈનામ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓએ ઈનામ વિતરણના ફોર્મ ભરેલ છે. તેઓએ ૪થી ઓકટોબરને રવિવારના દિવસે સાંજે ૪.૩૦ કલાકે પોતાનું ઈનામ લેવા માટે અચુક હાજર રહેવુ પડશે. હાજર વિદ્યાર્થીઓને જ ઈનામ આપવામાં આવનાર છે. ઈનામ વિતરણનો કાર્યક્રમ પતી ગયા પછી ઈનામ વિતરણમાં જેના પણ ઈનામ લેવાના બાકી હશે તેઓને આપવામાં આવશે નહી જેની સૌએ નોંધ લેવી.

**નવરાત્રી મહોત્સવ**

દર વર્ષની જેમ જ આસો સુદ–૪ના ગરબા (ચોથુ નોરતુ)નું આયોજન શ્રી બળવંતરાય ઠાકોર હોલ કાંકરીયા ખાતે રાખવામાં આવેલ છે. રાત્રે ૮.૩૦ કલાકે ગરબાની રમઝટ શરૂ કરવામાં આવશે. આ ગરબા મહોત્સવ તા. ૧૪–૧૦–૨૪ના રોજ યોજવામાં આવેલ છે.

**શ્રીમતી મનહરબાળાબેન વિઠ્ઠલરાય ભટ્ટ અને શ્રી વિઠ્ઠલરાય જેશંકર ભટ્ટ મેડીકલ ટ્રસ્ટ ફંડ**

શ્રીમતી મનહરબાળાબેન વિઠ્ઠલરાય ભટ્ટ અને શ્રી વિઠ્ઠલરાય જેશંકર ભટ્ટની સ્મૃતિમાં સંસ્થાને રૂ. ૨૦,૦૦,૦૦૦/– (વીસ લાખ)નું મેડીકલ ટ્રસ્ટ ફંડ આપવામાં આવેલ છે. આ ટ્રસ્ટની રકમ તેમની દિકરીઓ શ્રી સ્મિતાબેન શુકલ, શ્રી નીતાબેન પંડ્યા, શ્રી ટીનાબેન પંડ્યા, શ્રી પિન્કીબેન ભટ્ટ દ્વારા પ્રાપ્ત થયેલ છે. આ રકમના વ્યાજમાંથી અમદાવાદ શહેરમાં વસતા જરૂરીયાતમંદ જ્ઞાતિબંધુઓ કે જેઓની ઉંમર ૭૦ વર્ષની નીચેની હોય તેઓને આરોગ્યને લગતી સહાય કરવાનો આશય રહેલો છે. આ સહાય ફક્ત જરૂરીયાતમંદ કુટુંબીજનોને જ આ સહાયનો લાભ મળવાપાત્ર છે. આવી આરોગ્યને લગતી સહાય માટે સાદા કાગળમાં એક અરજી સાથે જે નિદાન કરાવ્યુ હોય તેના પેપર્સ તથા દવાઓના બીલો સાથેની ઝેરોક્ષ કોપી સંસ્થાના કાર્યાલયમાં આપવાની રહેશે આવેલ અરજીઓની સ્કુટીની દાતા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા થયા બાદ મંજુર કરવામાં આવેલી રકમ સહાય તરીકે આપવામાં આવશે આ અંગેની અરજી અને તેની સાથેના પેપર્સ, બીલો વિગેરે સંસ્થાના કાર્યાલય શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં આપવાનું રહેશે. આ તબક્કે તમામ દાતા ટ્રસ્ટીશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૧૧૦૦૦/– શ્રી સંગીતાબેન કિરણકુમાર પંડ્યા, રૂ. ૧૨૦૦૦/– શ્રી પરાગ દવે

**એજ્યુકેશન સહાય યોજના**

રૂ. ૧૧૧૧૧/– શ્રી સંગીતાબેન કિરણકુમાર પંડ્યા

**હોલ આધુનિકરણ ભંડોળ**

રૂ. ૫૦૦૦/– શ્રી સતિષચંદ્ર ઈન્દ્રવદનભાઈ જોષી

**શ્રી સત્યનારાયણ દેવ કથા ભેટ**

રૂ. ૨૧૦૦/– શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવે, રૂ. ૨૧૦૦/– શ્રી હેતલકુમાર બી. ભટ્ટ, રૂ. ૫૦૦/– શ્રી જયશ્રીબેન બી. દવે, રૂ. ૫૦૦/– શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, રૂ. ૫૦૦/– શ્રી અર્પિતભાઈ જોષી, રૂ. ૧૦૦૦/– શ્રી સંજયભાઈ ભટ્ટ, રૂ. ૨૧૦૦/– શ્રી રાજેશકુમાર બાબુભાઈ ત્રિવેદી

| | |
|---|---|
| **કમલેશ જે. ભટ્ટ** | **ઉદયભાઈ ભટ્ટ / સંજય ત્રિવેદી** |
| **પ્રમુખ** | **મંત્રી** |

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮

(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદને મળેલ ભેટ–દાન નીચે મુજબ છે.**

(૧) શ્રી ઈલાબેન જ્ઞાનેન્દ્રભાઈ દંડનાયક રૂ. ૧૧૦૦૦/– (૨) શ્રી ઉષાબેન ઉપેન્દ્રભાઈ ઠાકર રૂ. ૧૧૦૦૦/– (૩) શ્રી કલ્પનાબેન આર. દવે રૂ. ૧૦૦૦૦/– (૪) શ્રી મીતાબેન કીરણભાઈ પંડ્યા રૂ. ૧૧૦૦૦/– (૫) શ્રી રમાબેન ખંભોળજા રૂ. ૧૦૦૦/– (૬) શ્રી દુષ્યંતભાઈ જી. દવે રૂ. ૫૦૦૦/– (૭) શ્રી ડાકોર મહિલા મંડળ–કુબેર ભંડારી રૂ. ૨૫૦૦/– (૮) શ્રી નયનાબેન પ્રકાશભાઈ દવે રૂ. ૧૧૦૦૦/– (૯) શ્રી મૃદુલાબેન એચ. દવે રૂ. ૨૦૦૦/– (૧૦) શ્રી શોભનાબેન રાજેન્દ્રભાઈ ઠાકર રૂ. ૨૦૦૦/– (૧૧) શ્રી રચનાબેન પ્રશાંત દેસાઈ રૂ. ૨૦૦૦/–

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ–ડાકોર સ્થિત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી તેઓને પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમોને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી માતબર દાન ફંડ મળતુ રહે છે. આ સર્વે ઉદાર દાતાશ્રીઓનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**સામા પાંચમ – કેવડીત્રીજ વ્રત ઉધાપન**

તા. ૧૫–૦૯–૨૦૨૬ને મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યાથી પુનિતાશ્રમ ખાતે ઉપરોક્ત વ્રત ઉધોપનની વિધી કરાવવામાં આવશે. તો જે બહેનોને આ વિધીમાં ભાગ લેવાનો હોય તેમણે પોતાના આ મોબાઈલ નંબર પર લખાવી દેવા. ભોપીબેન ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ વ્રત ઉધાપનની અન્ય માહિતી આપને ફોન પર આપવામાં આવશે.

**આજો પડવો**

તા. ૧૧–૧૦–૨૦૨૬ (પહેલુ નોરતુ)ના રોજ આજા પડવાની વિધી કરાવવામાં આવશે માટે જે બહેનોએ આ વિધી કરવવાની હોય તેમણે ઉપરોક્ત મોબાઈલ નંબર પર પોતાના નામ લખાવી દેવા.

**નવરાત્રી મહોત્સવ, સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા - લ્હાણી**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદના ત્રીજના ગરબા (૧) તા. ૧૩-૧૦-૨૦૨૬ના રોજ રાખેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને આ ગરબાની રમઝટ બોલાવવા અમારે અંતઃકરણપૂર્વકનું ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. (૨) વાર્ષિક સામાન્ય સભા - વેદમંદિર ખાતે પ્રથમ વાર્ષિક સામાન્ય સભા સાંજે ૭.૦૦ કલાકે ત્યારબાદ આરતી-અલ્પાહાર તથા ગરબાની રમઝટ સાથે માતાજીની પ્રસાદીરૂપ લ્હાણી આપવામાં આવશે. તો સંસ્થાના બધા જ આજીવન સભ્યોને ખાસ તાકીદની અપીલ કે સૌએ સાંજે ૭.૦૦ કલાકે અવશ્ય મીટીંગમાં હાજર રહેવું. સ્થળ - વેદ મંદિર, કાંકરીયા, અમદાવાદ

**શૈક્ષણિક ઈનામ વિતરણ - ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના**

તા. ૧૫-૧૦-૨૦૨૬ થી તા. ૧૮-૧૦-૨૦૨૬ સુધી દરરોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી ધો. ૧ થી ૧૨ તથા કોલેજના તમામ ક્ષેત્રમાં અભાસ કરતી દીકરીઓને આ લાભ આપવામાં આવશે તો આ ચાર દિવસ દરમ્યાન દરેક દીકરીઓ જે અભ્યાસ કરી પાસ થયેલ છે. તેઓએ પોતાની માર્કશીટની પાછળ એડ્રેસ-નામ-મોબાઈલ નંબર લખીને રૂબરૂ આવીને પોતાનું ઈનામ મેળવી લેવું. સ્થળ - રાજુ પૌઆ, શ્રી બેલાબેન દેસાઈ - પુષ્પકુંજ, કાંકરિયા, મણીનગર, અમદાવાદ. સમય - સાંજે ૫.૦૦ થી ૭.૦૦ની વચ્ચે.

**શ્રી સ્વ. મનહરબાળા વિઠ્ઠલરાય જે. ભટ્ટ પારિતોષીક-૨૦૧૭**

આ યોજના અંતર્ગત શ્રી સ્વ. વિઠ્ઠલરાય જે. ભટ્ટ દ્વારા આપવામાં આવેલ ટ્રસ્ટ ફંડના વ્યાજમાંથી મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરતી અને પાસ થયેલ દીકરીઓને પારિતોષિક રૂપે રોકડ ઈનામ આપવામાં આવે છે. તો આ દિકરીઓએ પોતાનું ઈનામ માર્કશીટ સાથે લાવીને મેળવી લેવું. ઉપરોક્ત સ્થળ-સમય મુજબ

**શ્રી ભારતીબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ટ્રસ્ટ ફંડ**

આ ટ્રસ્ટ ફંડ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન મળેલ છે જેના વ્યાજમાંથી દિકરીઓને ઈનામ આપવામાં આવશે. સંસ્થા તથા જ્ઞાતિ સમાજ શ્રી ભારતીબેન ત્રિવેદીનો ખૂબ ખૂભ આભાર માને છે.

**અગિયારસ વ્રત ઉદ્યાપન**

આગામી માગશર સુદ અગીયારસના દિવસે આ વ્રતઉદ્યાપનની વિધી શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા ઉજવવામાં આવશે. જે ભાઈ-બહેનોને ભાગ લેવાનો હોય તે ઉપરોક્ત મોબાઈલ પર પોતાના નામ લખાવી દેશો. તા. ૨૦-૧૨-૨૦૨૬, રવિવાર, સ્થળ - પુનિતાશ્રમ, સવારે ૮.૩૦ થી ૧.૩૦

**દર્શનાબેન ભટ્ટ**
**પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ**
**મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચ

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ ભરૂચ દ્વારા આયોજિત ગુજરાત રાજ્યના જ્ઞાતિના ગાયકો માટે ૧૫ ઓગસ્ટ ના રોજ બપોરે ૨ કલાકે પી. ડી. શ્રોફ હોલ રોટરી ક્લબ ભરૂચ ખાતે "સુહાને ગીત" કરાઓકે ગાયન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાતના અલગ અલગ શહેરમાંથી ૨૦ જેવા સ્પર્ધકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં અમુક સ્પર્ધકો તો ૬૦ વર્ષથી વધુ ઉંમરના સ્પર્ધકોનો પણ સમાવેશ હતો. સ્પર્ધકો એ ઉત્તમ ગીતોની પસંદગી કરી પોતાના સુર રેલાવીને કાર્યક્રમને ખરેખર "સુહાના" બનાવી દીધા હતા અને ગીતો ની સારી પ્રસ્તુતિ કરી હતી.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ભરૂચના સુકેતુભાઈ ઠાકર થતાં વડોદરાથી ગીરીશભાઈ કવિશ્વર એમને નિષ્પક્ષ અને ન્યાય પૂર્ણ નિર્ણયો આપ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન દર્શનાબેન વ્યાસ તથા દીપ્તિબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ખૂબ સફળતાપૂર્વક અને સુંદર આયોજનથી પૂર્ણ થયો. ત્યારબાદ વિજેતાઓની ઘોષણા કરવામાં આવી જેમાં પ્રથમ વિજેતા હેમાંગભાઈ દણાક વડોદરા રૂ. ૫૦૦૦/- રોકડા + વિજેતા ટ્રોફી + પ્રમાણપત્ર, દ્વિતીય વિજેતા ભાસ્કરભાઈ સેલત વડોદરા રૂ. ૩૫૦૦/- રોકડા + વિજેતા ટ્રોફી + પ્રમાણપત્ર, તૃતીય વિજેતા સોનલબેન ધ્રુવ અમદાવાદ રૂ. ૨૦૦૦ /- રોકડા + વિજેતા ટ્રોફી + પ્રમાણપત્ર આપવામાં આવ્યા. વિજેતાઓ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકો ને પ્રોત્સાહન રૂપે રૂપિયા ૫૦૦/- રોકડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ સફળ આયોજન માટે જ્ઞાતિજનો તરફથી પણ ઉદાર મનથી દાન સહયોગ રૂપે પ્રાપ્ત થયું. જેમાં રોકડ પ્રથમ પુરસ્કાર ૫૦૦૦/- રૂપિયા અતુલભાઇ ડોડીયા તરફથી, દ્વિતીય પુરસ્કાર ૩૫૦૦/- રૂપિયા, હર્ષભાઈ દવે તરફથી તૃતીય પુરસ્કાર ૨૦૦૦/- રૂપિયા પરેશભાઈ ભટ્ટ તરફથી પ્રાપ્ત થયેલ છે. વિજેતા ટ્રોફીના ૧૮૦૦/- રૂપિયા દીપ્તિબેન પરેશભાઈ ભટ્ટ તરફથી તથા તમામ સ્પર્ધકો માટેના પ્રમાણપત્રના ૭૦૦૦/- રૂપિયા રાજેન્દ્રભાઈ બી. ભટ્ટ તરફથી મળેલ છે તથા નિર્ણાયક અને સંચાલન માટે સ્મૃતિ ભેટના ડોનર રાકેશભાઈ દણાક તરફથી ૨૦૦૦/- મળેલ ત્યારબાદ જાહેરાત સ્વરૂપે ૧૫૦૦૦/-નું ડોનેશન તેમજ બાબારાવ દણાક ૧૫૦૦૦/-, મહેશભાઈ ઠાકર ૨૧૦૦/-, મિતેશભાઇ દવે ૩૦૦૦ /-, ઘનશ્યામભાઈ ભટ્ટ ૨૧૦૦/-, સુરેશભાઈ દવે ૨૦૦૦/-, ભરતભાઈ દવે ૧૫૦૦/-, સુકેતુભાઈ ઠાકર ૨૫૦૦/-, નિલેશભાઈ ઠાકર(બંસરી ટ્રાવેલ્સ )૨૫૦૦/-, ભાવેશભાઈ ઠાકર (હાલ કેનેડા) ૧૦૦૦/-, મયંકભાઇ ભટ્ટ ૧૫૦૦/-, દીપકભાઈ દવે ૨૧૦૦/-, ક્ષિતીજભાઈ પંડ્યા ૧૧૦૦/-, દીપેનભાઈ ભટ્ટ ૨૦૦૦/-, બિંદુભાઈ ભટ્ટ ૨૫૦૦/-, સાગરભાઇ ભટ્ટ ૧૫૦૦/-, અનિલભાઈ દવે ૫૦૦/-, અન્ય બ્રાહ્મણ તરફથી પ્રવીણભાઈ પુરોહિત ૫૦૦૦/- તેમજ સવાર ના નાસ્તા માટે ૪૦૦૦/- પ્રદીપભાઈ સેલત તથા ચા કોફીના ૧૧૦૦/- આયુષ દણાક ત્યારબાદ બપોરના ચા કોફીના ૨૫૦૦/- શૈલેષભાઈ દવે તરફથી મળેલ છે.

જ્ઞાતિ આપ સર્વે નો ખુબ ખુબ આભાર માને છે કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ જ્ઞાતિ આપ સર્વે નો ખુબ ખુબ આભાર માને છે કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ ટ્રસ્ટી તથા કમિટી સભ્યોનો પણ ખૂબ ખૂબ આભાર માને છે

| | | |
|---|---|---|
| **પરેશભાઈ ભટ્ટ** | **રાકેશભાઈ દણાક** | **અમરીશભાઈ દવે** |
| **ટ્રસ્ટી/ પ્રમુખ** | **ટ્રસ્ટી/ મા. મંત્રી** | **ઉપપ્રમુખ** |

નામ : ચિ. વત્સલ રૂદ્રાક્ષ જોષી (H1B)
ઊંચાઈ : ૫'–૮''
વજન : ૬૮ કિલો
જન્મ તારીખ : ૦૮–૦૮–૧૯૯૬
જન્મ સમય : –
જન્મ સ્થળ : વડોદરા
અભ્યાસ : B.Tech (I.T.), Vellore
વ્યવસાય : નોકરી
માસિક આવક : –
મૂળ વતન : ઉમરેઠ
માતાનું નામ : વિભા રૂદ્રાક્ષ જોષી
ભાઈ/બહેન : ૨–બહેન–પરણિત
મોસાળ : સ્વ. જયંતિલાલ ચુનીલાલ દવે, નડિયાદ
પિતા : રૂદ્રાક્ષ કુંદનલાલ જોષી
સરનામું : ડી–૨૯, સુંદરમ્‌નગર સોસાયટી, હોટલ તારા સન્સની બાજુમાં, યશ કોમ્પલેક્ષ પાછળ, ગોત્રી, વડોદરા–૩૯૦૦૨૧
મોબાઈલ નં. : ૯૮૨૫૮૩૨૧૮૧
ઈ–મેઈલ : –
સંપર્ક : ઉપર મુજબ
સરનામું : ઉપર મુજબ
ફોન નંબર : ઉપર મુજબ
પસંદગી : –
નોંધ : –

ગોત્ર : પૌનસ
નક્ષત્ર : રોહીણી–(૧)
રાશિ : વૃષભ
નાડી : અંત્ય
ગણ : મનુષ્ય
વર્ણ : વૈશ્ય
યોનિ : સર્પ
વર્ગ : ગરૂડ



| | | |
|---|---|---|
| Name | : | Chi. Dhairya Snehalkumar Bhatt |
| Height | : | 5’-8’’ |
| Weight | : | 80 Kg. |
| Birth Date | : | 30-12-1997 |
| Birth Time | : | 10.02 a.m. |
| Birth Place | : | Rajkot |
| Education | : | B. E. Electrical |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Bhavna Snehalkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | - |
| Father | : | Snehal Subhashchandra Bhatt |
| Address | : | C-16, Pratham Row House, Opp. Saraswati Vidyalay, B/h. Hone Park Appt., Maha Kavi Kalidas Marg, Adajan, Surat-395009 |
| Mobile No. | : | 9998221141, 9558801252 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Lankanas |
| Nakshatra | : | Purvashada |
| Rashi | : | Dhanu |
| Nadi | : | Madhya |
| Gan | : | Manav |
| Mangal | : | Yes |
| Shani | : | No. |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Trushit Mayankkumar Dave |
| Height | : | 5’-7’’ |
| Weight | : | 50 Kg. |
| Birth Date | : | 09-07-2003 |
| Birth Time | : | 11.27 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.R.S. (Agri.) |
| Profession | : | Business |
| Monthly Income | : | Rs. 30000/- |
| Native Place | : | Vaso |
| Mother Name | : | Krupaben Mayankkumar Dave |
| Borther/Sisters | : | 3-Sister, 2-Married, 1-Unmarried |
| Maternal Place | : | Late. Indravadan Himmatlal Thakar-A’bad |
| Father | : | Mayankkumar Jagdishbhai Dave |
| Address | : | 19 to 22, Narayan Society, Mahemdavad-387130 Dist. Kheda |
| Mobile No. | : | 9825713125, 9714983184 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Beautiful, Polite, Cultured, Sociable with a united family Spirit |

| | | |
|---|---|---|
| Gotra | : | શાંડીલ્ય |
| Nakshatra | : | સ્વાતિ |
| Rashi | : | તુલા |
| Nadi | : | અંત્ય |
| Gan | : | અસુર |
| Varna | : | શુદ્ર |
| Yoni | : | વ્યાઘ્ર |
| Varg | : | સર્પ |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. હિતેન અજયકુમાર શેલત |
| ઊંચાઈ | : | ૫'–૮'' |
| વજન | : | ૭૫ કિલો |
| જન્મ તારીખ | : | ૧૫–૧૨–૨૦૦૦ |
| જન્મ સમય | : | ૦૫.૫૫ સવારે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | એમ.બી.એ. |
| વ્યવસાય | : | બિઝનેસ |
| માસિક આવક | : | રૂ. ૫૦,૦૦૦/– |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | ભાવનાબેન અજય શેલત |
| ભાઈ/બહેન | : | ૧–ભાઈ–પરણિત |
| મોસાળ | : | – |
| પિતા | : | અજય રમેશચંદ્ર શેલત |
| સરનામું | : | એ–૧૦૧, ધ નેસ્ટ મેગો સિનેમા પાસે, નિકોલ, અમદાવાદ–૩૮૨૩૫૦ |
| મોબાઈલ નં. | : | ૯૦૨૩૯૨૧૯૫૯, ૮૯૮૦૭૭૯૦૨૪ |
| ઈ–મેઈલ | : | ajayshelat@yahoo.com |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | Well Educated, Well Oriented |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ઉપમન્યુ |
| નક્ષત્ર | : | આશ્લેષા |
| રાશિ | : | કર્ક |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | – |
| યોનિ | : | – |
| વર્ગ | : | શ્વાન |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Trusha Mayankkumar Dave |
| Height | : | 5’-4’’ |
| Weight | : | 86 Kg. |
| Birth Date | : | 09-07-2003 |
| Birth Time | : | 11.29 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | M.B.A. (H.R.) |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 20000/- |
| Native Place | : | Vaso |
| Mother Name | : | Krupaben Mayankkumar Dave |
| Borther/Sisters | : | 2-Sister, 2-Married, 1-Brother-Unmarried |
| Maternal Place | : | Late. Indravadan Himmatlal Thakar-A’bad |
| Father | : | Mayankkumar Jagdishbhai Dave |
| Address | : | 19 to 22, Narayan Society, Mahemdavad-387130 Dist. Kheda |
| Mobile No. | : | 9825713125, 9714983184 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Equitable Education, Sociable, Free-Spirited liberal Ideology |
| Gotra | : | શાંડીલ્ય |
| Nakshatra | : | સ્વાતિ |
| Rashi | : | તુલા |
| Nadi | : | અંત્ય |
| Gan | : | અસુર |
| Varna | : | શુદ્ર |
| Yoni | : | વ્યાઘ્ર |
| Varg | : | સર્પ |



# ॥ ચાલ્યાં ગયાં એ લોકો ॥

ચાલ્યાં ગયાં એ લોકો
પોતાના જીવનથી થાકીને નહીં
આપણી વાસી બનતી જતી જિંદગીથી કંટાળીને
એમને અણગમો હતો ઠંડાપણા તરફ
એમને ચીજોમાં જ નહીં
સંબંધોમાં પણ ઉષ્મા જરૂરી લાગતી
એ લોકો દિવસભરના ગરમાવાને
પોતાની ખરબચડી રેખાઓ વાળી મુઠ્ઠીઓમાં સમાવી લેતા
ઓઢી લેતા પોતાના પગના વાઢિયાની આસપાસ
કાલની સવાર લગી ચાલે એટલી ગરમી
એ બર્ફીલી રાત્રિઓમાં તાપણાથી નહીં
આની – તેની ચિંતાથી તપ્ત થતા
ચાલ્યાં ગયાં એ લોકો
જે બપોરે પધારેલા અતિથિને
રોકાઈ જવાનું કહેતા
એમ કહીને કે
રોકાઈ જાઓ
રાત પડવામાં છે
એટલું નક્કી કે એ લોકો
રાત્રિને આકાશથી નહીં
જમીનથી પારખતાં
એમને ખબર હતી
કે રાત્રિની ચાદર
હવામાં નથી વણાતી
એ આપણા મનમાં રચાતી – ગૂંથાતી હોય છે
ચાલ્યાં ગયાં એ લોકો
જેમને ઘરનો ખાલીપો
જીવનનો ખાલીપો લાગતો
અને જેમને મન ઘરના દ્વારનો સન્નાટો એટલે
આંખમાં ઊંડે સુધી સમાઈ જતો સુનકાર
એ લોકો હંમેશા આંખોથી ઉકેલતા
અંતરાત્માથી ક્યારેય નહીં
એમના આત્મા એમનામાં જ નહીં

સમગ્ર જગતના સચરાચરમાં બિરાજતા
એટલે જ તો
એ લોકો
પોતાના વડવાઓનાં મૃત્યુ બાદ પણ
એમને જોઈ શકતા
કોઈક ફૂલમાં
કોઈક જીવ - જંતુમાં
કોઈક પંખીમાં
કોઈક પશુમાં
અથવા ઘરની આસપાસ
તાજા જન્મેલા
કોઈક શિશુમાં...
- લક્ષ્મણ ગુપ્ત
- હિન્દી પરથી અનુવાદ : ભગવાન થાવરાણી

---

આ માત્ર એક હોસ્પિટલની વાત નથી, આ તો માનવતાના ધબકારાને જીવંત રાખતા એક ચિકિત્સકની ગાથા છે, જે વાંચ્યા પછી અનાયાસ જ મન પ્રાર્થના કરે - કાશ ! દરેક શહેરમાં આવા ડોક્ટર હોય.

થોડા સમય પહેલા મેં એક લેખ લખ્યો હતો. શીર્ષક હતું. "એક એવા ડોક્ટર જે દર્દીને હકીકતમાં દર્દીનારાયણ માને છે."

એ લેખમાં મેં ગોપાલ જનરલ હોસ્પિટલના ડૉ. સંજયભાઈ વિશે લખ્યું હતું. વરાછા ખાતે મારુતિ સર્કલ પાસે, સંતોષીનગર સામે, ભગીરથનગર સોસાયટી વિ-૧ ખાતે આવેલી આ હોસ્પિટલમાં થયેલા કેટલાક અનુભવો મેં શબ્દોમાં ઉતાર્યા હતા. ઘણા મિત્રોએ એ લેખ વાંચ્યો, ઘણા લોકોએ મને ફોન કરીને કહ્યું કે આવા માણસો વિશે વધુ લખતા રહેજો. ત્યારે મને પણ લાગ્યું હતું કે સમાજમાં સારું કરનાર માણસોની વાત સમાજ સુધી પહોંચવી જોઈએ.

ગઈકાલે ફરી એક વખત ત્યાં જવાનું થયું. કોઈ લેખ લખવાનો ઈરાદો નહોતો. ફક્ત મુલાકાત હતી. પરંતુ ઘણી વખત માણસ પુસ્તકમાંથી નથી શીખતો, માણસમાંથી શીખે છે. ગઈકાલે પણ ડૉ. સંજયભાઈ પાસેથી એવી એક વાત શીખવા મળી કે ઘરે આવ્યો પછી મન સતત એ જ વિચારમાં ડૂબેલું રહ્યું.

મને મનમાં થયું કે આજના બધા ડોક્ટરો જો આ એક વાત સમજી જાય તો દર્દીની અડધી પીડા તો દવા પહેલાં જ ઓછી થઈ જાય.

હું એમના દવાખાનામાં એમની સામેના સોફા પર બેઠો હતો. દર્દીઓની અવરજવર ચાલુ હતી. કોઈ ઉતાવળ નહોતી, કોઈ ઘોંઘાટ નહોતો. દરેક દર્દી સાથે વાત કરવાની એમની રીત જ અલગ હતી. એટલામાં આશરે પાંત્રીસેક વર્ષનો એક યુવાન અંદર આવ્યો. શરીરથી બાધેલો લાગતો હતો, પરંતુ ચહેરા પર ચિંતા સ્પષ્ટ દેખાતી હતી. હાથમાં તપાસના રિપોર્ટ હતા.

ડૉ. સંજયભાઈએ ખૂબ જ સ્નેહથી કહ્યું, "લાવો ભાઈ, રિપોર્ટ આપો."

રિપોર્ટ હાથમાં લઈને તરત જવાબ આપી દીધો હોત તો કદાચ એ પણ સામાન્ય સારવાર જ ગણાત. પરંતુ એમણે એવું કર્યું નહીં. પહેલા દર્દી સાથે વાત શરૂ કરી. શું તકલીફ થાય છે, ક્યારેથી થાય છે, ક્યાં બતાવ્યું હતું, ઘરમાં કોણ કોણ છે, શું કામ કરો છો... એક પછી એક પ્રશ્નો પૂછતા ગયા. દર્દી પણ ધીમે ધીમે ખુલતો ગયો.

લગભગ પાંચેક મિનિટ વાત કર્યા પછી ડૉ. સંજયભાઈએ ફરી રિપોર્ટ જોયા અને ખૂબ શાંતિથી કહ્યું, "ભાઈ, તમારો રિપોર્ટ એકદમ સામાન્ય છે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી."

એ સાંભળતાં જ પેલો યુવાન બોલ્યો, "સાહેબ... હું પહેલા એક જગ્યાએ ગયો હતો. ત્યાં તો મને કહ્યું કે તમને ટી.બી. છે."

આટલું બોલતા બોલતા એનો અવાજ ધીમો પડી ગયો. કદાચ ઘણા દિવસોથી એ ભય લઈને જીવતો હશે. ઘરમાં પણ બધા ચિંતામાં હશે. મનમાં કેટલા વિચારો આવ્યા હશે. માણસને ઘણી વખત બીમારી કરતાં બીમારીનો ડર વધારે ખાઈ જાય છે.

ડૉ. સંજયભાઈએ તરત જ એના ખભા પર પ્રેમથી હાથ રાખ્યો. પછી પીઠ પર હળવો ધબ્બો માર્યો અને હસીને કહ્યું, "અરે... કશું જ નથી. બિલકુલ મુંઝાતા નહીં. ભગવાન ઉપર ભરોસો રાખો. સામાન્ય દવાથી બધું સારું થઈ જશે."

હું બાજુમાં બેઠો હતો. મારી નજર દવા પર નહોતી. મારી નજર તો ડોક્ટરના શબ્દો પર હતી. એ પાંચ મિનિટમાં જે બન્યું, એ સારવાર નહોતી. એ માણસના મનમાંથી ભય કાઢવાની પ્રક્રિયા હતી. મને એક ક્ષણ માટે એવું પણ નહોતું લાગ્યું કે ડોક્ટર દર્દી સાથે વાત કરે છે. એવું લાગતું હતું કે જાણે મોટો ભાઈ પોતાના નાના ભાઈને સમજાવે છે.

દવા તો કદાચ કોઈપણ લખી આપે. પરંતુ દર્દીના મનમાં વિશ્વાસનું બીજ વાવવું દરેકના હાથની વાત નથી.

થોડી વાર પછી વાતો ચાલતી હતી ત્યારે ડૉ. સંજયભાઈએ ગઈકાલની જ બીજી ઘટના સંભળાવી.

તેમણે કહ્યું કે એક માડી પેટના ભારે દુખાવા સાથે આવી હતી. તપાસ કરતાં ખબર પડી કે આંતરડામાં સોજો છે. દવાથી ચાલે એવી સ્થિતિ નહોતી. દાખલ થવું જરૂરી હતું.

તેમણે ખૂબ સમજાવ્યું.

"માડી, દાખલ થઈ જાવ. સારવાર વગર સારું નહીં થાય."

પણ માડી વારંવાર એક જ વાત કહે, "ના બાપા... હું દાખલ નથી થવાની."

ડોક્ટર ફરી સમજાવે.

"આવી કોઈ જડીબુટ્ટી નથી કે હમણાં ખવડાવું અને તરત સારું થઈ જાય."

પણ માડી ના જ પાડે.

ઘણી વખત અનુભવ માણસને શબ્દો વગર પણ સત્ય કહી દે છે. ડૉ. સંજયભાઈએ માડીના ચહેરા પરથી જ સમજી લીધું કે બીમારી કારણ નથી, પૈસા કારણ છે.

એમણે બાજુમાં ઉભેલા દીકરા તરફ જોયું. પછી ખૂબ પ્રેમથી કહ્યું, "માડી... સાચું કહો. પૈસાની ચિંતા છે ને?"

માડી કંઈ બોલી નહીં.

ડૉ. સંજયભાઈ તરત બોલ્યા, "જો એની પાસે પૈસા નહીં હોય તો શું થયું? આજે હું પણ તમારો દીકરો જ છું. તમે સારવાર કરાવો. પૈસાની ચિંતા જરાય નહીં કરો."

આ શબ્દો સાંભળીને માડીની આંખો ભીની થઈ ગઈ. દીકરો પણ મૌન થઈ ગયો. પછી માડી દાખલ થઈ. આજે તેમની તબિયત ઘણી સારી છે.

આ ઘટના સાંભળ્યા પછી હું થોડો સમય કંઈ બોલી જ શક્યો નહીં.

આપણે ઘણી વખત વિચારીએ છીએ કે સારવાર પૈસાથી થાય છે. પરંતુ હકીકતમાં ઘણી સારવાર વિશ્વાસથી પણ થાય છે. દર્દી જ્યારે ડોક્ટરમાં પોતાનો માણસ જોઈ લે છે, ત્યારે એની અંદર જીવવાની ઇચ્છા પણ વધી જાય છે.

વાતચીત દરમિયાન ડૉ. સંજયભાઈએ એક બહુ સરસ વાત કહી. એમણે કહ્યું, "આજે મોટાભાગે ડોક્ટર પાસે સમય ઓછો છે. કામ પણ ઘણું છે. પણ દર્દી સાથે બે મિનિટ શાંતિથી, સૌમ્ય રીતે અને લાગણીથી વાત કરી લઈએ તો ઘણો ફરક પડે છે. દર્દીને વિશ્વાસ આવે છે કે કોઈ પોતાનું માણસ મારી વાત સાંભળે છે."

મને લાગ્યું કે આ વાક્ય ફક્ત ડોક્ટરો માટે નથી. દરેક માણસ માટે છે. ઘરમાં હોય, ઓફિસમાં હોય, સમાજમાં હોય કે હોસ્પિટલમાં... માણસને સૌથી વધારે જરૂર કોઈ વસ્તુની હોય તો એ છે લાગણીની.

આજના સમયમાં મોંઘી મશીનો વધી ગઈ છે, તપાસો વધી ગઈ છે, નવી નવી દવાઓ આવી ગઈ છે, પરંતુ દર્દીના ખભા પર હાથ રાખીને "મુંઝાતા નહીં, હું છું" કહેતા માણસો ઓછા થતા જાય છે.

અગાઉ જ્યારે મેં એમના વિશે લખ્યું હતું ત્યારે પણ અનેક ઘટનાઓ જોઈ હતી. એક વૃદ્ધ પોતાની સારવારના બાકી રહેલા પૈસા લઈને આવ્યા હતા. બોલતા બોલતા તેમની આંખમાં આંસુ આવી ગયા હતા. ત્યારે ડૉ. સંજયભાઈએ પૈસામાંથી પાંચસો રૂપિયા પાછા આપ્યા હતા, ઊભા થઈને તેમને ભેટ્યા હતા અને પાણી પીવડાવ્યું હતું. ઉપર જનરલ વોર્ડમાં દર્દીઓ પાસેથી કોઈ વોર્ડ ચાર્જ લેવામાં આવતો નથી. બહારગામથી આવેલા દર્દીઓને પણ પહેલા સારવાર અને પછી પૈસાની વાત એવો અભિગમ રાખવામાં આવે છે. એ વખતે મને લાગ્યું હતું કે આ માત્ર હોસ્પિટલ નથી, સેવાનું સ્થાન છે.

ગઈકાલે ફરી ગયો અને ફરી એ જ લાગણી લઈને પાછો આવ્યો.

ડૉ. સંજયભાઈને કદાચ મારી આ પ્રશંસાની કોઈ જરૂર નથી. ઈશ્વરની કૃપાથી તેમને દર્દીઓનો વિશ્વાસ મળ્યો છે. જ્યારે કોઈ માણસ વર્ષો સુધી સચ્ચાઈ, સરળતા અને સેવા સાથે કામ કરે છે, ત્યારે લોકો પોતે જ તેની પાસે પહોંચે છે. વિશ્વાસ કોઈ જાહેરાતથી મળતો નથી, વર્તનથી મળે છે.

હું કોઈનો પ્રચાર કરવા માટે લખતો નથી. હું તો માત્ર એટલું માનું છું કે સમાજમાં જે માણસો નિ:સ્વાર્થ રીતે સારું કામ કરે છે, તેમની વાત લોકો સુધી પહોંચાડવી એ પણ એક સેવા છે. કારણ કે આવી વાતો વાંચીને કદાચ કોઈ બીજો ડોક્ટર પણ પોતાના દર્દી સાથે બે મિનિટ વધુ પ્રેમથી વાત કરશે. કદાચ કોઈ યુવાન ડોક્ટર સમજશે કે દવા જેટલા જ કિંમતી શબ્દો

પણ હોય છે. કદાચ કોઈ દર્દીનો ભય ઓછી થઈ જશે.

જો આ લેખ વાંચ્યા પછી માત્ર એક જ ડોક્ટર પોતાના દર્દીને થોડો વધુ સમય આપે... જો માત્ર એક જ દર્દીને એવું લાગે કે "મારો ડોક્ટર મને સમજ્યો"... તો મને લાગશે કે આ લેખ લખવાનો હેતુ સફળ થયો.

ઈશ્વર ડૉ. શ્રી સંજયભાઈ અને તેમની સમગ્ર ટીમને વધુ શક્તિ આપે, વધુ સેવા કરવાની તાકાત આપે અને એમના હાથ દ્વારા હજારો દર્દીઓને આરોગ્ય મળે એવી હૃદયપૂર્વક પ્રાર્થના.

–જય દ્વારકાધીશ

---

"મોટી વહુ, જરા આ શાક ઠીક કરી લાવ. નાની વહુને તો શાક બનાવતા જ નથી આવડતું. કેવું પીળું-પીળું શાક બનાવ્યું છે. ન તો રંગ છે, ન સ્વાદ હશે." મહેશ બાબુએ જેવી ગુસ્સામાં પ્લેટ ટેબલ પર મૂકી, આખા ડાઇનિંગ હોલમાં સન્નાટો છવાઈ ગયો.

મોટી વહુ સુલેખા તરત જ રસોડા તરફ ચાલી ગઈ, જ્યારે નાની વહુ નેહા ચુપચાપ માથું ઝુકાવીને ઊભી રહી. તેની આંખો લાલ હતી, જાણે તે આખી રાત ઊંઘી ન હોય. સાસુ સાવિત્રી દેવીએ પણ નારાજ થઈને કહ્યું, "આજકાલની છોકરીઓ બસ મોબાઇલ ચલાવતા જ જાણે છે, ઘર સંભાળતા નહીં. અમારી ઉંમરમાં તો આખા પરિવારનું જમવાનું અમે એકલા જ બનાવી લેતા હતા."

નેહાએ કંઈક કહેવા માંગ્યું, પણ પછી પોતાના હોઠ ભીંસી લીધા. તેણે ધીમેથી પ્લેટ ઉપાડી અને કોઈની પણ સાથે નજર મિલાવ્યા વિના પાછી રસોડામાં જતી રહી. મોટી વહુ સુલેખા તેની પાછળ ગઈ તો જોયું કે નેહા ચુપચાપ શાકમાં મસાલા નાખતા પોતાના આંસુ લૂછી રહી હતી

સુલેખાએ ધીમેથી પૂછ્યું, "શું થયું નેહા? આજે તું ખૂબ જ પરેશાન લાગી રહી છે." નેહાએ પરાણે હસવાનો પ્રયાસ કર્યો અને બોલી, "કંઈ નથી દીદી... બસ ભૂલ થઈ ગઈ." સુલેખા સમજી ગઈ કે વાત માત્ર શાકની નથી, પણ તેણે વધારે કંઈ પૂછ્યું નહીં.

બીજી તરફ મહેશ બાબુ હજુ પણ નારાજ હતા. તેમણે ગુસ્સામાં કહ્યું, "જેને બે સમયનું શાક બનાવતા નથી આવડતું, તે આ ઘરની જવાબદારી શું સંભાળશે?" આ વાત નેહાએ પણ સાંભળી લીધી. તેની આંખમાંથી એક આંસુ સરી પડ્યું, પણ તેણે પલટીને કોઈ જવાબ ન આપ્યો. જમવાનું પૂરું થયા પછી તે ચુપચાપ પોતાના રૂમમાં જતી રહી. કોઈએ ધ્યાન ન આપ્યું કે તેણે પોતે એક કોળિયો પણ ખાધો ન હતો.

બીજા દિવસે પણ એવું જ થયું. નેહા સવારે સૌથી પહેલા ઊઠી, આખા ઘરની સફાઈ કરી, બધા માટે ચા બનાવી, કપડાં ધોયા અને પછી જલ્દી-જલ્દી રસોડાના કામમાં લાગી ગઈ. પણ તેનો ચહેરો પહેલા કરતાં પણ વધારે થાકેલો લાગી રહ્યો હતો. મહેશ બાબુએ ફરી મેણું માર્યું, "કામ તો કરતી રહે છે, પણ મન ક્યાંક બીજે જ રહે છે." નેહાએ આ વખતે પણ કંઈ ન કહ્યું.

એ જ સાંજે અચાનક નેહાના મોબાઇલ પર એક કૉલ આવ્યો. તેણે નંબર જોતાં જ ગભરાઈને ફોન ઉપાડ્યો અને જલ્દીથી ઘરની બહાર જતી રહી. સુલેખાની નજર તેના પર

પડી. તેણે જોયું કે ફોન પર વાત કરતાં કરતાં નેહાની આંખોમાંથી સતત આંસુ વહી રહ્યા હતા. થોડીવાર પછી તેણે કબાટ ખોલ્યો, પોતાના લગ્ન સમયની સોનાની બે બંગડીઓ કાઢી, તેને કપડામાં લપેટી અને કોઈને પણ કહ્યા વગર ઘરની બહાર નીકળી ગઈ. આ બધું સુલેખાએ બારીમાંથી જોઈ લીધું. તેને કંઈ સમજાયું નહીં, પણ તેના મનમાં એક અજીબ બેચેની જરૂર ઊભી થઈ ગઈ. તેને બિલકુલ અંદાજ ન હતો કે નેહા જે સત્યને આટલા દિવસોથી એકલી પોતાની છાતીમાં દબાવીને જીવી રહી હતી, તે સત્ય જ્યારે સામે આવશે ત્યારે આ ઘરના દરેક સંબંધની પરિભાષા બદલાઈ જશે..રાતના લગભગ સાડા દસ વાગ્યા હતા. ઘરના બધા લોકો સૂઈ ગયા હતા, પણ સુલેખાની આંખોમાં ઊંઘ ન હતી. સાંજે તેણે નેહાને ઘરમાંથી નીકળતા જોઈ હતી અને તેના મનમાં વારંવાર એ જ વાત ઘૂમી રહી હતી. તેણે ચુપચાપ મહેશ બાબુને કહ્યું, "પિતાજી... મને લાગે છે કે નેહા કોઈ મોટી પરેશાનીમાં છે." પહેલા તો મહેશ બાબુએ વાતને ટાળી દીધી, પણ જ્યારે સુલેખાએ તેમને બધી વાત કહી તો તેઓ પણ ચિંતિત થઈ ગયા. બંને કોઈને પણ કહ્યા વગર નેહાની પાછળ નીકળી પડ્યા.

થોડીવાર પછી તેમણે જોયું કે નેહા એક સરકારી હોસ્પિટલની બહાર ઊભી હતી. તેના હાથમાં એ જ કપડાની પોટલી હતી જેમાં તેણે પોતાની સોનાની બંગડીઓ રાખી હતી. તે સીધી હોસ્પિટલના બિલ કાઉન્ટર પર ગઈ, પોટલી ખોલી અને ધ્રૂજતા હાથે પોતાની બંગડીઓ કર્મચારીને આપતા બોલી, "ભૈયા... આને વેચીને જેટલા પૈસા મળે, તે મારા પિતાજીની સારવાર માટે જમા કરી દો. ડૉક્ટરે કહ્યું છે કે જો આવતીકાલ સવાર સુધીમાં પૈસા જમા ન થયા તો ઓપરેશન નહીં થઈ શકે."

આ સાંભળતા જ મહેશ બાબુના પગ નીચેથી જમીન ખસી ગઈ. તેમને પહેલીવાર ખબર પડી કે નેહા છેલ્લા ઘણા દિવસોથી પોતાના બીમાર પિતાની સારવાર માટે હોસ્પિટલના ચક્કર લગાવી રહી હતી. તે આખી રાત ત્યાં જ રહેતી, સવારે ઘરે પાછી ફરીને કોઈને કંઈ કહ્યા વિના આખા પરિવારનું કામ કરતી અને પછી કોઈક રીતે હસવાનો પ્રયાસ કરતી. આ જ થાક અને ચિંતાને કારણે તે દિવસે શાકમાં મસાલા ઓછા પડ્યા હતા. મહેશ બાબુની આંખો સામે સવારનો પોતાનો ગુસ્સો ઘૂમવા લાગ્યો—"નાની વહુને તો શાક બનાવતા જ નથી આવડતું..." તેમને પોતાના જ શબ્દો તીરની જેમ વાગવા લાગ્યા.

ત્યારે જ ડૉક્ટર બહાર આવ્યા અને બોલ્યા, "પૈસાની વ્યવસ્થા થઈ ગઈ છે, હવે ઓપરેશનની તૈયારી શરૂ કરી દઈએ છીએ." આ સાંભળતા જ નેહાએ રાહતનો શ્વાસ લીધો અને ત્યાં જ બેસીને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. તે વારંવાર ભગવાનનો આભાર માની રહી હતી.

ત્યારે જ મહેશ બાબુ તેની સામે આવીને ઊભા રહી ગયા. નેહા ગભરાઈ ગઈ. તેણે જલ્દીથી આંસુ લૂછ્યા અને માથું ઝુકાવી દીધું. પણ આ વખતે મહેશ બાબુની આંખોમાં ગુસ્સો નહીં, માત્ર પસ્તાવો હતો. તેમણે ધ્રૂજતા હાથે નેહાના માથા પર હાથ મૂક્યો અને ભરાયેલા અવાજે બોલ્યા, "દીકરી... મને માફ કરી દે. હું તારી એક ભૂલ જોતો રહ્યો, પણ તારું દર્દ ક્યારેય ન જોઈ શક્યો. જે વહુને હું જમવાનું બનાવતા નથી આવડતું કહીને બધાની સામે વઢી

રહ્યો હતો, એ જ વહુ પોતાના પિતાનો જીવ બચાવવા માટે પોતાના ઘરેણાં સુધી વેચી રહી હતી અને ઘરમાં કોઈને અહેસાસ પણ ન થવા દીધો."

આ સાંભળીને નેહા પણ રડી પડી. તેણે કહ્યું, "પિતાજી હું નહોતી ઈચ્છતી કે મારા કારણે આ ઘરમાં કોઈ પરેશાન થાય. એટલે મેં કોઈને કંઈ ન જણાવ્યું." મહેશ બાબુ પોતાને રોકી ન શક્યા. તેમણે નેહાને દીકરીની જેમ ગળે લગાવી લીધી.બીજા દિવસે જ્યારે ઓપરેશન સફળ થઈ ગયું ત્યારે મહેશ બાબુએ હોસ્પિટલનો પૂરો ખર્ચ પોતાના હાથે જમા કર્યો. ઘરે પાછા ફરતા જ તેમણે આખા પરિવારને બેઠકમાં બોલાવ્યા. બધા હેરાન હતા કે આખરે વાત શું છે. મહેશ બાબુ ઊઠ્યા, નેહા પાસે ગયા અને બધાની સામે તેના હાથ જોડીને બોલ્યા, "આજે હું આ ઘરની નાની વહુની માફી માંગુ છું. મેં સચ્ચાઈ જાણ્યા વિના તેને ઘણું બધું કહી દીધું. પણ આજે મને સમજાયું છે કે કોઈ માણસને તેની એક ભૂલથી નહીં, તેના ત્યાગથી ઓળખવો જોઈએ."

આટલું કહીને તેમણે નેહાનો હાથ પકડીને તેને પોતાની પાસે બેસાડી લીધી. સાવિત્રી દેવીની આંખોમાંથી પણ આંસુ વહેવા લાગ્યા. તેમણે નેહાને ગળે લગાવતા કહ્યું, "દીકરી આજથી તું માત્ર આ ઘરની વહુ નથી, મારી દીકરી છે." સુલેખા મલકાઈ રહી હતી. તેણે કહ્યું, "હું પહેલેથી જ જાણતી હતી કે નેહાના દિલમાં કોઈ રાજ છે, પણ આટલો મોટો ત્યાગ હશે, એ નહોતું વિચાર્યું."

તે દિવસે પહેલીવાર આખા પરિવારે સાથે બેસીને જમ્યું. આ વખતે શાક એ જ હતું જે નેહાએ બનાવ્યું હતું. મહેશ બાબુએ પહેલો કોળિયો ખાતા જ હસીને કહ્યું, "આજે સમજાયું. સ્વાદ શાકમાં નહીં, તેને બનાવનારના દિલમાં હોય છે." આ સાંભળતા જ નેહાની આંખોમાંથી ફરી આંસુ નીકળી આવ્યા, પણ આ વખતે આ દર્દના નહીં, પરંતુ પોતાનાપણાના આંસુ હતા.

તે દિવસે મહેશ બાબુએ પોતાની ડાયરીમાં એક વાત લખી – "સંબંધોનો સૌથી મોટો દુશ્મન ભૂલ નહીં, પણ ઉતાવળમાં લેવાયેલો નિર્ણય હોય છે. જો આપણે કોઈને પારખતા પહેલા તેની મજબૂરી સમજી લઈએ, તો કદાચ કોઈ પોતાનું ક્યારેય પારકું ન લાગે."

અને સાચું આ જ છે... ઘણીવાર આપણને કોઈની થાળીમાં મીઠું ઓછું દેખાય છે, પણ તેના જીવનમાં છુપાયેલું દર્દ દેખાતું નથી. એટલા માટે કોઈના એક દિવસને જોઈને તેના પૂરા ચરિત્રનો નિર્ણય ક્યારેય ન કરવો જોઈએ, કારણ કે દરેક હસતા ચહેરા પાછળ એક એવી વાર્તા હોઈ શકે છે, જેને તે દુનિયાથી છુપાવીને જીવી રહ્યો હોય.

## ડોક્ટરની ડાયરી

**– ડોક્ટર શરદ ઠાકર**

હું રાત્રિ ભોજનનો પ્રથમ જ કોળિયો મોંમાં મૂકવાની તૈયારીમાં હતો ત્યાં મારી નજર મારી સામેનાં પણ દસેક ફીટ દૂરના ટેબલ–ખુરશી તરફ પડી. એક ઊંચો, તગડો, વયોવૃદ્ધ વિદેશી પુરુષ કંઈક ન સમજાય તેવું વર્તન કરી રહ્યો હતો. મેં મારી બાજુની ખુરશીમાં બેસીને ફાઇવ સ્ટાર ડિનરનો આનંદ માણી રહેલા મારા પુત્રને કોણી મારીને ઇશારો કર્યો,

'જસ્ટ ઓબ્ઝર્વ હિમ. પછી મને કહે કે તને શું લાગે છે?'

મારો પુત્ર તાજો જ એમ.બી બી.એસ. થયો હતો. મેં એને પણ નિદાનના કામમાં જોતરી દીધો. અમે એ વિદેશી પર્યટકનું બારીકીથી નિરીક્ષણ કરતા રહ્યા.

એની ઉંમર સાઠ કે પાંસઠની હોવી જોઇએ. ચહેરો લંબચોરસ, ત્વચા ગોરી. વચ્ચે વચ્ચે પાક્કા સફરજનની છાલ જેવી લાલ ચૂમકીઓ ઊપસી આવી હતી. વસ્ત્રોમાં વિદેશીઓના ટ્રેડ માર્ક જેવાં ટી–શર્ટ અને ચડ્ડો. પગમાં મોજાં વગર સ્પોર્ટ્સ શૂઝ પહેરેલાં હતાં. સામે ટેબલ પર કાચની પ્લેટમાં નોનવેજ વાનગીઓ હતી અને બાજુમાં વાઇનનો ગ્લાસ હતો, પણ આ બધું તો સામાન્ય હતું, જો કંઇ અસામાન્ય હતું તો એ તેનું વર્તન હતું. એના ચહેરા પર દુનિયાભરની ઉદાસી છવાયેલી હતી, એની આંખોમાં આંસુ હતાં. થોડી થોડી વારે તે ટિશ્યૂ પેપરથી પોતાની આંખો લૂછી રહ્યો હતો. પછી ઉપર છત તરફ જોઇને એ કશુંક બબડી લેતો હતો. પછી પાછો વર્તમાનમાં આવીને વાઇનનો ગ્લાસ ઉઠાવીને બે ઘૂંટડા ભરી લેતો હતો. પછી ગ્લાસ નીચે મૂકીને માથું ઝટકાવીને બે–ચાર ઊંડા નિસાસા મૂકી લેતો હતો.

'યોર ઇન્ફરન્સ, પપ્પા ?'

મારા દીકરાએ પૂછ્યું. હું હસ્યો.

'બે–ત્રણ શક્યતાઓ લાગી રહી છે, કાં તો આ ધોળિયાની ઘરવાળી મરી ગઈ હોવી જોઈએ અથવા એનો દીકરો. કશુંક ભયંકર અઘટિત બન્યું છે એટલું નક્કી છે. એ સિવાય આ કાકો આ રીતે જિંદગી હારી ગયો હોય એવું વર્તન કરે નહીં. પ્રેમલગ્ન થવા જેટલી નાની એની ઉંમર દેખાતી નથી. આર્થિક નુકસાનને એ લોકો આપણી જેમ બહુ ગંભીરતાથી લેતા નથી હોતા. એ ફરવા માટે આવ્યો હોય અને એનો સામાન ચોરાઈ ગયો હોય તો એમાં એ આટલી હદે હતાશ થાય નહીં. કદાચ એનો પાસપોર્ટ ગુમ થયો હોઈ શકે, પણ આ બધી શક્યતાઓ છે, નિદાન કન્ફર્મ થતું નથી. તને શું લાગે છે?'

'મને તો એક જ શક્યતા દેખાય છે.. આ ધોળિયો આપણા દેશમાં ફરવા માટે આવ્યો હશે. એ દરમિયાન ક્યાંક મિનરલ વોટરને બદલે માટલાનું પાણી પિવાઈ ગયું હશે. એના કારણે આંતરડાંમાં ઇન્ફેક્શન લાગી ગયું હશે. હવે પેટમાં ફટાકડા ફૂટી રહ્યા હશે. એને ચોક્કસ ડાયેરિયા થયો લાગે છે, માટે તો એ ભર્યા ભાણે જમ્યા વગર બેસી રહ્યો છે. ખાલી વાઇનના ઘૂંટડા ભરી રહ્યો છે. ધિસ ઇઝ માય ડાયગ્નોસિસ.'

મને દીકરાના નિદાનમાં પણ વજૂદ જેવું લાગ્યું. વિદેશી પ્રવાસીઓ ભારતમાં બે જ ચીજથી ડરે છે, મચ્છર કરડવાથી અને પેટની ગરબડથી. એ લોકોને આપણી સારવાર પદ્ધતિમાં વિશ્વાસ નથી હોતો અને જો તાવ કે ઝાડા વધી જાય તો આ અજાણ્યા દેશમાં એમની હાલત કેવી થાય? વાત આપણી જેમ એ લોકો જૂથમાં પ્રવાસે નીકળતા નથી, એકલા જ નીકળી પડે છે. એટલે જ જ્યારે માંદા પડે છે ત્યારે અસહાય બની જાય છે.

બહુ વધુ સમય નથી થયો આ ઘટનાને. ગયા ડિસેમ્બરની જ વાત છે. હું સપરિવાર કેરાલાના પ્રવાસે ગયો હતો. આવી રીતે બે–ત્રણ અઠવાડિયાં માટે રખડવા જવાનો ન તો મને શોખ છે, ન મારી પાસે એટલો સમય છે. ભાષણો માટે ગુજરાતભરમાં દસ–દસ વાર પ્રવાસો ખેડતો રહ્યો છું. હવે એ પણ ઓછાં કરી દીધાં છે. હવે અંતરયાત્રા શરૂ થઈ ગઈ છે, પણ પત્નીના આગ્રહને માન આપીને ગયા ડિસેમ્બરમાં હું કેરાલા જવા માટે તૈયાર થઈ ગયો હતો.

ત્યાં મુન્નાર ખાતેની હોટલમાં રાત્રિભોજન વેળા આ પ્રસંગે બન્યો હતો. દરદીઓથી કંટાળીને દૂર ભાગવાનું કદાચ મારા નસીબમાં જ લખાયેલું નથી. અમદાવાદ છોડીને કેરાલા આવ્યો તો આ એકલો–અટૂલો ધોળિયો મળી ગયો. એની હાલત જોઈને હું બેસી રહી શક્યો નહીં. ઊભો થયો ત્યારે મારા દીકરાએ મને ચેતવ્યો.

'પપ્પા, રહેવા દો, આ લોકોને એમની અંગત જિંદગીમાં આવું, ઇન્ટરફીઅરન્સ ગમતું નથી હોતું.'

'એ એમનો 'પ્રોબ્લેમ' છે, મારો નહીં. મારા દેશમાં તો હું મારા સંસ્કાર અને મારી પરંપરા પ્રમાણે જ વર્તીશ. એને ગમે કે ન ગમે એની પરવા હું શા માટે કરું? ચાલ, તું પણ મારી સાથે.'

આટલું કહીને હું ચાલવા માંડયો.

મારી પાછળ મારો પુત્ર પણ ઊભો થઈ ગયો.

'એક્સ્ક્યુઝ મી.' મેં એના ટેબલ પાસે જઈને મૃદુ સ્વરમાં પૂછ્યું,

'મેં આઇ બી ઓફ એની હેલ્પ ટુ યુ? યુ એપરન્ટલી સીમ ટુ બી ઇન સમ બિગ ટ્રબલ.'

એણે ચમકીને મારી સામે જોયું.

વ્હોટ સોર્ટ ઓફ હેલ્પ યુ કેન રેન્ડર ટુ મી ? ડુ યુ નો એની ડોક્ટર ઇન ધી વિસિનિટી? (તમે મને શી મદદ કરી શકો તેમ છો? તમે નજીકના કોઇ ડોક્ટરને ઓળખો છો ?)

'હા, ઓળખું છું. એક નહીં, બબ્બે ડોક્ટર્સને હું ઓળખું છું. એ પણ તમારી સાવ નજીકમાં જ હાજર છે. ઇન ફેક્ટ, અત્યારે તમે એમાંના એકની સાથે વાત કરી રહ્યા છો.'

વાતચીત અંગ્રેજીમાં ચાલી રહી હતી.

'ઓહ, માય ગોડ જિસસ,

હાઉ મચ શૂડ આઇ થેંક્ર યુ?'

એ બબડ્યો. પછી કરગરતો હોય એવા અવાજમાં મને પૂછી રહ્યો...

'તમે પણ આ હોટલમાં ઊતર્યા છો? તમે મારા રૂમ પર આવવાની મહેરબાની કરી શકો ખરા ?'

'અવશ્ય અને અત્યારે જ.'

મેં મારા ટેબલ તરફ નજર ફેંકી, ત્યાં મારી પત્ની બેઠી હતી. ભોજન મારી પ્રતિક્ષા કરતું હતું અને પત્ની પણ. મેં ઇશારાથી કહી દીધું,

'તું જમવાનું ચાલુ કરી દે.

અમે હમણાં આવ્યા.'

ધોળિયો લિફ્ટમાં અમને પાંચમા ફ્લોર પરના એના કમરામાં લઈ ગયો. હું જોઈ શક્યો કે એ ચાલતી વખતે સહેજ લંગડાતો હતો. રૂમમાં ગયા પછી એણે કારણ જણાવ્યું.

'હું આયર્લેન્ડથી આવું છું. એક મહિના માટે ઇન્ડિયા ફરવા માટે આવ્યો છું. યોર્સ ઇઝ એ બ્યુટિફુલ કન્ટ્રી. તમે માનશો? કેરાલામાં મેં કેટલા ફોટોગ્રાફ્સ પાડયા હશે? પૂરા બે હજાર અને આ તો હજુ મને ઓછા પડે છે. હજી તો કેટલું બધું જોવાનું રહી જાય છે? પણ ઓહ આ તકલીફ.'

આમ કહીને એણે એનો જમણો પગ ઊંચો કર્યો. પછી પગના તળિયાની વચ્ચોવચ એનો હાથ મૂકીને એણે કહ્યું,

‘ગઈ કાલથી આ જગ્યાએ મને અસહ્ય દુખાવો થાય છે. જો આમ જ ચાલ્યું, તો મારે ભારત છોડીને સીધા ઘરભેગા થઈ જવું પડશે. કેન યુ હેલ્પ મી, ડોક. પ્લીઝ ?’

મેં એના પગના તળિયા પર એક ચોક્કસ બિંદુ પર આંગળી મૂકીને સહેજ દબાણ આપ્યું. ધોળિયો ચીસ પાડી ઊઠયો.

‘ધેટ્સ ધી પોઇન્ટ, સર, ધેટ્સ ધી પોઇન્ટ.’

‘તમે અહીં ફરો છો કેવી રીતે ?’

મેં એક જ પ્રશ્ન પૂછ્યો જે મને સાચા નિદાન તરફ દોરી જવાનો હતો.

‘હું બાઇસિક્લ ઉપર ફરું છું. જ્યાં જાઉં છું ત્યાં ભાડે કરી લઉં છું, રોજના સો-એક કિ.મી. જેટલું સાઇક્લિંગ કરતો હોઈશ.’

‘કાલથી બંધ કરી દેજો. આ ઇન્ડિયા છે. તમારું આયર્લેન્ડ નથી. અહીંના પહાડી રસ્તાઓ અને અહીંની ભાડૂતી સાઇકલો તમને ખતમ કરી નાખશે. હું હાલ પૂરતી બે ટેબ્લેટ્સ આપું છું. તાત્કાલિક રાહત થઈ જશે. બાલદીમાં ગરમ પાણી ભરીને એમાં પગ ડુબાડી રાખજો. હું આપું, તે મલમ લગાવજો. પગને સંપૂર્ણ આરામ આપજો. બે દિવસમાં દોડતા થઈ જશો, પણ દોડતા નહીં. હવે પછી કાર કે જીપમાં જ ઘૂમવાનું રાખજો. ચાલો, નીચે વાઇનનો અધૂરો ગ્લાસ તમારી વાટ જુએ છે.’

ડોસો ગાદલા પર પડેલું વોલેટ લઇ આવ્યો. અંદરથી યુરો કાઢવા લાગ્યો,

’યોર ફીસ, ડોક? તમે મને સારવાર આપી. મારા રૂમ પર ’વિઝિટ’ કરી. દવાઓ પણ તમે જ આપી રહ્યા છો અને એ પણ આવા ’ઓડ્ડ’ સમયે. વ્હોટ શૂડ આઇ ?’

મેં એના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, ‘આ તમે હમણાં જે કંઈ કારણો ગણાવ્યાં તે ફી લેવા માટેનાં કારણો છે. હવે ફી ન લેવાનાં કારણો હું ગણાઉં છું. એક, તમે મારી પાસે સારવાર કે સહાય માગી ન હતી. હું સામે ચાલીને તમારી પાસે આવ્યો હતો. બીજું, આપણી વચ્ચે ડોક્ટર-દર્દીનો કોઈ સંબંધ સ્થાપિત થયો નથી. ત્રીજું, આ હોટલ છે, મારું દવાખાનું નથી અને છેલ્લું પણ સૌથી મહત્ત્વનું કારણ તમે આ દેશમાં મહેમાન બનીને આવ્યા છો. મેં માત્ર માનવધર્મ અને આતિથ્ય -ધર્મ નિભાવ્યો છે. અમારા દેશમાં આ બે વાત માટે કોઈ જ ફી લેવામાં નથી આવતી. લેટ અસ, ગો બેક ટુ ધી રેસ્ટોરાં, વાઇન ઇઝ વેઇટિંગ ફોર યુ, ...એન્ડ વાઇફ ઇઝ વેઇટિંગ ફોર મી.’

અમે ત્રણેય લિફ્ટ તરફ જવા માટે ઊભા થયા. હું મારા દીકરાના કાનમાં ગણગણ્યો ‘આ ઘટના યાદ રાખજે.. એક ડોક્ટરના જીવનમાં ક્યારેય હોલિડેઝ નથી હોતા. વન્સ યુ આર એ ડોક્ટર, યુ ડોક્ટર એની વ્હેર, એની ટાઇમ.’

---

ખૂટતો રંગ મેળવવાનો પ્રયાસ એટલે જ જીવન !

કુછ નશા તો આપ કી બાત કા હૈ, કુછ નશા ધીમી બરસાત કા હૈ
હમે આપ યું હીં શરાબી ન કહીએ, યે નશા તો પહેલી મુલાકાત કા હૈ !

પંકજ ઉધાસની આ ગઝલમાં પ્રેમિકા સાથેની પ્રથમ મુલાકાતનું બખૂબી મહત્વ દર્શાવ્યું છે.

આમ પણ જીવનમાં "પ્રથમ" નું મહત્વ અનહદ હોય છે જેમ કે,

મોસમનો પ્રથમ વરસાદ

પહેલી દોસ્તી

પહેલો પ્રેમ

પહેલું એકાંત

પહેલી સફળતા

પહેલો પગાર

યુવાનીમાં "પ્રથમ" નું મહત્વ ઘણું છે, પણ એ "પ્રથમ" ની યાદોને વાગોળીને જીવન જીવી શકાતું નથી.

જો પ્રથમ પ્રેમમાં નિષ્ફળતા મળી હોય તો એની યાદમાં આંસુ સારીને બેસી રહેવા માટે જીવન નથી મળ્યું.

બોર્ડની પરીક્ષામાં નિષ્ફળતા મળી છે, તો એ નિષ્ફળતાને ગળે વળગાડીને ફરવા માટે જીવન નથી મળ્યું..પરંતુ ફરીથી વધારે મહેનત કરીને પરીક્ષા આપવા માટે જીવન મળ્યું છે.

પહેલી વારના બિઝનેસમાં જ કોઈ પછડાટ ખાધી હોય તો ફરીથી બેઠા થવાનો પ્રયાસ કરવા માટે જીવન મળ્યું છે.

જીવન ક્યારેય એકધારા લયમાં વહેતું નથી. ખરેખર તો મોટા થઈએ પછી જીવનના સિલેબસનું પ્રથમ પગથિયું જ વિષાદયોગ છે!

વિષાદયોગનું ઉદભવસ્થાન મોટેભાગે ક્યાંકને ક્યાંક મળેલી નિષ્ફળતા જ હોય છે. જીવનમાં મળેલી નિષ્ફળતાને જે વ્યક્તિ મન પર હાવી થવા ન દે, એ જ સફળતાના શિખર પર પહોંચે છે.

જીવનની સફરના મુખ્ય ચાર પડાવ એટલે બાળપણ, યુવાની, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા.

બાળપણને બાદ કરતાં બાકીની ત્રણેય અવસ્થા કઈ રીતે જીવવી જોઈએ એ વ્યક્તિની સમજણ પર આધાર રાખે છે. અલબત્ત એમાં સંજોગોનો ફાળો નકારી ન શકાય.

જો કે, દ્રઢ મનોબળ વાળી વ્યક્તિ સંજોગો ને પણ ગણકાર્યા વગર ખુદના પેશનને વળગી રહેતી હોય છે.

જીવન સમયનું બનેલું હોય છે. જે વ્યક્તિ સમયને સાચવે છે, એને સમય પણ સાચવી લે છે. આપણે જે કાંઈ પ્રાપ્ત કરીએ છીએ એ સમયના બદલામાં જ મળેલ હોય છે. સમયની કદર કરનાર વ્યક્તિ જ જીવનમાં કાંઈક બની શકે છે...કાંઇક મેળવી શકે છે. જે માણસ સમયને વાવે છે તેને ક્યારેય વીતી ગયેલા જીવન માટે પસ્તાવાનો વારો આવતો નથી.

સમયને વાવનાર વ્યક્તિ વૃદ્ધની સાથે સમૃદ્ધ પણ બને છે!

સારા સમયમાં સમયને માણી લેતાં અને નરસા સમયમાં સમયને સાચવી લેતા જેને આવડે છે એ જ જિંદગીને ખરેખર જીવી જાણે છે.

દરિયો એકલો જ હોય છે છતાં ઘુઘવાટ કરતો હોય છે. એ ઘુઘવાટ જ એની સ્વસ્થતાનું પ્રમાણ છે.

દરેકને પોતાનું અલગ એકાંત હોય છે. જીવનને જોવાની દરેકની અલગ અલગ ફિલોસોફી હોય છે! કોઈના માટે જીવન એક ઉત્સવ છે તો કોઈના માટે જીવન એક સાહસ છે. હકીકતમાં જીવનનું કોઈ ગણિત નથી. માણસની ધારણા પ્રમાણે કશું જ થતું નથી. સુખ અને દુ:ખની ઘટમાળ વચ્ચે વહી જતો સમય એ જ જીવન છે. માણસે તો માત્ર અંદરની શાંતિ ન જોખમાય એની જ તકેદારી રાખવાની હોય છે.

માનસિક શાંતિના ભોગે મેળવેલ લાખ પણ રાખ બરોબર છે!

જીવનની સરખામણી ધુમ્મસની સાથે થઇ શકે. ધુમ્મસમાં જેમ જેમ આપણે ડગલાં માંડતા જઈએ તેમ તેમ આગળનો રસ્તો દેખાતો જાય. જીવનનું પણ એવું જ છે ભવિષ્યમાં શું બનશે એ માણસ ક્યારેય જાણી શકતો નથી.

સો વાતની એક વાત બધાને બધું નથી મળતું.

કોઈના પણ જીવનમાં મેઘધનુષના તમામ સાત રંગની હાજરી હોતી નથી. દરેકના જીવનમાં કોઈ એકાદ રંગ તો ખૂટતો જ હોય છે..બસ એ ખૂટતો રંગ મેળવવાનો પ્રયાસ એટલે જ જીવન.

– પ્રફુલ્લ કાનાબાર

## વલોપાત – લઘુકથા

"સ્મિતા, બહાર આવ હવે ! ક્યાં સુધી આમ અંધારા રૂમમાં ભરાઈને બેસી રહીશ? બહાર આવીને જમી લે ચાલ." માનો કર્કશ અવાજ રૂમની બહારથી આવ્યો.

"મારે નથી જમવું મા ! તમે લોકો શાંતિથી જમો હવે આ ઘરમાં, જે ઘર બચાવવા તમે મારું હસતું-રમતું ઘર ઉજાડી નાખ્યું!" સ્મિતાએ અંદરથી જ રાડ પાડી.

"અરે પણ હવે આઠ આઠ વર્ષ થઈ ગયાં એ વાતને. તું ક્યાં સુધી આમ રવિના જ વિચારોમાં બળ્યા કરીશ?" માએ બારણું ખખડાવતાં કહ્યું.

"મારો રવિ તો હવે બે બાળકોનો બાપ બની ગયો છે મા! એનું તો નવું ઘર વસી ગયું, પણ તમે લોકોએ મને ક્યાંયની ના રાખી!" સ્મિતાનું મગજ બહેર મારી ગયું હતું.

તેને બરાબર યાદ હતો એ દિવસ, જ્યારે એ લગ્ન કરીને સાસરે ગઈ હતી. સાસરામાં કેટલું સુખ હતું, પણ આ મા અને બહેનોને એ સુખ પચ્યું નહોતું.

"જો સ્મિતા, તારો વર તો લાખોમાં રમે છે અને તારા સસરાની આટલી બધી મિલકત છે. તું કંઈક તો તારા પિયરનો વિચાર કર!" ફોન પર એની મા રોજ મીઠું ઝેર રેડતી.

"મા, પણ રવિ અને મારા સાસુ-સસરા બહુ સારા છે. હું એમની પાસે આવી રીતે અલગ થવાની વાત કેવી રીતે કરું? મને ત્યાં કોઈ વાતની કમી નથી." સ્મિતા ભોળપણથી કહેતી.

"અરે ગાંડી, એ ડોસા-ડોસીનું શું નક્કી? કાલ સવારે કંઈક ઉલટું થાય તો એ બધી મિલકત પર તારો શું હક્ક રહેશે બોલ?" બહેને ફોન પર ચડામણી કરી.

"પણ બહેન, મારા સાસુ તો મને દીકરીની જેમ રાખે છે. સવારે ઉઠું એ પહેલાં તો મારું અને રવિનું ટિફિન બની ગયું હોય છે." સ્મિતાએ સાચું જ કહ્યું.

"એ બધો દેખાડો હોય છે સ્મિતા! તારા બાપે તો દાદાની બધી મિલકત જુગારમાં ઉડાડી

દીધી, એટલે અમને ખબર છે દુનિયાદારીની. તું તારા વરને કહીને મિલકત તારા નામે કરાવી લે." માએ હુકમ કર્યો.

"જો એકવાર મિલકત તારા નામે થઈ જાય, તો પછી અમે પણ કોઈવાર તારા ઘરે આરામથી રહી શકીએ ને! ભાઈઓ પણ બિચારા હપ્તા ભરી ભરીને થાકી ગયા છે." બહેને પોતાનો અસલી ઈરાદો છતો કર્યો.

"અને જો એ લોકો ના પાડે તો ડરતી નહીં. અમે બધા તારી પાછળ બેઠા છીએ, તારો વાળ પણ વાંકો નહીં થવા દઈએ!!" માની આ વાતોની સ્મિતા પર ઊંડી અસર થઈ ગઈ.

પિયરવાળાઓની વાતોમાં આવીને સ્મિતાએ એ જ દિવસથી રવિ સાથે કકળાટ ચાલુ કર્યો.

"રવિ, મારે હવે આ સંયુક્ત કુટુંબમાં નથી રહેવું. તું કાલે જ તારા પપ્પાને કહીને મિલકતમાં આપણો ભાગ અલગ કરાવી લે." સ્મિતાએ જમતાં જમતાં બોમ્બ ફોડ્યો.

"અરે સ્મિતા, અચાનક તને શું થઈ ગયું? આ બધી મિલકત છેવટે તો આપણી જ છે ને! અત્યારે જીવતા મા-બાપથી અલગ થઈને શું ફાયદો?" રવિએ તેને સમજાવવાની કોશિશ કરી.

"મારે કોઈ લાંબી વાત નથી સાંભળવી. જો તું મને અલગ મકાન અને મિલકતમાં અડધો ભાગ નહીં અપાવે, તો હું કાલે જ મારા પિયર જતી રહીશ." આટલું કહી સ્મિતા સડસડાટ રૂમની બહાર નીકળી ગઈ.

બીજા દિવસે સવારે પણ સ્મિતાએ સાસુ-સસરા સાથે ના બોલવાના વેણ કહ્યા.

"વહુ બેટા, તને અમારાથી કંઈ ભૂલ થઈ ગઈ હોય તો અમને જરૂર કહી શકે છે. પણ આમ ઘર તોડીને નોખાં થવાની વાત ના કર, સમાજ શું કહેશે?" સસરાએ બે હાથ જોડ્યા.

"તમારો સમાજ તમે સંભાળો! મારે તો મારો ભાગ જોઈએ છે." કહીને સ્મિતા એ જ દિવસે પોતાનો સામાન બાંધીને પિયર ચાલી ગઈ.

પિયરમાં આવ્યા પછી લગભગ પંદર દિવસ બાદ રવિ એક વાર એને મનાવવા આવ્યો.

"સ્મિતા, ચાલ હવે ઘરે પાછી આવી જા. જે થયું તે ભૂલી, આપણે નવી શરૂઆત કરીશું. મમ્મી-પપ્પા બહુ દુ:ખી છે તારા વગર." રવિએ આજીજી કરી.

"ના રવિ, જ્યાં સુધી તારા બાપુજી મિલકત આપણા નામે નહીં કરે, ત્યાં સુધી હું તારી સાથે નહીં આવું. મારા પપ્પાએ પણ ચોખ્ખી ના પાડી છે." સ્મિતાએ અહંકારથી કહ્યું.

આ સાંભળીને સ્મિતાના પિતા આગળ આવ્યા. "જુઓ કુમાર, મારી દીકરી હવે તમારા ઘરમાં ત્યારે જ પગ મૂકશે, જ્યારે એના હાથમાં મિલકતના તમામ કાગળ હશે!"

રવિ નિરાશ થઈ દુ:ખી હૃદયે પાછો જતો રહ્યો. રવિના ગયા પછી તરત જ પિતાએ એમના ઓળખીતા એક વકીલને ઘરે બોલાવ્યો.

"જુઓ વકીલ સાહેબ, આ લોકો પાસે બહુ પૈસો છે. તમે એમના પર દહેજનો અને ત્રાસ ગુજારવાનો એવો કેસ ઠોકી દો કે એ લોકો સીધા મિલકત આપી દે." પિતાએ સિગારેટ સળગાવતાં પોતાની વાત વકીલ આગળ મૂકી!

"અરે, તમે બિલકુલ ચિંતા ના કરો. આપણે એવો સજ્જડ કેસ કરીશું કે પોલીસના ડરથી એ લોકો સામે ચાલીને સમાધાન કરવા આવશે." વકીલે પણ પોતાની ફી ની લાલચમાં આગમાં

ઘી હોમી દીધું.

"સ્મિતા, તારે કોર્ટમાં જઈને માત્ર એટલું જ બોલવાનું છે કે તારા સાસુ-સસરા તને ભૂખી રાખતા અને દહેજ માટે મારતા. બાકી બધું હું સંભાળી લઈશ." વકીલે સ્મિતાને પટ્ટી પઢાવી દીધી.

લાલચમાં અંધ થયેલી સ્મિતાએ પોતાના જ નિર્દોષ પરિવાર પર ખોટો કેસ કરી દીધો. પણ કોર્ટમાં જૂઠ લાંબુ ના ટક્યું.

"સ્મિતાબેન, તમારા સાસુ-સસરા પર લગાવેલા બધા જ આરોપો પાયાવિહોણા સાબિત થાય છે. વળી, જીવતા મા-બાપની સ્વપાર્જિત મિલકત પર દીકરા કે વહુનો કોઈ સીધો હક્ક બનતો નથી." જજે અંતિમ ચુકાદો આપ્યો.

આ ચુકાદો સાંભળીને સ્મિતાના પગ નીચેથી જમીન ખસી ગઈ! એને ખબર પડી ગઈ કે એણે સોનાની લગડી જેવો પરિવાર કાયમ માટે ગુમાવી દીધો છે.

સાસરીયાવાળા નિર્દોષ છૂટી ગયા અને રવિએ સ્મિતા સાથે કાયમી છૂટાછેડા લઈ લીધા.

આજે આઠ વર્ષ પછી એ જ પિયરના રૂમમાં સ્મિતા રડી રહી હતી. "મા, તમે લોકોએ મારી પાસે ખોટો કેસ કરાવીને મારું ઘર ભાંગ્યું. હવે મને સમજાય છે કે તમારો ઈરાદો તો મારી મિલકત વેચાવીને એ પૈસાથી ઐયાશી કરવાનો હતો!"

"હવે જે થઈ ગયું તે થઈ ગયું સ્મિતા. હવે રડવાથી કંઈ વળવાનું નથી, છાની રહી જા." માએ નિર્દયતાથી મોઢું ફેરવી લેતાં કહ્યું.

"મારે નથી રહેવું છાની! કાશ! એ દિવસે રવિ લેવા આવ્યો ત્યારે હું એની સાથે ચાલી ગઈ હોત! તો આજે હું જ એના ઘરની રાણી હોત." સ્મિતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. !!

– હરેકૃષ્ણ

---

એક ભમરા અને છાણમાં રહેતા એક કીડાની ગાઢ મિત્રતા થઈ.
એક દિવસ કીડો બોલ્યો,
"મિત્ર, કાલે મારા ઘરે જમવા આવજે."
બીજા દિવસે ભમરો ગયો. પણ છાણ જોઈને એના મનમાં વિચાર આવ્યો,
"ખરાબ સંગતના કારણે આજે છાણ ખાવાનો વારો આવ્યો!"
ભમરો કંઈ બોલ્યો નહીં. બસ એટલું જ કહ્યું,
"કાલે તું મારા ઘરે આવજે."
બીજા દિવસે કીડો ગયો.
ભમરાએ એને હળવેકથી ઉપાડીને સુગંધી ગુલાબના ફૂલમાં બેસાડ્યો.
કીડાએ પહેલી વાર મીઠો પરાગરસ ચાખ્યો.
એ આનંદથી એનું હૈયુ ભરાઈ ગયું.
એટલામાં મંદિરના પૂજારી આવ્યા.
એમણે એ ગુલાબ તોડીને ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં અર્પણ કર્યું.
કીડાને શ્રીકૃષ્ણના દર્શન થયાપ

એમના ચરણોમાં રહેવાનું સૌભાગ્ય મળ્યું.
સાંજે એ ફૂલોને ગંગામાં વિસર્જિત કરવામાં આવ્યા.
હવે કીડો પોતાના ભાગ્ય પર જ આશ્ચર્યચકિત થઈ ગયો હતો.
એટલામાં ભમરો ઉડતો ઉડતો આવ્યો અને પૂછ્યું,
"મિત્ર, શું વિચારે છે?"
કીડો આંખમા આંસુ ભરીને બોલ્યો,
"મિત્રપ તારી સારી સંગતના કારણે મારું આખું જીવન બદલાઈ ગયું.
છાણમાંથી નીકળીને હું ગુલાબ સુધી પહોંચ્યોપ
ગુલાબમાંથી ભગવાનના ચરણોમાંપ
અને ત્યાંથી ગંગા માતાના ખોળામાં.
આ બધું ફક્ત સત્સંગનું ફળ છે."
બોધ
જીવનમાં સંગત જ આપણું ભવિષ્ય ઘડે છે અથવા બગાડે છે.
ખરાબ સંગત માણસને અધોગતિ તરફ લઈ જાય છે,
અને સારી સંગત સામાન્ય માણસને પણ ભગવાનના ચરણ સુધી પહોંચાડે છે.??
એટલે જીવનમાં સંબંધો બનાવતી વખતે હંમેશા વિચાર કરજોપ
કારણ કે સંગત જ તમારું પ્રારબ્ધ બદલી શકે છે.

---

## નિક્સેન - કશું જ ન કરવાની કળા
## ધ લિટરેચર લાઉન્જ

લેખક : ડૉ. નિમિત્ત ઓઝા

છેલ્લે ક્યારે તમે કશું જ નહોતું કર્યું ? કશું જ નહીં, મતલબ કશું જ નહીં. સોફા પર બેઠાં-બેઠાં સોશ્યલ મીડિયા સ્ક્રૉલ કરવાનું, નેટફ્લિક્સ પર કોઈ વેબ-સિરીઝ જોવાની, અખબાર કે પુસ્તક વાંચવાનું કે પછી ઇયર-ફોન લગાડીને મ્યુઝિક સાંભળવાનું એવું પણ નહીં. કોઈની સાથે વાતો કરવાની કે વૉટ્સઍપ ચૅટ કરવાની એવું પણ નહીં. 'કશું જ નહીં' એટલે કોઈ પણ પ્રવૃતિ વિના શાંતિથી બેસી રહેવું.

અશક્ય લાગે છે નહીં? આપણા દરેક માટે કશું જ ન કર્યા વગર બેસી રહેવું એ સૌથી મોટો પડકાર છે. સતત કશુંક કરતા રહેવાની આદત આપણને એ હદે હોય છે કે આપણા માટે દરેક ક્ષણે જાતને વ્યસ્ત રાખવાનું ફરજિયાત બની જાય છે. ઊંઘમાં હોઈએ એટલો જ સમય આપણે સંપૂર્ણ પ્રવૃત્તિવિહીન હોઈએ છીએ. બાકી જાગતા હોઈએ ત્યારે કામ, વાતચીત, સોશ્યલ મીડિયા, મનોરંજન કે ગેમ્સમાં સતત પરોવાયેલા રહેવું આપણા માટે કમ્પલ્ઝન બની ગયું છે. એવા સમયમાં જેને આપણે 'નવરાશની પળો' કહીએ છીએ એ માણવી કેટલી જરૂરી છે એનો આપણને ખ્યાલ જ નથી.

નવરાશની પળો માટે ડચ ભાષામાં એક સુંદર શબ્દ છે - 'નિક્સેન'. નિક્સેન એટલે કશું જ ન કરવાની કળા. થોડો સમય સાવ નવરા બેસી રહેવાની ધીરજ, હિંમત અને

આવડત. સર્જનાત્મકતા વધારવા માટે તથા કામનો કંટાળો, થાક કે જીવન પ્રત્યેની નીરસતા દૂર કરવા માટે નિક્સેન અત્યંત જરૂરી છે. સતત કામ કે પ્રવૃત્તિશીલ રહેવાને કારણે અનુભવાતા શારીરિક, માનસિક અને ઇમોશનલ સ્ટ્રેસનો એકમાત્ર ઉપાય નિક્સેન છે.

સોશ્યોલૉજિસ્ટના મત પ્રમાણે નવરાશની પળો ગાળતી વખતે તમારા મનને મુક્ત રીતે ભટકવા દો. એને જ્યાં જવું હોય ત્યાં જવા દો. નિક્સેનનો મૂળ આશય એવો છે કે સતત પ્રવૃત્તિમય રહેલા મનને કોઈ એક જગ્યાએ ફોકસ કે અટેન્શન રાખવાના દબાણમાંથી મુક્ત કરીને આઝાદ કરી દો. આરામખુરશીમાં બેસો અને નિરુદ્દેશે બારીની બહાર જુઓ. બગીચાના બાંકડે બેસો અને આસપાસ ચાલતી ગતિવિધિઓ જોયા કરો. ઘરની દીવાલો કે ફળિયાને તાક્યા કરો, રસ્તા પરથી પસાર થતા લોકો જોયા કરો, અગાસી પર જઈને બેસો. ટૂંકમાં, સાવ નવરા બેસી રહો અને આ ક્ષણમાં પસાર થઈ રહેલી જિંદગી માટે અવેલેબલ રહો. કશું જ કર્યા વગર ગાળેલી નવરાશની આ પળો આપણા માનસિક સ્વાસ્થ્ય માટે બૂસ્ટર ડોઝનું કામ કરે છે.

દર પાંચમી મિનિટે ફોન હાથમાં લઈને નોટિફિકેશન્સ ચેક કરનારી આપણી 'ન્યુ-નૉર્મલ' માનસિકતા માટે નિક્સેન એક ચૅલેન્જિંગ ટાસ્ક છે. સતત કશુંક કરતા રહેવાના સ્વનિર્મિત દબાણને વશ થઈ ગયેલા આપણે કશું જ કર્યા વિના ગાળેલી પળો માટે ગિલ્ટ અનુભવીએ છીએ. જે યુગમાં વ્યસ્તતાને જ ઉપલબ્ધિ કે સફળતા માનવામાં આવે છે એ યુગમાં નિક્સેનને સમજતાં અને સ્વીકારતાં સમય લાગશે.

આપણે એ સમજવાની જરૂર છે કે આપણે 'Human Being' છીએ, 'Hu-man doing' નહીં. કિડની, ફેફસાં કે હૃદય જેવાં અવિરત ચાલતાં અંગોમાંથી ફક્ત મગજ જ એવું અંગ છે જેને આપણે ઇચ્છીએ તો આરામ આપી શકીએ છીએ. જો આ નવરાશની પળો હપ્તાવાર કે ટૂંકા અંતરાલ માટે લેવામાં આવે તો વધુ ફાયદાકારક રહે છે.

નિક્સેનનો અર્થ નિવૃત્તિ નથી, પણ બેચેન રહેલા મનને શાંત કરવા માટે જરૂરી ટેમ્પરરી નિષ્ક્રિયતા છે. બાળપણમાં રમતાં-રમતાં થાકી જતા ત્યારે રમતમાંથી આઘા ખસીને થોડી વાર માટે 'ટાઇમ પ્લીઝ' કહી દેતા. બિનજરૂરી માહિતીઓ કન્ઝ્યુમ કરીને હાંફી ગયેલા તથા 'અટેન્શન ફટિંગ'થી પીડાઈ રહેલા મનને શાંત કરવા માટે પૂરપાટ ઝડપથી દોડતી જિંદગીને કહેલું 'ટાઇમ પ્લીઝ' એટલે નિક્સેન.

એનો અર્થ આળસ કે પ્રમાદીપણું નથી, પણ સ્વેચ્છાએ સ્વીકારેલી સ્થિરતા છે. જગતનાં મોટા ભાગનાં પ્રાણીઓ સહજતાથી જે માણતાં હોય છે, અસ્તિત્વના એ આનંદને માણવા માટે મનુષ્યજાતિએ કેટલો બધો પ્રયત્ન કરવો પડે છે! કશું જ કર્યા વગર ફક્ત આ પૃથ્વી પર હોવાનું સુખ માણવું.

નિક્સેનનો ઉદ્દેશ બહુ સ્પષ્ટ છે. અત્યાર સુધી બાંધી રાખેલા મનને મુક્ત કરી દેવાનું. કોઈ એક જ જગ્યાએ બેસીને કંટાળી ગયેલા આપણે જેમ લટાર મારવા નીકળીએ એમ નવરાશની પળો દરમિયાન આપણું મન પણ મૉર્નિંગ કે ઈવનિંગ વૉક પર નીકળે છે. શરત બસ એટલી જ છે કે એને રોકવાનું નહીં. થોડા સમય માટે એને મુક્ત રીતે વિહરવા દેવાનું. આમ કરવાથી આપણું સબ-કૉન્શ્યસ માઇન્ડ સતેજ બને છે અને નવા વિચારો જન્મે છે.

કોને ખબર છે? કદાચ એવું પણ બને કે નિકસેન દરમિયાન તમને કોઈ એવો આઇડિયા સૂઝે જે તમારા બિઝનેસની કાયાપલટ કરી નાખે. કોઈ એવો વિચાર જે ક્રાંતિકારી હોય. કદાચ કોઈ કવિતા જન્મે. એવું પણ બને કે વર્ષોથી પજવતી કોઈ સમસ્યાનું અચાનક નિરાકરણ મળે. અઘરા લાગતા દાખલા આપમેળે ઊકલે. બીજું કશું જ ન થાય તો પણ મગજને મળતો આ હકપૂર્વકનો બ્રેક આપણી કાર્યક્ષમતા તો વધારી જ દેશે.

અસ્તિત્વના પ્રેમમાં ડૂબકી લગાવવા માટે આપણી ચેતનાને સૌથી વધારે જરૂર નવરાશની પળોની હોય છે. સતત કશુંક 'કરવા' કરતાં ફક્ત 'હોવા'ની અનુભૂતિ અનેકગણી ભવ્ય હોય છે. આ સુંદર પૃથ્વી પર આપણું ફક્ત હોવું જ પર્યાપ્ત છે.

સો જસ્ટ રિલૅક્સ.

ધીમા પડો. વિરામ લો. તમામ સોશ્યલ મીડિયામાંથી સાઇન–ઑફ કરીને નવરાશની પળોમાં ચેક–ઇન કરો. આ જ એ પળો છે જેમાં આંખના પલકારામાં પસાર થઈ જતી જિંદગીનો એક ગમતીલો સ્ક્રીનશૉટ તમે મન ભરીને માણી શકશો.

–ડૉ. નિમિત્ત ઓઝા

## ॥ એ. સી. ડબ્બો ॥

હું જ્યારે સાઈકલ રિક્ષામાં બેસું
તો રિક્ષાવાળા સાથે વાત કરવા લાગું
એને પરસેવે રેબઝેબ જોઉં ત્યારે
ક્યારેક ચઢાણવાળા રસ્તે
ઊતરી પણ જાઉં
રસ્તે ચાલતાં જ્યારે કોઈ વૃદ્ધા કહે
'સાંભળ તો બેટા'
તો રોકાઈને એની વાત સાંભળી લઉં
' બોલો માજી '
રિક્ષા ડ્રાઈવર સાથે વાતો કરું
પેટ્રોલની કિંમત વિષે
એની સાથે નેતાઓને બરાબરના ભાંડું
ઉતરતી વખતે જ્યારે એ કહે
સાહેબ, તમે સારા માણસ છો
ત્યારે ખૂબ રાજી થઈ
એને પાંચ – દસ વધારે આપી દઉં
જ્યારે હોદ્દા પર હતો
ત્યારે ચપરાસીની સલામના પ્રત્યુત્તરમાં
એની સાથે બેચાર ગપાટા મારી લેતો
ચા મંગાવું ત્યારે ભેગી એની તો ખરી જ

ક્યારેક રસ્તે ચાલતાં
અથવા પ્લેટફોર્મ પર બાજુવાળા સાથે
વાત કરવાનું બહુ મન થાય
પરંતુ કોઈ – કોઈ વિચિત્ર નજરે પણ જુએ
હું એ સી ડબ્બાને લાયક તો નથી
પરંતુ ક્યારેક બેસાઈ જાય એમાં
ત્યારે આખો સમય
મોઢું ઢાંકેલું રાખું
અંગ્રેજી અખબારથી...

– રાજહંસ સેઠ

## કેનેડાના કરોડપતિનું દ્વારકામાં ઉતર્યું અભિમાન

કલ્પના કરો કે તમારા બેંક ખાતામાં ૫૦૦ કરોડ રૂપિયા પડ્યા હોય, તમે દુનિયાના કોઈ પણ ખૂણે પ્રાઇવેટ જેટમાં ફરતા હોય... પણ એક દિવસ એવો આવે કે તમારે ગુજરાતના દ્વારકાના રસ્તાઓ પર ઉઘાડા પગે એક ટંકના ભોજન માટે ભીખ માંગવી પડે. આજે હું તમને કેનેડાના એક એવા અબજોપતીની વાર્તા સંભળાવવા જઈ રહ્યો છું, જેનું આકાશને આંબતું અભિમાન દ્વારકાધીશના ચરણોમાં આવીને રાતોરાત ચકનાચૂર થઈ ગયું. એવું તો શું બન્યું કે પૈસાથી ભગવાનને ખરીદવા નીકળેલા માણસને રસ્તા પર રડવાનો વારો આવ્યો? આ વિડિયો બિલકુલ સ્કિપ ન કરતા, કારણ કે આ વાર્તા તમારું જીવન બદલી નાખશે.

ટોરેન્ટો, કેનેડાની સૌથી ઊંચી અને આધુનિક બિલ્ડીંગના પેન્ટહાઉસમાં કાચની બારી પાસે ઊભેલો જયેશ. માત્ર ૪૫ વર્ષની ઉંમરે તેણે કેનેડામાં રિયલ એસ્ટેટનું એક એવું સામ્રાજ્ય ઊભું કરી દીધું હતું, જ્યાં કોઈથી પહોંચવું અશક્ય હતું. જયેશનો માત્ર એક જ સિદ્ધાંત હતો કે દુનિયાની દરેક વસ્તુની એક કિંમત હોય છે, અને મારી પાસે એ ચૂકવવાની તાકાત છે. એના મતે લાગણી, સંબંધો, દયા અને ભગવાન, આ બધું નબળા અને ગરીબ લોકોએ બનાવેલું તૂત હતું.

જયેશના પરિવારમાં તેની પત્ની રીટા અને ૧૦ વર્ષનો દીકરો આરવ હતા. રીટા સ્વભાવે અત્યંત સરળ અને ધાર્મિક હતી. આરવની તબિયત છેલ્લા કેટલાક સમયથી ખૂબ ખરાબ રહેતી હતી. કેનેડાના મોટા મોટા તબીબો અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોએ હાથ અધ્ધર કરી દીધા હતા કે આરવને એક એવી ન્યુરોલોજીકલ બીમારી છે જેનો કોઈ ચોક્કસ ઈલાજ હજુ શોધાયો નથી. રીટાએ રડતા રડતા દ્વારકાધીશની માનતા રાખી હતી કે જો મારો દીકરો સાજો થઈ જશે, તો અમે આખો પરિવાર દ્વારકાધીશના ચરણે માથું ટેકવવા આવીશું.

અચાનક એક ચમત્કાર થયો. એક મહિનામાં જ આરવની તબિયતમાં જાદુઈ રીતે સુધારો થવા લાગ્યો. રિપોર્ટ્સ નોર્મલ આવવા લાગ્યા. રીટાએ જયેશને માનતા પૂરી કરવા દ્વારકા જવાની જીદ કરી. જયેશે અહંકારમાં ખડખડાટ હસીને કહ્યું, અરે ગાંડી, આ તારા ભગવાને નથી કર્યું, આ મારા પૈસા અને કેનેડાની મેડિકલ સિસ્ટમનો કમાલ છે. પણ તું જીદ

કરે છે તો ચાલ, હું પણ જોઉં કે તારા એ દ્વારકા વાળામાં કેટલી તાકાત છે. હું ત્યાં મંદિરે દર્શન કરવા નહીં, પણ ગોમતી ઘાટ પાસેની સૌથી મોંઘી જમીન ખરીદીને મારી ફાઈવ-સ્ટાર હોટેલ બનાવવા જઈશ.

થોડા દિવસો પછી, જયેશ, રીટા અને આરવ પ્રાઇવેટ જેટ મારફતે જામનગર ઉતર્યા અને ત્યાંથી લક્ઝરી કારોના કાફલા સાથે દ્વારકા પહોંચ્યા. દ્વારકામાં તે સમયે જન્માષ્ટમીનો પવિત્ર માહોલ હતો. લાખો શ્રદ્ધાળુઓની ભીડ, ચારેબાજુ 'જય રણછોડ, માખણ ચોર' ના નારા ગુંજી રહ્યા હતા. જયેશને આ ભીડ, રસ્તાની ધૂળ અને શ્રદ્ધાળુઓ જોઈને સખત ચીડ ચડતી હતી. તેણે પોતાના બોડીગાર્ડ્સને ધક્કા મારીને રસ્તો સાફ કરવાનો હુકમ આપ્યો.

ગોમતી ઘાટ પાસે એક અત્યંત વૃદ્ધ અને ફાટેલા કપડાં પહેરેલા સાધુ જમીન પર બેસીને ભગવાનની સ્તુતિ કરી રહ્યા હતા. જયેશના બોડીગાર્ડના ધક્કાથી એ સાધુની પૂજાની થાળી નીચે પડી ગઈ અને કંકુ-ચોખા વેરાઈ ગયા. રીટાએ તરત જ માફી માંગવા દોટ મૂકી, પણ જયેશે તેનો હાથ પકડીને ગુસ્સામાં પાછળ ખેંચી લીધી. જયેશે પોતાના વોલેટમાંથી ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટોનું એક મોટું બંડલ કાઢ્યું અને પેલા સાધુના મોં પર ફેંકતા ઘમંડથી કહ્યું, તારી આખી જિંદગીની ભીખની કમાણી કરતા વધારે પૈસા છે આમાં. ચૂપચાપ આ ઉઠાવી લે અને મારો રસ્તો ખાલી કર.

વાતાવરણમાં એકદમ સન્નાટો છવાઈ ગયો. સાધુએ જમીન પર પડેલા પૈસા સામે જોયું પણ નહીં. તેમણે અત્યંત શાંતિથી પોતાની પૂજાની થાળી ઉઠાવી, જયેશની આંખોમાં આંખ નાખીને ગંભીર અવાજે એક જ વાક્ય કહ્યું, શેઠ ખિસ્સામાં પડેલો કાગળનો ટુકડો સમય બદલી શકે છે, પણ માણસનું નસીબ નહીં. જ્યારે આ કાળિયા ઠાકોરની કોર્ટમાં હિસાબ માંગવામાં આવે છે ને, ત્યારે દુનિયાની બધી બેંકોના સર્વર ડાઉન થઈ જાય છે. તારું આકાશ જેવડું અભિમાન કાલે સૂરજ ઊગતા પહેલા આ ગોમતીના નીરમાં ડૂબી જશે... આ મારો શ્રાપ નથી, કાળની ચેતવણી છે.

જયેશ જોરથી હસવા લાગ્યો અને એ સાધુને પાગલ ગણાવીને પોતાની વૈભવી હોટેલ તરફ ચાલ્યો ગયો. તેને ક્યાં ખબર હતી કે સાધુના એ શબ્દો બ્રહ્માસ્ત્રની જેમ છૂટી ગયા હતા.

રાત્રે હોટેલના આલીશાન રૂમમાં જયેશ સૂતો હતો. રાતના બરાબર ૨:૩૦ વાગ્યા હતા, ત્યારે અચાનક એનો ફોન રણક્યો. કેનેડાથી એના મુખ્ય ફાઈનાન્સ મેનેજરનો ફોન હતો. સામેથી ફોનમાં જે સમાચાર મળ્યા, એ સાંભળીને જયેશના પગ નીચેથી જમીન ખસી ગઈ. તેના હાથમાંથી ફોન છૂટીને નીચે પડ્યો. જયેશના હાથમાંથી પડેલા ફોનમાંથી હજુ પણ તેના ફાઈનાન્સ મેનેજરનો અવાજ આવી રહ્યો હતો. જયેશ ધ્રૂજતા હાથે નીચે બેઠો અને ફોન કાને લગાવ્યો. સામેથી મેનેજરે જે કહ્યું તે સાંભળીને જયેશના પગ તળેથી જમીન સરકી ગઈ.

જયેશ સર... બધું જ ખતમ થઈ ગયું છે, તમારો પાર્ટનર માઈકલ કંપનીના તમામ ફંડ્સ અને તમારી અંગત સંપત્તિ પોતાના નામે ટ્રાન્સફર કરીને ફરાર થઈ ગયો છે. એટલું જ નહીં, તેણે તમારા નામે એક મોટું ઇન્ટરનેશનલ ફ્રોડ કર્યું છે. કેનેડિયન સરકારે તમારા તમામ બેંક એકાઉન્ટ્સ, ક્રેડિટ કાર્ડ્સ અને પ્રોપર્ટી સીઝ કરી દીધા છે. ઇન્ટરપોલ ગમે ત્યારે તમારી ધરપકડ કરી શકે છે. આપણી પાસે હવે એક રૂપિયો પણ બચ્યો નથી.

જયેશની આંખો ફાટી ગઈ. જે પૈસાનો તેને ગર્વ હતો, તે એક જ રાતમાં હવામાં ઓગળી ગયો હતો. રાત માંડ માંડ વીતી. સવાર પડતા જ હોટેલના રૂમનો દરવાજો ખખડ્યો. સામે હોટેલનો મેનેજર ઊભો હતો, જેના ચહેરા પર ગઈ કાલ જેવો આદર નહોતો. મિસ્ટર જયેશ, તમારા તમામ ક્રેડિટ કાર્ડ્સ ડિક્લાઈન થઈ ગયા છે. ન્યૂઝ ચેનલો પર તમારા ઇન્ટરનેશનલ ફ્રોડના સમાચાર ચાલી રહ્યા છે. તમે તાત્કાલિક અમારો રૂમ ખાલી કરી દો, નહીંતર અમારે પોલીસ બોલાવવી પડશે.

જયેશનો અહંકાર હજુ મર્યો નહોતો. તેણે ગુસ્સામાં બૂમ પાડી, તારી હિંમત કેમ થઈ મારી સાથે આવી રીતે વાત કરવાની ? હું એક કલાકમાં તારી આખી હોટેલ ખરીદી શકું છું, પણ આ વખતે તેનો અવાજ ખોખલો હતો. તેના બોડીગાર્ડ્સ અને ડ્રાઈવર પણ સમાચાર સાંભળીને સવાર પડતા જ ગાયબ થઈ ગયા હતા. થોડી જ વારમાં, કેનેડાનો અબજોપતિ જયેશ, તેની પત્ની રીટા અને બીમાર દીકરો આરવ, પોતાના બે-ત્રણ બેગ સાથે દ્વારકાના રસ્તા પર ઊભા હતા. ખિસ્સામાં રોકડા તો હતા જ નહીં, કારણ કે જયેશ હંમેશા કાર્ડ જ વાપરતો. તેણે પોતાના સગા સંબંધીઓ અને મિત્રોને ફોન કર્યા, પણ જે લોકો ગઈકાલ સુધી તેની આગળ-પાછળ ફરતા હતા, તેમણે ફોન ઉપાડવાના જ બંધ કરી દીધા.

ભરબપોરનો તડકો, દ્વારકાની ભીડ અને માથા પર કોઈ છત નહીં. રીટા એક શબ્દ પણ બોલ્યા વગર જયેશની સાથે ચાલી રહી હતી. તેને પોતાના પતિના અહંકાર કરતા પોતાના પરિવારની વધુ ચિંતા હતી. અચાનક, ભીડભાડ વાળા રસ્તા પર ચાલતા ચાલતા આરવના શ્વાસ ફૂલવા લાગ્યા. તેને પરસેવો વળવા માંડ્યો અને તે બેભાન થઈને રસ્તા પર ઢળી પડ્યો. રીટાએ ચીસ પાડી, આરવ, આરવ શું થયું તને? જયેશ, જલ્દી કંઈક કરો, આની તબિયત ફરી બગડી રહી છે. જયેશ હાંફળો ફાંફળો થઈ ગયો. તેણે આરવને ખોળામાં ઊંચક્યો અને નજીકની એક નાની હોસ્પિટલમાં દોડી ગયો. ડોક્ટરે આરવને તપાસ્યો અને કહ્યું, તમારા દીકરાની ન્યુરોલોજીકલ કન્ડિશન ફરીથી વકરી છે. સ્ટ્રેસના કારણે તેને આવું થયું છે. જો તેને તાત્કાલિક એક ઈન્જેક્શન નહીં અપાય તો તેનો જીવ જઈ શકે છે. ઈન્જેક્શન અને સારવાર માટે તાત્કાલિક ૫૦,૦૦૦ રૂપિયા કાઉન્ટર પર જમા કરાવો. ૫૦,૦૦૦ રૂપિયા, ગઈકાલ સુધી જે માણસ માટે ૫૦ લાખ રૂપિયાની કોઈ કિંમત નહોતી, તે આજે ૫૦ હજાર માટે લાચાર હતો. જયેશે ડોક્ટરને કરગરતા કહ્યું, ડોક્ટર સાહેબ, મારી પાસે અત્યારે રોકડા નથી, પણ તમે ઈલાજ શરૂ કરો, હું ગમે ત્યાંથી પૈસાની વ્યવસ્થા કરું છું. પ્લીઝ મારા દીકરાને બચાવી લો. ડોક્ટરે સહાનુભૂતિથી કહ્યું, ભાઈ, ઈન્જેક્શન મારે બહારથી મંગાવવું પડશે અને મેડિકલ સ્ટોરવાળા રોકડા લીધા વગર દવા નહીં આપે. તમારી પાસે માત્ર બે કલાક છે.

જયેશ હોસ્પિટલની બહાર દોડ્યો. તે રસ્તા પર આવતા-જતા અજાણ્યા લોકોને મદદ માટે આજીજી કરવા લાગ્યો, ભાઈ, પ્લીઝ મને થોડા પૈસા ઉછીના આપો, મારો દીકરો મરી જશે. પણ લોકો તેને કોઈ ફ્રોડ કે ભિખારી સમજીને અવગણી રહ્યા હતા. ત્યારે જ તેને પેલો સાધુ યાદ આવ્યો. ગઈકાલે ગોમતી ઘાટ પર તેણે ૫૦૦-૫૦૦ ની નોટોના બંડલ ફેંક્યા હતા, તેને સાધુના શબ્દો યાદ આવ્યા, કે કાળિયા ઠાકોરની કોર્ટમાં બેંકોના સર્વર ડાઉન થઈ જાય છે. જયેશ પાગલની જેમ ગોમતી ઘાટ તરફ દોડ્યો. તેના પગમાંથી જૂતાં ક્યાંય નીકળી ગયા

હતા. તે ઉઘાડા પગે, ધગધગતા રસ્તા પર દોડી રહ્યો હતો.

ઘાટ પર પહોંચીને તેણે જોયું તો... ત્યાં કોઈ નહોતું, એ સાધુ ત્યાંથી જઈ ચૂક્યા હતા. જયેશ ઘૂંટણભેર જમીન પર બેસી ગયો. તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. તેનો દીકરો હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો અને તે કંઈ જ કરી શકે તેમ નહોતો. તેનું બધું જ અભિમાન ગોમતીના નીરમાં ડૂબી ગયું હતું.

જે માણસે ગઈકાલ સુધી દુનિયાને પોતાના ખિસ્સામાં હોવાનો દાવો કર્યો હતો, તે આજે ભગવાનની ચોખટ પર ભિખારી બનીને કરગરી રહ્યો હતો. હે દ્વારકાધીશ, મને માફ કરી દો...જયેશે આકાશ તરફ જોઈને બંને હાથ જોડ્યા, મારા અહંકારની સજા મારા દીકરાને ના આપો,મારી બધી જ સંપતિ લઈ લ્યો, પણ મારા દીકરાના શ્વાસ પાછા આપી દયો પ્રભુ.

એના આંસુઓ ગોમતી નદીના નીરમાં ભળી રહ્યા હતા. આ એના જીવનની પહેલી સાચી અને નિસ્વાર્થ પ્રાર્થના હતી. ત્યારે જ પાછળથી કોઈએ એના ખભે હાથ મૂક્યો. જયેશે આંસુ લૂછતા પાછળ જોયું તો ઘાટ પર ચા વેચતો એક નાનો છોકરો ઊભો હતો. છોકરાએ પૂછ્યું, શેઠ, તમારું નામ જયેશ છે? જયેશે આશ્ચર્યથી માથું હલાવ્યું. છોકરાએ પોતાના ખિસ્સામાંથી એક નાની કાપડની થેલી કાઢી અને જયેશના હાથમાં મૂકતા કહ્યું, ગઈકાલે સાંજે પેલા વૃદ્ધ સાધુબાબા આ થેલી મને આપીને ગયા હતા. એમણે કહ્યું હતું કે આજે બપોરે એક માણસ પોતાના ઉઘાડા પગે, રડતો રડતો અને પોતાનો બધો જ ઘમંડ તોડીને અહીં પાછો આવશે. જ્યારે એ આવે, ત્યારે આ થેલી એને આપી દેજે, એને આની સખત જરૂર હશે.

જયેશે ધ્રૂજતા હાથે થેલી ખોલી. અંદર એ જ ૫૦૦-૫૦૦ ની નોટોનું બંડલ હતું જે તેણે ગઈકાલે પોતાના અહંકારમાં પેલા સાધુના મોં પર ફેંક્યું હતું, પેલા સાધુએ એ પૈસા પોતાના માટે નહોતા રાખ્યા, પણ તેમને ખબર હતી કે કાળનું ચક્ર ફરશે ત્યારે આ જ અહંકારી માણસને પોતાના દીકરાનો જીવ બચાવવા આ જ પૈસાની જરૂર પડશે. જયેશને હવે સમજાઈ ગયું હતું કે એ સાધુ કોઈ સામાન્ય નહોતા, પણ ખુદ દ્વારકાધીશનો કોઈ સંકેત હતો, જે એનો ઘમંડ તોડવા અને એને સાચો રસ્તો બતાવવા આવ્યા હતા.

જયેશે એ નોટોને પોતાના માથે અડાડી, ઘાટની માટી પોતાના કપાળે લગાવી અને પાગલની જેમ હોસ્પિટલ તરફ દોટ મૂકી. તેણે કાઉન્ટર પર પૈસા જમા કરાવ્યા. આરવને તાત્કાલિક ઈન્જેક્શન આપવામાં આવ્યું. અડધા કલાકની મહેનત અને પ્રાર્થનાઓ પછી, ડોક્ટર બહાર આવ્યા અને સ્મિત કરતા કહ્યું, ચમત્કાર થઈ ગયો છે, તમારો દીકરો હવે ખતરાની બહાર છે. આ સાંભળતા જ જયેશ જમીન પર બેસી ગયો અને રીટાના પગ પકડીને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યો. મને માફ કરી દે રીટા, તારો ભગવાન સાચો છે અને મારો પૈસાનો પાવર સાવ ખોટો. મેં પૈસાથી બધું ખરીદવાની કોશિશ કરી, પણ મારા દીકરાના શ્વાસ આ કાળિયા ઠાકોરની ભિક્ષા છે. રીટાએ તેને ઊભો કરીને ગળે લગાવી લીધો.

બીજા દિવસે સવારે જયેશના ફોન પર કેનેડિયન એમ્બેસીથી કોલ આવ્યો. મિસ્ટર જયેશ, ગુડ ન્યૂઝ, તમારો પાર્ટનર માઈકલ એરપોર્ટ પર પકડાઈ ગયો છે. તેણે ફ્રોડ કબૂલી લીધું છે. સરકારે તમારા તમામ એકાઉન્ટ્સ અને પ્રોપર્ટી પરથી ફ્રીઝ હટાવી લીધું છે. યુ આર અ ફ્રી મેન નાઉ.

જયેશનું સામ્રાજ્ય તેને પાછું મળી ગયું હતું, પણ હવે તે જૂનો જયેશ નહોતો રહ્યો. તેણે કેનેડા પાછા ફરતા પહેલા ગોમતી ઘાટ પાસે જમીન તો ખરીદી, પણ કોઈ ફાઈવ સ્ટાર હોટેલ બનાવવા માટે નહીં, તેણે ત્યાં ગરીબો અને અનાથ લોકો માટે એક અત્યાધુનિક 'ફ્રી હોસ્પિટલ અને અન્નક્ષેત્ર' બનાવવાની જાહેરાત કરી.

મિત્રો, પૈસાથી તમે સુવિધા ખરીદી શકો છો, પણ શાંતિ કે આયુષ્ય નહીં. સમય ક્યારે કરવટ બદલશે તે કોઈને ખબર નથી હોતી. એટલે જ્યારે તમારી પાસે સત્તા અને સંપતિ હોય, ત્યારે અહંકાર કરવાને બદલે બીજાની મદદ કરો. કારણ કે જ્યારે ઉપરવાળાની લાકડી પડે છે ને, ત્યારે અવાજ નથી, આવતો, પણ વાગે છે બહુ જોરદાર.

## વાંસળી

– મુકુલચન્દ્ર શાંતિલાલ દવે

ઘણાં વર્ષો પહેલાની વાત છે. મારી નોકરી એક બેંકમાં હતી. દસ વર્ષની નોકરી અમદાવાદની વિવિધ શાખાઓમાં કર્યા બાદ મને મેનેજર તરીકે પ્રમોશન મળ્યું. સાથોસાથ આણંદની ઓફિસમાં બદલી થઈ. પરિવાર અમદાવાદ સ્થાઈ થયેલો હોઈ મેં રોજ આણંદ અપડાઉન કરવાનો નિર્ણય કર્યો. કાલુપુર રેલવે સ્ટેશન ગયો અને પાસ કઢાવ્યો. ટ્રેનના સમય પત્રક ઉપર નજર કરી. મેં જોયું કે, સવારે આઠ વાગે ઉપડતી અમદાવાદથી મુંબઈ જતી એક્સપ્રેસ ટ્રેન મને આણંદ દસ વાગ્યા પહેલા પહોંચાડી દેશે. આથી, એ ટ્રેન વધુ અનુકૂળ રહેશે તેમ નક્કી કરી હું ઘેર આવ્યો. બીજા દિવસે, બદલાયેલા જીવનચક્ર સાથે અનુકૂલન સાધવા, રોજ કરતાં એક કલાક વહેલો ઊઠ્યો. નિત્યક્રમ પરવાર્યો ત્યાં સુધીમાં પત્નીએ ટિફિન તૈયાર કરી દીધું હતું. ઓફિસબેગ અને ટિફિન લઈને સ્કૂટર પર કાલુપુર સ્ટેશન પહોંચ્યો. અપડાઉનનો કોઈ અનુભવ ન હોવાથી મનમાં રોમાંચ મિશ્રિત ગભરાટ હતો. મારી ટ્રેન પહેલા પ્લેટફોર્મ પરથી જ ઉપડતી હતી. એક બે જણ સાથે ઔપચારિક વાતમાં ખબર પડી કે, અપડાઉન કરવાવાળા મોટા ભાગના મુસાફરો છેલ્લેથી બીજા ડબ્બામાં બેસતાં હોય છે. હું પણ ત્યાં ગયો અને એક ખાલી જગ્યા જોઈ ગોઠવાઈ ગયો.

હવે રોજ આ જ ટ્રેનમાં અને આ જ લોકો સાથે જવાનું હોવાથી હું મારા ભાવિ હમસફરો સાથે પરિચય કેળવવા લાગ્યો. એટલામાં ટ્રેન ઉપડી. મણિનગર સ્ટેશન ગયું, ત્યાં તો, બાજુના કંપાર્ટમેન્ટમાંથી વાંસળીના મધુરા સૂર સંભળાયા. કોઈ વાંસળી પર મારા એક પ્રિય ગીત 'રસિક બલમા'ની ધૂન વગાડતું હતું. મેં કુતૂહલવશ ડોક ઊંચી કરીને જોયું. મેલા કપડાં પહેરેલો એક લંગડો ભિખારી આ ધૂન વગાડતો હતો. મારા સંગીતના શોખ, અભ્યાસ અને જ્ઞાનના આધારે, મેં તારણ કાઢ્યું કે, તેની કળા કોઈ ઉસ્તાદ અને જાણકાર વાંસળી વાદકથી જરાય ઉતરતી નહોતી. હવે, એ અમારા ખીચોખીચ ભરેલા કંપાર્ટમેન્ટમાં આવ્યો. મેં મારી જગ્યાએ તેને બેસાડી વિવિધ ગીતોની ધૂનો વગાડવા ફરમાયશ કરી. પ્રત્યેક ધૂન તેણે આબેહૂબ વગાડી. કેટલીક ધૂનો તો એટલી અઘરી હતી, કે નિષ્ણાત વાદકોને પણ તે વગાડતા મુશ્કેલી પડે. જોતજોતામાં, આણંદ આવી ગયું. મેં તેને સો રૂપિયાની નોટ આપી. તેના મુખ પર આનંદની લહેરખી છવાઈ ગઈ. મારા સહપ્રવાસીઓએ જણાવ્યું કે, તે રોજ આ ટ્રેનમાં આવે

છે. પછી તો, લગભગ રોજ આણંદ આવે ત્યાં સુધી અમે બધાં તેની ધૂનો સાંભળતા. મુસાફરો તેને ખુશીથી પૈસા પણ આપતા. તેની કમાણી વધતાં, તે નવા કપડાં પણ ખરીદી લાવ્યો. થોડાક દિવસના પરિચય બાદ, મેં તેના વિશે જાણવાની ઇચ્છા વ્યક્ત કરી. તેણે કહ્યું, "મારું નામ અનવર હુસેન. આણંદ પાસેના એક ગામડામાં રહું છું. માબાપ છૂટક મજૂરી કરતાં હતાં. અમારા મહોલ્લામાં વાંસળી વેચનાર એક ફેરિયો અવારનવાર આવતો. એક દિવસ મેં બહુ જીદ કરી, તો અબ્બુએ એક વાંસળી લઈ આપી. હું ધીરે ધીરે વાંસળી પર જુદા જુદા સાચા ખોટા સૂરો વગાડવા લાગ્યો. અબ્બુને ગીતો સાંભળવાનો શોખ હતો એટલે એમણે એક ટ્રાન્ઝિસ્ટર રેડિયો વસાવ્યો હતો. અબ્બુ ગીતો વગાડે તે હું ખૂબ ધ્યાનથી સાંભળતો અને તે ગીતોની ધૂનોને વાંસળીના સૂરમાં બેસાડવા કોશિશ કરતો. ધીરે ધીરે ફાવટ આવવા માંડી. હું સરકારી નિશાળમાં ભણતો હતો. હું ચોથા ધોરણમાં હતો, ત્યારે ગામમાં કોલેરા ફાટી નીકળ્યો. એ જાલિમ બીમારી મારા અબ્બુ અને અમ્મીને ભરખી ગઈ. મારું ભણવાનું છૂટી ગયું. બસ, ત્યારથી આ વાંસળી અને ગીતો એ મારા જીવનના ભાગ બની ગયા."

"તો, આ પગ કેવી રીતે ખોયો?" મેં ઉત્કંઠાથી પૂછ્યું. તે બોલ્યો, "પહેલા તો હું મંદિરોની બહાર અને વાર તહેવારે મેળાઓ, મેળાવડાઓમાં વાંસળી વગાડી પૈસા ભેગા કરતો. એક દિવસ એક મંદિરના મહારાજે મને કહ્યું કે, તું રોજ ગામમાં જ વાંસળી વગાડીશ તો, ગામના એના એ જ લોકો તને રોજ ક્યાંથી પૈસા આપે? જો તું રેલ ગાડીમાં વાંસળી વગાડીશ તો, તને વધુ પૈસા મળશે કારણ કે ગાડીમાં તો રોજ જુદા જુદા મુસાફરો હોય. મેં પછી રેલ ગાડીમાં વાંસળી વગાડવાનું શરૂ કર્યું અને વધુ કમાવા માંડ્યો. સાહેબ, અમદાવાદથી છેક મુંબઈ સુધી ફરું છું. એક દિવસ ચાલતી ગાડીમાંથી ઉતરતાં હું પડી ગયો અને ડાબા પગનું હાડકું તૂટી ગયું અને ઘુંટણ નીચેનો પગ કપાવવો પડ્યો."

આમને આમ, રોજ અનવર હુસેનની વાંસળીના સૂરના સથવારે આણંદ પહોંચી જવાતું. એની ઘણી ધૂનો મેં મારા મોબાઇલમાં રેકોર્ડ પણ કરી હતી, જે હું ફુરસદના સમયે સાંભળતો. એક રવિવારે મારા મનમાં એક વિચાર આવ્યો. મારા એક ખાસ મિત્ર જનાર્દન રાવલ, કે જે પોતાની મ્યુઝિક ઓર્કેસ્ટ્રા ધરાવે છે, તેને મળીને અનવર હુસેનની કળા વિશે વાત કરી તથા તેને ઓર્કેસ્ટ્રામાં સ્થાન આપવા વિનંતી કરી. તે મારા પર હસવા લાગ્યો અને કહ્યું, "એક ભિખારીને તે કાંઈ ઓર્કેસ્ટ્રામાં લેવાતો હશે?" મેં મારા મોબાઇલમાં રેકોર્ડ કરેલી તેની ધૂનો સંભળાવી. તે ધૂનો સાંભળીને તે દંગ રહી ગયો. તેણે કહ્યું, "યાર, આટલું સુંદર તો કોઈ પ્રોફેશનલ આર્ટિસ્ટ પણ નથી વગાડતા. આવતા રવિવારે તું એને મારી પાસે લઈ આવ. હું ચોક્કસ તેને મારી ઓર્કેસ્ટ્રામાં સ્થાન આપીશ."

બીજા દિવસે મેં અનવર હુસેનને આ વાત કરી. તે તેના જીવનમાં આવનારા આવા અકલ્પ્ય પરિવર્તનની કલ્પનાથી આનંદમાં ઝૂમી ઊઠ્યો. એક સાચા પણ, ઉપેક્ષિત કલાકારના જીવન પરિવર્તન માટે નિમિત્ત બન્યાનો મને પણ અસીમ આનંદ હતો. તે દિવસે તેની ધૂનોમાં અલગ જ રંગ, ઉમંગ અને ઉત્સાહ જણાયા. આણંદ સ્ટેશન નજીક આવતાં, તે પ્લેટફોર્મની વિરુદ્ધ બાજુનો દરવાજો ખોલીને ઊભો રહ્યો. અચાનક તેના સ્લીપરની પટ્ટી તૂટી. તે લપસીને બાજુના રેલવે ટ્રેક પર પટકાયો. તે ઊભો થાય તે પહેલા સામી બાજુથી આવતી ધસમસતી ટ્રેન

તેના ઉપરથી પસાર થઈ ગઈ. આ જોતાં જ અમારા ડબ્બામાંથી કોઈએ સાંકળ ખેંચીને ટ્રેન ઊભી રખાવી. અમે બધાં ટ્રેનમાંથી નીચે ઉતર્યા. મારા મુખમાંથી અચાનક ઉદ્ગાર નીકળી ગયો, "આમ અચાનક વાંસળીના મધુરા સૂર કાયમ માટે વિલાઈ જશે એવું સ્વપ્નમાં પણ કલ્પ્યું નહોતું." એના દેહથી થોડે દૂર પડેલી વાંસળી ઊઠાવીને મેં મારી બેગમાં મૂકી દીધી. અમે બધાએ ભેગા મળીને નજીકના એક કબ્રસ્તાનમાં તેની દફન ક્રિયા કરી. સૌના દિલમાં ઉદાસી છવાઈ ગઈ. બધાં નોકરીએ જવાને બદલે અમદાવાદ પરત ફર્યા. મેં પણ બેંકમાં ફોન કરી જણાવી દીધું કે એક અંગત સ્વજનનું અવસાન થયું હોવાથી હું બેંકમાં આવી નહીં શકું. બીજા દિવસે રાબેતા મુજબ હું આઠ વાગ્યાની ટ્રેનમાં આણંદ જવા માટે બેઠો. તે દિવસે આણંદ પહોંચતા જાણે યુગો વીતી ગયા હોય તેવું લાગ્યું. બે વર્ષ પછી, મારી બદલી પાછી અમદાવાદ થઈ ગઈ. નિરંતર વહેતા સમયના દીર્ઘ પ્રવાહના આવરણ નીચે એ અનવર હુસેન અને તેની વાંસળીના મધુરા સૂર હૃદયના કોઈ ખૂણે ધરબાઈ ગયા. મેં લઈ લીધેલી એની વાંસળી પણ માળિયાના કોઈ ખૂણે મૂકી દીધી. આજે, વર્ષો પછી એક સામાજિક પ્રસંગ નિમિત્તે વડોદરા જવાનું થયું. કાર બગડી હતી આથી, સવારના આઠ વાગ્યાની એ જ ટ્રેનની ફર્સ્ટ ક્લાસની ટિકિટ બુક કરાવી હતી. હું સ્ટેશન પહોંચ્યો. ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોવા છતાં, મારા પગ અનાયાસ જ છેલ્લેથી બીજા ડબ્બા તરફ વળ્યા અને હું તેમાં જઈને બેસી ગયો. કેટલાક જૂના પરિચિત સહપ્રવાસીઓ મળ્યા, જેમની સામે ઔપચારિક સ્મિત કર્યું. થોડીક વાર પછી ટ્રેન ઉપડી. મારા ઉર પ્રદેશમાં એક અજબની ઝણઝણાટી વ્યાપી ગઈ. આણંદ આવ્યું ત્યાં સુધી મારા હૃદયમાં વાંસળીના મધુર સૂર રેલાઈ રહ્યા હતા. હું આંખો મીંચીને બેસી રહ્યો હતો પરંતુ, મને એ ડબ્બામાં મારી આસપાસ ક્યાંક અનવર હુસેન ઊભો હોવાનો આભાસ થતો હતો. કોણ જાણે કેમ, હું આણંદ સુધી મારી આંખો ખોલી જ ના શક્યો. વડોદરાથી રાતે ઘેર આવીને માળિયામાંથી અનવર હુસેનની વાંસળી શોધી કાઢી. તે વાંસળીને પંપાળતા ઊંઘ આવી ગઈ.

---

જે દિવસે પિતાએ “મારી જવાબદારી નથી” કહ્યું એ દિવસે આખું ઘર બદલાઈ ગયું !

“પપ્પા, મેં નક્કી કરી લીધું છે હવે હું આ કામ નહીં કરું.”

દીકરાએ ગુસ્સામાં એટલું કહ્યું અને ઘરની બહાર નીકળી ગયો.

પિતાએ પહેલી વાર તેની પાછળ દોડવાનો પ્રયત્ન ન કર્યો.

ન પત્નીને સમજાવ્યું,

ન દીકરાને ફોન કર્યો,

ન કોઈને ફરિયાદ કરી.

તેમણે માત્ર ખુરશીમાં બેસીને ઊંડો શ્વાસ લીધો અને ધીમેથી કહ્યું –

“હવે એને પોતાનું જીવન જાતે સમજવા દો.”

આ વાત સાંભળીને પત્ની તો આશ્ચર્યમાં પડી ગઈ.

કારણ કે આ એ જ માણસ હતો, જે વર્ષોથી પરિવારની દરેક નાની–મોટી બાબતમાં પોતાનો નિર્ણય ચલાવતો હતો.

દીકરો કેટલા વાગે ઘરે આવે ?

કયા મિત્રો સાથે ફરે ?

કઈ નોકરી કરે ?

કેટલા પૈસા બચાવે ?

દીકરી ક્યારે સાસરે જાય ?

પત્ની ક્યાં જાય ?

ઘરમાં શું ખરીદવું ?

બધું જાણે તેમના નિયંત્રણમાં જ હોવું જોઈએ.

કોઈ તેમની વાત ન માને તો તેઓ આખો દિવસ ગુસ્સામાં રહેતા.

તેમને લાગતું –

"હું પરિવાર માટે આટલું બધું કરું છું, એટલે બધાએ મારી વાત માનવી જ જોઈએ."

પણ એક દિવસ જીવનએ તેમને એવો પાઠ ભણાવ્યો કે તેમની વિચારવાની આખી રીત જ બદલાઈ ગઈ.

પચાસની ઉંમર વટાવ્યા પછી પણ રમેશભાઈ ખૂબ જ સક્રિય હતા.

સવારથી સાંજ સુધી કામ.

ઘરમાં આવ્યા પછી પણ કોઈને કોઈ ચિંતા.

પત્ની શારદાબેન ઘણી વખત કહેતાં –

"તમે આખો દિવસ ચિંતામાં જ કેમ રહો છો ?"

રમેશભાઈ તરત જવાબ આપતા –

"ચિંતા ન કરું તો કોણ કરશે ?"

આ એક વાક્ય તેમની જિંદગીનું સૂત્ર બની ગયું હતું.

દીકરો મયંક નોકરી કરતો હતો, પરંતુ તેને પોતાનો વ્યવસાય શરૂ કરવાનો શોખ હતો.

એક દિવસ તેણે કહ્યું –

"પપ્પા, હું નોકરી છોડીને પોતાનું કામ શરૂ કરવા માગું છું."

રમેશભાઈ ભડકી ગયા.

"પોતાનું કામ? શું તને ખબર છે ધંધો શું હોય છે ?"

"હા પપ્પા, હું શીખીશ."

"શીખીશ એટલે? પૈસા ડૂબશે તો ?"

"તો મારી ભૂલમાંથી શીખીશ."

"મારી વાત માન. નોકરી છોડવાની નથી."

મયંક ચૂપ થઈ ગયો.

થોડા દિવસ પછી તેણે ફરી વાત કરી.

આ વખતે રમેશભાઈએ કડક શબ્દોમાં કહ્યું –

"જ્યાં સુધી આ ઘરમાં રહે છે ત્યાં સુધી મારી વાત માનવી પડશે."

મયંકે કશું કહ્યું નહીં.

પણ તેના મનમાં એક વાત ઊંડે ઉતરી ગઈ—

"પપ્પાને મારી ચિંતા નથી, પપ્પાને મારા જીવન પર નિયંત્રણ જોઈએ છે."

દીકરી નિશા પણ આવી જ સ્થિતિમાં હતી.

તેને આગળ ભણવું હતું.

પરંતુ રમેશભાઈ કહેતા –

"આટલું ભણીને શું કરવાનું ? હવે સારું ઘર જોઈને લગ્ન કરી દઈએ."

નિશા બોલી –

"પપ્પા, મને બે વર્ષ કામ કરવાનો મોકો આપો."

"લોકો શું કહેશે ?"

"લોકો મારા માટે જીવન નહીં જીવે પપ્પા."

આ શબ્દો સાંભળીને રમેશભાઈ ખૂબ દુ:ખી થયા.

તેમને લાગ્યું કે બાળકો હવે તેમની વાતનું મૂલ્ય જ નથી સમજતા.

તેમણે પત્નીને કહ્યું – "મેં આખી જિંદગી એમના માટે મહેનત કરી અને આજે બંને મને જ ખોટો સાબિત કરે છે !"

શારદાબેન પાસે કોઈ જવાબ નહોતો.

થોડા મહિના પછી રમેશભાઈ નિવૃત્ત થયા.

હવે તેમની પાસે સમય જ સમય હતો.

અને એ સમય સાથે તેમની ચિંતા પણ વધી ગઈ.

હવે તેઓ મયંકની નોકરી કરતાં વધુ તેના જીવનમાં રસ લેતા.

"આજે ઓફિસમાં શું થયું?"

"કેટલો પગાર મળ્યો?"

"કેટલા પૈસા બચાવ્યા?"

"એ મિત્ર સાથે કેમ જાય છે?"

"રાત્રે મોડો કેમ આવ્યો?"

અને દીકરી માટે –

"ક્યાં ગઈ ?"

"ક્યારે આવશે ?"

"કોની સાથે હતી ?"

ઘરમાં પ્રેમ કરતાં વધુ પ્રશ્નો અને સલાહો વધી ગઈ.

એક દિવસ મયંક ગુસ્સે થઈને બોલ્યો –

"પપ્પા, મને તમારો સહારો જોઈએ છે, દરરોજ તપાસ નહીં !"

રમેશભાઈને આ વાત ખૂબ લાગી.

"હું તપાસ કરું છું? હું તો તારી ચિંતા કરું છું !"

મયંક બોલ્યો –

"ચિંતા અને નિયંત્રણ વચ્ચેનો ફરક તમે ક્યારેય સમજ્યા જ નથી !"

એટલું કહી તે પોતાના રૂમમાં જતો રહ્યો.

રમેશભાઈ આખી રાત ઊંઘી શક્યા નહીં.
બીજા દિવસે સવારે તેઓ એક જૂના મિત્રને મળવા ગયા.
મિત્રનું નામ હતું મનસુખભાઈ.
બંને ચા પીતા હતા.
રમેશભાઈએ દિલની બધી વાત કહી.
મનસુખભાઈ શાંતિથી સાંભળતા રહ્યા.
પછી તેમણે પૂછ્યું –
"રમેશ, તું મને એક વાત કહે."
"શું ?"
"તારો દીકરો તારી વાત ન માને તો તને સૌથી વધારે દુ:ખ શેનું થાય છે ?"
રમેશભાઈ તરત બોલ્યા –
"એ ખોટો નિર્ણય લઈ બેસશે."
મનસુખભાઈ હસ્યા.
"અને જો એ ખોટો નિર્ણય લઈ બેસે તો ?"
"તો એને નુકસાન થશે."
"અને જો એને નુકસાન થાય તો ?"
"તો મને દુ:ખ થશે."
મનસુખભાઈએ ચાનો કપ નીચે મૂક્યો.
"એટલે તું એની ભૂલથી ડરે છે કે પોતાની પીડાથી ?"
રમેશભાઈ ચૂપ થઈ ગયા.
આ સવાલ તેમના મનમાં આખો દિવસ ગુંજતો રહ્યો.
સાંજે તેઓ ઘેર આવ્યા.
મયંક કોઈ વાત કર્યા વગર બહાર જવા તૈયાર થઈ રહ્યો હતો.
રમેશભાઈએ પહેલી વાર પૂછ્યું નહીં –
"ક્યાં જાય છે ?"
મયંક અટકી ગયો.
તેને લાગ્યું કે કદાચ પપ્પા ફરી કંઈક કહેશે.
પરંતુ રમેશભાઈએ માત્ર કહ્યું –
"સાવચેતીથી જજે."
મયંકે આશ્ચર્યથી પિતાને જોયા.
"બસ ?"
"હા, બસ."
તે દિવસે પ્રથમ વખત બંને વચ્ચે ઝઘડો થયો નહીં.
થોડા દિવસ પછી મયંકે ખરેખર નોકરી છોડી દીધી.
ઘરમાં સૌને લાગ્યું કે હવે રમેશભાઈ ફરી ગુસ્સે થશે.

પણ તેમણે કહ્યું –
"તું વિચારીને નિર્ણય લીધો છે તો આગળ વધ. જરૂર પડે ત્યારે મારી મદદ માગજે."
મયંકને વિશ્વાસ જ ન આવ્યો.
"પપ્પા, તમને ખરેખર વાંધો નથી ?"
રમેશભાઈએ કહ્યું –
"વાંધો છે ડર પણ લાગે છે. પણ તારા જીવનનો સ્ટિયરિંગ હું પકડીને બેસી શકું નહીં."
મયંકની આંખો ભીની થઈ ગઈ.
થોડા મહિનામાં મયંકના ધંધામાં નુકસાન થયું.
પહેલાંનો રમેશભાઈ હોત તો કહેતા –
"મેં કહ્યું હતું ને !"
પરંતુ આ વખતે તેમણે દીકરાની બાજુમાં બેસીને માત્ર એટલું કહ્યું –
"હવે શું શીખ્યો?"
મયંકે ધીમેથી કહ્યું –
"ઘણું."
"તો એ નુકસાન પૂરતું નથી. એ તારી ફી હતી."
મયંક પહેલી વાર પિતાને ગળે મળ્યો.
નિશાએ પણ પોતાનું કામ શરૂ કર્યું.
તેને પણ શરૂઆતમાં મુશ્કેલીઓ આવી.
એક દિવસ તે રડતી રડતી ઘરે આવી.
"પપ્પા, મારાથી નહીં થાય."
રમેશભાઈએ કહ્યું –
"ન થાય તો થોડો વિરામ લે. પણ નિર્ણય તારો રહેશે. હું તારી સાથે છું."
નિશાએ પૂછ્યું –
"તમે મને રોકશો નહીં ?"
"ના."
"ભૂલ થઈ જાય તો ?"
"ભૂલમાંથી શીખજે."
"અને હું હારી જાઉં તો ?"
રમેશભાઈએ હળવું સ્મિત કર્યું.
"હું તને હારેલી નહીં, શીખેલી દીકરી તરીકે જોઈશ."
ધીમે ધીમે ઘરમાં એક અદ્ભુત પરિવર્તન આવ્યું.
પહેલાં બાળકો પિતાથી પોતાની વાત છુપાવતા.
હવે તેઓ પોતાની સમસ્યાઓ લઈને પિતા પાસે આવતા.
પહેલાં પત્ની કોઈ નિર્ણય લેતાં પહેલાં દસ વખત વિચારતી.
હવે તે પોતાના નિર્ણય આત્મવિશ્વાસથી લેતી.

પહેલાં રમેશભાઈ દરેક વાતમાં પોતાની સલાહ આપતા.

હવે તેઓ પહેલા પૂછતા –

"તને શું લાગે છે ?"

આ એક નાનકડા પ્રશ્ને આખા પરિવારના સંબંધો બદલી નાખ્યા.

એક દિવસ મયંકે પિતાને પૂછ્યું –

"પપ્પા, તમે આટલા બદલાઈ કેવી રીતે ગયા ?"

રમેશભાઈ થોડી વાર શાંત રહ્યા.

પછી બોલ્યા –

"એક દિવસ મને સમજાયું કે હું પરિવારને બચાવવાના નામે એમને જીવવા જ દેતો નહોતો."

"મને લાગતું હતું કે હું પ્રેમ કરું છું એટલે બધું મારી રીતે થવું જોઈએ."

"પણ પ્રેમનો અર્થ કોઈના જીવનનો માલિક બનવું નથી."

"પ્રેમ એટલે જરૂર પડે ત્યારે હાથ પકડવોપ અને જ્યારે સામેનો માણસ પોતે ચાલવા તૈયાર થાય ત્યારે તેનો હાથ છોડવાની હિંમત રાખવી."

મયંક ધ્યાનથી સાંભળતો રહ્યો.

રમેશભાઈ આગળ બોલ્યા –

"જીવનમાં ત્રણ વસ્તુઓ અલગ રાખવી શીખવી જોઈએ."

"પહેલી – મારી જવાબદારી."

"બીજી – બીજાની જવાબદારી."

"અને ત્રીજી – એવી બાબતો, જે કોઈના નિયંત્રણમાં જ નથી."

"મારી જવાબદારી છે યોગ્ય સલાહ આપવી, પ્રેમ આપવો, મારી ભૂલ સુધારવી અને મારા નિર્ણયોનું પરિણામ સ્વીકારવું."

"તમારી જવાબદારી છે તમારું જીવન જીવવું અને તમારા નિર્ણયોના પરિણામ સ્વીકારવા."

"અને વરસાદ ક્યારે પડશે, લોકો શું વિચારશે, ભૂતકાળમાં શું થઈ ગયું – આવી બાબતો માટે આખી જિંદગી ચિંતા કરવી કોઈના હાથમાં નથી."

તેમણે ઊંડો શ્વાસ લીધો.

"આ સમજ્યા પછી મારી અંદરની ઘણી બધી લડાઈઓ પૂરી થઈ ગઈ."

એ દિવસે મયંકે પિતાને કહ્યું –

"પપ્પા, તમે પહેલાં કરતાં ઓછું બોલો છોપ પણ હવે તમારી દરેક વાત વધારે સમજાય છે."

રમેશભાઈ હસ્યા કારણ કે પહેલાં હું બધાને બદલવા માગતો હતો. હવે હું પોતાને સમજવાનો પ્રયત્ન કરું છું.

સમય પસાર થતો ગયો.

મયંકનો વ્યવસાય ધીમે ધીમે ઊભો થયો.

નિશાએ પોતાની કારકિર્દીમાં સારી પ્રગતિ કરી.

શારદાબેન પણ પોતાના શોખ માટે સમય કાઢવા લાગ્યાં.

અને રમેશભાઈ ?

તેમણે નિવૃત્તિ પછી પહેલી વાર સાચું જીવન જીવવાનું શરૂ કર્યું.

સવારે ચાલવા જતા.

જૂના મિત્રો સાથે મળતા.

પુસ્તકો વાંચતા.

પૌત્ર સાથે રમતા.

અને સૌથી મોટી વાત –

બીજાની દરેક સમસ્યાને પોતાની સમસ્યા બનાવવાનું બંધ કરી દીધું.

એક સાંજે પરિવાર બાલ્કનીમાં બેઠો હતો.

મયંકે પૂછ્યું –

"પપ્પા, જો અમારાથી ભૂલ થાય તો તમે હવે કંઈ નહીં કહો ?"

રમેશભાઈ હસ્યા.

"કહીશ."

"તો પછી બદલાયા શું ?"

"પહેલાં હું તમારી ભૂલને મારી નિષ્ફળતા માનતો હતો. હવે તમારી ભૂલને તમારો અનુભવ માનું છું."

"પહેલાં હું તમને બચાવવા દોડતો હતો. હવે જરૂર પડે ત્યારે તમારી બાજુમાં ઊભો રહીશ."

"પહેલાં હું તમારા જીવનનો નકશો બનાવતો હતો. હવે માત્ર રસ્તો અંધારો હોય ત્યારે ટોર્ચ પકડીશ."

થોડી ક્ષણ સૌ શાંત રહ્યા.

પછી શારદાબેને કહ્યું –

"આ ઘરમાં હવે પહેલાં કરતાં ઓછા નિયમો છે છતાં શાંતિ વધારે છે."

રમેશભાઈએ સ્મિત કર્યું.

"કારણ કે જ્યાં વિશ્વાસ વધે છે, ત્યાં નિયંત્રણની જરૂર ઘટી જાય છે."

આ કથાની સૌથી મોટી શીખ

આપણે ઘણી વાર જેને પ્રેમ માનીએ છીએ, તેમાં થોડું ડર, થોડું અધિકાર અને થોડું નિયંત્રણ પણ ભળેલું હોય છે.

બાળકની ચિંતા કરવી સારી વાત છે, પરંતુ તેના દરેક નિર્ણયને પોતાના હાથમાં લઈ લેવો યોગ્ય નથી.

જીવનસાથીને સાચવવો પ્રેમ છે, પરંતુ તેના દરેક પગલાનો હિસાબ માંગવો પ્રેમ નથી.

મિત્રને સલાહ આપવી સારી વાત છે, પરંતુ તેની પસંદગી સ્વીકાર્યા વગર તેને પોતાની રીતે જીવવા મજબૂર કરવો યોગ્ય નથી.

સાચો પ્રેમ કહે છે – "હું તારી સાથે છું."

પરંતુ અસુરક્ષિત પ્રેમ કહે છે – "તું મારી વાત પ્રમાણે જ ચાલ."

બંને વાક્યોમાં બહુ મોટો તફાવત છે.

કોઈને ભૂલથી બચાવવું હંમેશાં શક્ય નથી.

પરંતુ તેને ભૂલમાંથી શીખવા માટે જગ્યા આપવી શક્ય છે.

કોઈનું જીવન આપણે જીવી શકતા નથી.

કોઈના બધા દુ:ખ આપણે દૂર કરી શકતા નથી.

કોઈના બધા નિર્ણય આપણે લઈ શકતા નથી.

આપણે માત્ર એટલું કરી શકીએ –

સાચી સલાહ આપીએ, પ્રેમ આપીએ, વિશ્વાસ આપીએ અને જરૂર પડે ત્યારે હાથ પકડીને ઊભા રહીએ.

કારણ કે જીવનમાં ક્યારેક કોઈને બચાવવાની સૌથી મોટી રીત એ હોય છે કે તેને પોતાની રીતે જીવવાની તક આપવામાં આવે.

અને કદાચ સુખી પરિવારનું રહસ્ય એ નથી કે ઘરમાં બધા એકબીજાની વાત માનેપ

પરંતુ એ છે કે ઘરમાં દરેક વ્યક્તિ એકબીજાની સ્વતંત્રતા, જવાબદારી અને ભૂલોનું પણ સન્માન કરે.

છેવટે,

બીજાના જીવનને નિયંત્રિત કરતાં કરતાં આપણે આપણું જીવન ગુમાવી ન બેસીએ.

કારણ કે શાંતિ ત્યારે શરૂ થાય છે, જ્યારે આપણે સમજીએ છીએ –

"દરેક વાત મારી જવાબદારી નથી."

હવે એક સવાલ તમારા માટેપ

શું આપણે જેને "ચિંતા" અને "પ્રેમ"નું નામ આપીએ છીએ, તેમાં ક્યાંક આપણે સામેની વ્યક્તિના જીવનને નિયંત્રિત કરવાનો પ્રયાસ તો નથી કરતા ને ?

---

## મુઠ્ઠી ભર હૈયું ને ખોબા ભર પેટ!

મુદ્દા તો બે જ પણ કેટકેટલી વેઠ...!!

હૃદયની આરપાર ઊતરી જાય એવી આ બે નાનકડી પંક્તિઓમાં આખા જીવતરનો નિચોડ આવી ગયો છે. માણસ જન્મે ત્યારથી લઈને ખાટલે પડે ત્યાં સુધી રોકેટની જેમ દોડધામ કરે છે, એનું મૂળ તો આ બે જ વસ્તુઓ છે ને! "એક મુઠ્ઠી જેવડું હૈયું અને બીજું ખોબા જેવડું પેટ !"

દેખાવે સાવ નાના લાગતા શરીરના આ બે અવયવોએ આખી દુનિયાને કેટકેટલી નચાવી મૂકી છે !!

પહેલી વાત કરીએ પેટની ભગવાને પેટ સાવ ખોબા જેવડું આપ્યું છે. એમાં બે રોટલા, થોડું શાક અને છાશના થોડા ઘૂંટડા જાય એટલે એ ભરાઈ જાય. પણ એ રોટલો રળવા માણસ કેટલીયે ઉથલ-પાથલ કરી નાખે છે !

પશુ-પંખી પણ પેટ ભરે છે, પણ એમને કાલની કોઈ ઉપાધિ નથી હોતી. જ્યારે માણસ ?

માણસ સાત પેઢીનું ભેગું કરવાના ચક્કરમાં આજનો રોટલો પણ નિરાંતે બેસીને ખાઈ શકતો નથી ! ભલે કડવી પણ આ જ હકીકત છે !!

ટાઢ, તડકો કે વરસાદ જોયા વિના માણસ પરસેવો પાડે છે. સવારે ઊઠીને કામે વળગવું ને સાંજે લોથપોથ થઈને ઘેર આવવું, આ આજની જિંદગીનો વણલખ્યો નિયમ બની ગયો છે !

એક તરફ નાનકડી આંતરડી ઠારવા માણસ સપના રોળીને આખી જિંદગી વૈતરું કરે છે, તો બીજી તરફ વધુ કમાવાની લ્હાયમાં એ 'ન ઘરનો કે ન ઘાટનો' બનીને રહી જાય છે. આખરે આ બધી દોડધામ, મૂળ તો પેટનો ખાડો ભરવા માટે છે ને!!

હવે વાત કરીએ એ મુઠ્ઠી જેવડા હૈયાની! વિજ્ઞાન ભલે એમ કહેતું હોય કે હૃદયનું કામ માત્ર શરીરમાં લોહી પહોંચાડવાનું છે. પણ આ હૈયામાં જે ઓરતા, મોહ, માયા અને વલોપાત ભર્યા છે ને, એનો કોઈ પાર નથી.

પેટ તો એકાદ બે રોટલા નાખો એટલે ધરાઈ જાય અને સંતોષનો ઓડકાર ખાઈ લે – ઘણા તો અડધોય નહી ખાતા હોય!! પણ આ હૈયું ક્યારેય ધરાતું નથી! એને પ્રેમ જોઈએ, હૂંફ જોઈએ, આટલું કાફી હોવા છતાં, સમાજમાં વટ અને દુનિયાભરનો વૈભવ પણ જોઈએ !!

મારી પાસે આ નથી પેલું નથી ફલાણાએ મને આમ કેમ કીધું ? એવો વલોપાત આ મુઠ્ઠી જેવડું હૈયું આખી જિંદગી કરાવ્યા કરે છે. ક્યારેક કોઈના બોલેલા બે કડવા વેણ હૈયાને આરપાર વીંધી નાખે છે !

તો ક્યારેક ખોટા અહંકાર ખાતર માણસ પોતાની રાતની ઊંઘ હરામ કરી નાખે છે. મુઠ્ઠી જેવડા આ ત્રિકોણિયા ડબ્બામાં દુનિયાભરની પંચાત અને પીડાઓનો અગ્નિ અખંડ બળતો રહે છે !!

કોઈનો સાથ છૂટી જાય તોય આ હૈયું ઝૂરે ને કંઈક નવું પામવાની લાલચ જાગે તોય આ હૈયું ભટક્યા કરે !!

ખરેખર જોતાં, જિંદગીના પાયાના મુદ્દા તો આ બે જ છે. પેટ અને હૈયું ! પણ આ બેયને સાચવવામાં માણસની આખા ભવની ભવાઈ પૂરી થઈ જાય છે.

સવારથી સાંજ પેટ માટે દોડવાનું અને રાત્રે હૈયાના સવાલો સાથે સૂતા પછી સવારે એ જ પ્રશ્નો સાથે જાગવાનું. આ બે પાટા વચ્ચે જિંદગીની ગાડી હાંફતી હાંફતી સતત દોડ્યા જ કરે છે !!

આ અવિરત દોડમાંથી છૂટવાનો કે વિસામો ખાવાનો એક જ રસ્તો છે, ને એ છે ધરપત એટલે કે સંતોષ !

એક સમયે જે મળે તેવા સાદા અને સાત્વિક ભોજનથી પેટ ભરી લેતો માનવી જ્યારે આટલું સ્વીકારી લે કે પેટ ભરવા પૂરતું મળી ગયું છે અને હૈયાને ખુશ રાખવા માટે બહારના દેખાડા કરતાં ભીતરની શાંતિ વધુ જરૂરી છે, ત્યારે આ બધી વેઠ મટે છે. અને ત્યારે જ હૃદયમાંથી આનંદની લાગણીઓના ફુવારા છૂટે છે !!

બાકી તો આ માયાજાળમાં જિંદગી ક્યારે પૂરી થઈ જશે એની ખબર પણ નહીં પડે !! માટે એક ઊંડો શ્વાસ લો, જે મળ્યું છે એનો આભાર માનો અને આજની ઘડીને આનંદથી જીવી લો !? –હરેકૃષ્ણ

# ડૉ. મનુ કોઠારી

ડો.મનુ કોઠારી બહુ જુદા જ મિજાજના અને કોઇની સાડીબાર નહીં રાખનારા નિષ્ણાત અનુભવી ડોક્ટર હતા. ડૉક્ટરો અને મેડીકલ સાયન્સની અનેક પોકળતાઓ અને અજ્ઞાન ઉઘાડા પાડેલા છે. આજે મને વોટ્સએપ પરથી એક જુનો લેખ હાથ આવ્યો છે. ભલે ૨૦૦૬માં લખાયો હોય પરંતુ આજે પણ કશું જ બદલાયું નથી.

જે પ્રસન્ન છે તે પ્રિય છે !

માંદગીમાંય મોઢું મલકતું રાખવાની કળા

સૌ પ્રથમ એ સ્વીકારી લેવું જોઇએ કે,

માંદગી કોઇ આપતિ કે અભિશાપ નથી.

આપણે એવું માની બેઠા છીએ કે શરીર હંમેશાં આદર્શ સ્થિતિમાં જ રહેવું જોઇએ, જે ખરેખર શક્ય નથી.

રોગને લીધે મૃત્યુ થાય છે, એ વાતમાં કોઇ વજૂદ નથી એ વાત પણ સ્વીકારો.

રોગથી મૃત્યુ થતું નથી.

રોગ એ શરીરનો ધર્મ છે,

જ્યારે મૃત્યુ એ સમયનો ધર્મ છે.

કેટલાક ડોક્ટરોએ પોતાની મહત્તા વધારવા માટે,

રોગોનું ભયાનક ચિત્રણ ઊભું કર્યુ છે.

હૃદયરોગ, હાઇપરટેંશન, કેંસર, ડાયાબિટીસ, જેવા કહેવાતા જીવલેણ રોગો મૂળે તો ઉંમર સહજ રોગ છે.

જેમ ઉંમર સહજ શારીરિક ફેરફારો મારી નાખતાં નથી, તેમ કહેવાતા જીવલેણ રોગો પણ મારી શકતા નથી.

મોટામાં મોટી વાત એ છે કે ડોક્ટરો જેને કિલર ડિસીઝ કહે છે એ મૃત્યુ માટે ખાસ કારણભૂત હોતા જ નથી.

અમેરિકામાં કેંસર વિશે થયેલા એક સર્વેના તારણમાં  સ્પષ્ટ લખ્યું હતું,

“કેંસર મારતું નથી, સમય મારે છે.”

હું ડૉ. મનુ કોઠારી હૃદયરોગ પર છેલ્લા ૩૦ વર્ષથી અભ્યાસ કરી રહ્યો છું ને નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે હૃદયરોગ જીવલેણ નથી પણ મૃત્યુનો સમય પાકે ત્યારે જ હૃદયરોગ જીવલેણ બને છે; રોગને મિત્ર ગણી, હસતા મોઢે વધાવી લેવો.

રોગ, મિત્ર એટલા માટે છે કે એ તમને તમારા શરીરની નબળી કાર્યક્ષમતા વિશે ખબરદાર કરે છે.

અચિકિત્સિત વ્યાધિ વિકાર હોય ત્યારે,

મૃત્યુની ફિકરમાં જીવવા કરતાં

પ્રસન્ન રહીને મૃત્યુની  રાહ જોવી.

મૃત્યુ એ તો ઇશ્વરનું વરદાન છે

રોગ સાથે ઝગડો કરવો અનુચિત છે.

૧૦ માંથી માંડ ૧ જ રોગમાં ડોક્ટર કામ આવે છે, બાકીના કિસ્સાઓમાં મોટા ભાગે ડોકટરો લાકડાની તલવાર જ ફેરવતા હોય છે.

આજે ડોક્ટરો એલોપેથી ઉપરાંત બીજી અનેક જુદી જુદી સારવાર પધ્ધતિઓ અજમાવતા જોવા મળે છે. શા માટે ?

કેમ કે આમાની કોઇ પણ પધ્ધતિ ૧૦૦% સચોટ નથી.

બીજું એ કે કેંસર જેવી બીમારી થાય ત્યારે લોકો અપરાધભાવ અનુભવે છે.

દર્દીને એમ થાય છે કે મેં ખાવાપીવામાં સરખું ધ્યાન ન આપ્યું એટલે બીમારી પેસી ગઇ, પણ હકીક્ત જુદી હોય છે.

જગતમાં સરેરાશ દર પાંચમાંથી એક વ્યક્તિને કેંસર થાય છે એટલે જેને રોગ ન હોય એણે મૂછ ઊંચી ન કરવી અને જેને હોય એણે હતાશ ન થવું.

જીવલેણ રોગ સાથે પણ લાંબું જીવી શકાય છે ને અત્યંત તંદુરસ્ત શરીર સાથે પણ ગમે ત્યારે મૃત્યુ પામી શકાય છે.

ડોક્ટરોએ મૃત્યુને રોગ સાથે જોડી દીધું છે એટલે કદાચ આ વાત માનવામાં નહીં આવે, પણ અમેરિકામાં દર પાંચમી નાદારી મેડિકલ બિલને કારણે નોંધાય છે એટલે રોગ આપણને પજવે નહીં ત્યાં સુધી તેને છંછેડવા નહીં.

મેડિકલ ચેક-અપ કરાવવા ગયા હોય ને રિપોર્ટમાં કેંસર આવે તો ઊંચાનીચા ન થઇ જવું! કેંસર સાથે આનંદથી જીવવું!

મહાન રશિયન ચિંતક એલેક્ઝાંડર

સોલ્ઝેનિત્સિકને ૧૯૫૫ માં કેંસર થયેલું ત્યારે એ જેલમાં હતા. જેલવાસ દરમિયાન એમને એક કોરિયન સર્જને કહેલું કે તમારી બીમારી અસાધ્ય છે, ઓપેરશન પણ શક્ય નથી એટલે તમે ત્રણેક મહિનાથી વધુ નહીં જીવી શકો!!

પણ એ પછી આ ભાઇએ કલમ ઉપાડી, લખવાનું શરૂ કર્યું ને નોબેલ પ્રાઇઝ મેળવ્યું. માનશો ? ૨૦૧૮માં પણ આ કેંસરનો દર્દી જિવિત અને હાકલા કરતો અને પેલો કોરિયન સર્જન હયાત નહતાં !

એલેક્ઝાન્ડર કેન્સર નિદાન પછી ૭૩ વર્ષ જીવ્યા!૧

૯૬૬ માં તેમણે કેન્સર વોર્ડ અદભુત પુસ્તક લખ્યું ને ૧૯૭૦ માં તેમને સાહિત્યનું નોબલ પ્રાઈઝ પણ આપવામાં આવ્યું હતું.

આ શરીર જેવું અદ્ભુત જગતમાં કંઇ જ નથી, કદરૂપામાં કદરૂપી વ્યક્તિના શરીરમાં જેટલી ભવ્યતા છે એટલી અમુક સ્મારકો માં પણ નથી એટલે રોગથી થાકી હારી કે કંટાળી જવાને બદલે ચિત્ત પ્રસન્ન રાખી મોજથી જીવ્યા કરવું,

ચમત્કાર જોવાની ઇચ્છા થાય તો રોજ સવારે ઊઠી દર્પણમાં જોઇ લેવું. દરરોજ સવારે જીવતા ઊઠીએ છીએ એથી મોટો કોઇ ચમત્કાર જ નથી.

રોજ સવારે ઊઠી સૂર્યનાં કિરણો પામો
સુંદર મજાનાં ફૂલો સૂંઘો
લીલાં પાન જોઇ હરખાઓ

હવાની લહેરખીને મનમાં ભરી લો.
રોજ સવારે મળતા શ્વાસથી ઊંચી
કોઇ સોગાદ નથી.
બીમારીને પકડીને ઉદાસ થઇ બેસી રહેવા કરતાં મોઢું મલકતું રાખો.
શ્રી કૃષ્ણ કહ્યું છે....
"જે પ્રસન્ન છે, તે મને પ્રિય છે !”

---

“દુનિયામાં પૈસા જ સર્વસ્વ છે” આ ફિલોસોફી માં માનનાર દરેક માટે ૧૯૨૩માં શિકાગોની “એડજ વોટર બીચ” હોટલમાં દુનીયાના સૌથી વધારે ધન કુબેરોમા ના નવ ધનવાન લોકો ભેગા થયા. તે બધાની કુલ સંપતિ તે વખતની અમેરિકાની સરકારની કુલ સંપતિ કરતા પણ વધારે હોવાનો અંદાજ હતો.આ લોકોને ચોક્કસ ખબર જ હતી કે કઈ રીતે જીવવું અને સંપતિ એકઠી કરવી.

આ મીટીંગમાં હાજરી આપનાર નીચેના વ્યક્તિઓ હતા :

૧. સૌથી મોટી સ્ટીલ કંપનીનો પ્રેસીડેન્ટ,
૨. સૌથી મોટી યુટીલીટી કંપનીનો પ્રેસીડેન્ટ,
૩. સૌથી મોટી ગેસ કંપનીનો પ્રેસીડેન્ટ,
૪. ન્યુયોર્ક સ્ટોક એક્સ્ચેઇન્જનો પ્રેસીડેન્ટ,
૫. બેન્ક ઓફ ઇન્ટરનેશનલ સેટલમેન્ટ્સનો પ્રેસીડેન્ટ,
૬. ઘઉં બજારનો સૌથી મોટો સટ્ટો રમનાર,
૭. વોલ સ્ટ્રીટનો સૌથી મોટો બીયર વાળો,
૮. વિશ્વના મહાન અર્થતંત્રનો વડો અને
૯. પ્રમુખ હાર્ડીંગના કેબિનેટનો સભ્યકોઇ પણ માપદંડથી જોતા આ બધા ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિઓ હતા.

તેમ છતાં ૨૫ વર્ષ પછી આ નવ ઇન્ડસ્ટ્રીયલ દીગ્ગજો ક્યાં હતા?ચાલો જાણીએ ૨૫ વર્ષ પછી આ લોકો નું શું થયું?

૧. સૌથી મોટી સ્ટીલ કંપની,(બેથલેહમસ્ટીલ કોર્પોરેશન)નો પ્રેસીડેન્ટ ચાર્લ્સ એમ.સ્વેબ મૃત્યુ પહેલાના પાંચ વર્ષ ઉધાર લીધેલ પૈસા પર જીવ્યો અને દેવળિયો થઇ મૃત્યુ પામ્યો.
૨. સૌથી મોટી ગેસકંપનીનો પ્રેસીડેન્ટ, હોવાર્ડ હબસન ગાંડો થઇ ગયો.
૩. સૌથી મોટો કોમોડીટીનો વેપારી(ઘઉં બજારનો વેપારી)આર્થરકુટે નાદાર બની મૃત્યુ પામ્યો.
૪. ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જના તત્કાલીન પ્રમુખ, રિચાર્ડ વ્હીટનીને જેલમાં જવાનો સમય આવ્યો.

૫. યુ.એસ.પ્રેસિડેન્ટ કેબિનેટના સભ્ય (પ્રમુખ હાર્ડીંગનાકેબિનેટના સભ્ય),આલ્બર્ટ ફોલને જેલમાંથી સજા માફ કરી મુક્ત કરવા આવ્યો હતો જેથી તે ઘરે જઈ અને શાંતિથી અંતિમ શ્વાસ લઇ શકે.

૬. વોલ સ્ટ્રીટના સૌથી મોટા બીયરવાળા જેસી લિવરમોરે આત્મહત્યા કરી હતી.

૭. વિશ્વના મહાન અર્થતંત્રના વડા ઈવર ક્રુગેરે આત્મહત્યા કરી હતી.

૮. બેન્ક ઓફ ઇન્ટરનેશનલ સેટલમેન્ટ્સના પ્રેસીડેન્ટ લિયોન ફ્રેઝરએ આત્મહત્યા કરી હતી.

૯. સૌથી મોટી યુટિલિટી કંપનીના અધ્યક્ષ, સેમ્યુઅલ અનસૂલ, મૃત્યુ પામ્યા ત્યારે નિર્ધન હતા.

તેઓ જયારે પૈસા કમાવવામાં વ્યસ્ત હતા ત્યારે તેઓ એ ભૂલી ગયા હતા,"જીવન" કેવી રીતે જીવવું! નાણાં પોતે દૂષણ નથી; તે ભૂખ્યા માટે ખોરાક, બીમાર માટે દવા, જરૂરિયાતમંદ માટે કપડાં આપે છે.નાણાંએ એક માત્ર એક્સચેન્જનું માધ્યમ છે.

આપણને બે પ્રકારના શિક્ષણની જરૂર છે.

A) એક એવું કે જે આપણને જીવન કેવું બનાવવું તે શીખવે અને

B) બીજું એવું કે કેમ જીવવું તે શીખવે.

---

## પાસપોર્ટ

અમારા લગ્નને પંદર વર્ષ થયાં. પંદર દિવાળી, પંદર શ્રાવણ પણ ખોળો ખાલીનો ખાલી.

મારી પત્ની સૌમિત્રા, આણંદની. અમે હવે વોશિંગ્ટનમાં રહીએ. હું એક બહુરાષ્ટ્રીય કંપનીમાં એચ.આર. મેનેજર. બહારથી જોતાં બધું વ્યવસ્થિત. પણ ઘરની અંદર એક અદ્રશ્ય મહેમાન રહે—ભગવાન શ્રીગોપાલકૃષ્ણ.

સૌમિત્રા માટે ગોપાલ માત્ર મૂર્તિ નહોતા, એનો દીકરો હતા. સાચેનો દીકરો. એની સાથે વાત કરતી, એને ખીજાતી, હસતી, રિસાતી. કારમાં જઈએ ત્યારે હું આગળ બેસું, અને એ પાછળ. "ગોપાલ એકલો પડી જાય," એ કહેતી.

સાંજ પડે એટલે ગોપાલને લઈને નજીકના ગાર્ડનમાં. પર્સમાં નાનો ડબ્બો—ગોળપાપડી કે મોહનથાળના બટકા. "ગોપાલને ભૂખ લાગે તો ખવરાવું," એમ કહેતી. મને સમજાતું નહીં, પણ મને એની શ્રદ્ધા પર ગર્વ હતો. મેં ક્યારેય સવાલ ન કર્યો.

પછી એ દિવસ આવ્યો.

ઓફિસમાં ફોન રણક્યો. સૌમિત્રાનો અવાજ કાંપતો હતો: "પોલીસ પાસપોર્ટ માંગે છે. નહીં હોય તો પોલીસ સ્ટેશન આવવાનું કહે છે. તમે વાત કરોને."

મેં પોલીસને ફોન કર્યો. ખબર પડી–સૌમિત્રાએ ગાર્ડનમાં કચરો કર્યો હતો. પેનલ્ટી ભરો,

અને બીજે દિવસે પાસપોર્ટ બતાવવા આવો. મેં હા કહી.

સાંજે ઘરે એણે બધું કહ્યું.

“રોજની જેમ હું અને ગોપાલ ગાર્ડન ગયાં. અડધે રસ્તે ગોપાલ બોલ્યો, ‘મને ભૂખ લાગી.’ મેં કહ્યું, ‘બસ પાંચ મિનિટ.’ ગાર્ડનમાં બેઠાં ત્યાં દિવ્યા મળી. થોડી વાતો કરીને એ ગઈ. પણ ત્યાં સુધીમાં ગોપાલને ખૂબ ભૂખ લાગી હતી. તમને ખબર છે, અજાણ્યું કોઈ હોય તો ગોપાલ અદ્રશ્ય થઈ જાય. દિવ્યા ગયા પછી બે લેડી પોલીસ આવી. ‘પબ્લિક પ્લેસમાં કચરો કેમ કર્યો?’ મેં જોયું—મારી આજુબાજુ મોહનથાળનો ભૂકો વેરાયેલો. મેં કહ્યું, ‘મેં નથી ઢોળ્યું.’ એમણે મારા પર્સમાંથી ડબ્બો કાઢ્યો. અડધો ખાધેલો મોહનથાળ, અને ભૂકો. બેંચ પર પડેલા ભૂકા જેવો જ. એટલે દંડ ભરો, પાસપોર્ટ બતાવો.”

મારી પાસે પૈસા નહોતા, પાસપોર્ટ નહોતો. એટલે મેં તમને ફોન કર્યો.

હું સાંભળતો રહ્યો. મગજમાં એક જ સવાલ ઘૂમતો હતો: શું ખરેખર ગોપાલે ડબ્બો ખોલ્યો? મોહનથાળ ખાધો? મેં પૂછ્યું.

સૌમિત્રાએ કહ્યું, “રોજ હું ખવરાવું છું, તેથી ત્યારે ઢોળાતું નથી. પણ આજે એને ખૂબ ભૂખ લાગી હતી. એણે પોતે જ ડબ્બો ખોલ્યો. પોતાના હાથે ખાધું.”

બીજે દિવસે સૌમિત્રાની તબિયત સારી નહોતી. હું એકલો પોલીસ સ્ટેશન ગયો. રસ્તામાં વિચારતો રહ્યો—પોલીસને શું કહીશ? ‘મારી પત્ની ગોપાલ સાથે વાત કરે છે’ એવું?

પોલીસ સ્ટેશનમાં અધિકારી સામે બેઠો. પરિચય આપ્યો. ઘટના સમજાવી.

એણે તરત કહ્યું: “હા હા. પાસપોર્ટ તમારા દીકરાએ એક કલાક પહેલાં જ રજૂ કર્યો હતો. અમે ચકાસણી કરી લીધી. કોઈ સમસ્યા નથી. દંડ જમા થઈ ગયો છે. તમે જઈ શકો છો. ચિંતા ન કરશો.”

હું થંભી ગયો.

દીકરો?

મારા પાસે બે પ્રશ્નો રહી ગયા—જેના જવાબ મારી પાસે નહોતા.

પહેલો: હું કેવી રીતે માનું કે મને કોઈ સંતાન નથી, જ્યારે પોલીસે મારા દીકરાને જોયો ?

બીજો: હું કેવી રીતે કહું કે મારી પત્ની એકલી એકલી બોલે છે, જ્યારે તે એનો પાસપોર્ટ લઈને સૌમિત્રાની સાથે પોલીસ સ્ટેશન પહોંચી શકે ? જ્યારે ગઈકાલ રાતથી પાસપોર્ટ મારી પાસે છે અને સૌમિત્રા ઘરે છે.

ઘરે પાછા ફરતાં રસ્તામાં હું પાછળની સીટ તરફ જોઈ રહ્યો. ખાલી સીટ. પણ આજે એ ખાલી ન લાગી.

એ રાતે હું ઘરે પહોંચ્યો ત્યારે સૌમિત્રા ગોપાલને પારણામાં હળવેથી ઝુલાવતી બેઠી હતી. જાણે કંઈ બન્યું જ ન હોય. પણ મારી આંખોમાં એ જ સવાલ હતો—દીકરો ?

મેં ધીમે પૂછ્યું: "સૌમિત્રા, આજે પોલીસ સ્ટેશનપ"

એણે માથું ઊંચું કર્યું. ચહેરા પર એ જ શાંતિ. "હા, મને ખબર છે. ગોપાલ ગયો હતો."

"ગોપાલ?" મારો અવાજ તૂટ્યો. "સૌમિત્રા, ગોપાલ તોપ"

"મૂર્તિ નથી," એણે વચ્ચે જ કહી દીધું. "ઠાકોરજી ક્યારેય મૂર્તિ  નહોતા. તમે જોયું નહીં, એટલે મૂર્તિ લાગ્યા. પણ એને હાથ પણ હોય છે, પગ પણ હોય છે, તોફાન પણ કરે. અને જ્યારે જરૂર પડે ત્યારે તેની પાસે પાસપોર્ટ પણ હોય."

હું ચૂપ રહી ગયો. બહાર વોશિંગ્ટનની ઠંડી હવા વાતાવરણને થીજવી રહી હતી, અને અંદર મારા વિચારોને.

બીજે દિવસે હું પાછો પોલીસ સ્ટેશન ગયો. એ જ અધિકારી પાસે. "સર, તમે કહ્યું હતું મારો દીકરો પાસપોર્ટ લાવ્યો. શું તમે એને ઓળખો છો? કેવો દેખાતો હતો?"

અધિકારીએ મને જોયો, પછી કહ્યું, "તે તેની માતા સાથે આવ્યો હતો, જે બીમાર હતી. ફાઇલ ખોલી. અંદરથી એક ફોટોકોપી કાઢી. પાસપોર્ટની.

ફોટામાં સૌમિત્રાનો ફોટો હતો.

"છોકરાનું નામ?" મેં પૂછ્યું.

અધિકારીએ યાદ કરીને કહ્યું,"કિશન. કિશન યાદવ. એણે કહ્યું, એની મમ્મીની તબિયત સારી નથી, એટલે એ સાથે આવ્યો છે."

કિશન.

મારા દીકરાનું નામ જે મેં મનમાં હંમેશા રાખ્યું હતું.

હું ઘરે દોડ્યો. સૌમિત્રા રસોડામાં હતી. "કિશન કોણ?" મેં પૂછ્યું.

એણે મારી સામે જોયું. આંખોમાં આંસુ નહોતાં. માત્ર સત્ય હતું.

"કિશન, ગોપાલનુ બીજુ રૂપ છે," એણે કહ્યું. "જ્યારે દુનિયાને કાગળ જોઈએ, પાસપોર્ટ જોઈએ, ત્યારે ભગવાન કાગળનું રૂપ લઈ લે છે. જ્યારે દુનિયાને દીકરો જોઈએ, ત્યારે એ દીકરો બની જાય છે. તમે પંદર વર્ષથી એને જોઈ ન શક્યા, કારણ કે તમે માન્યું જ નહીં કે ખાલી ખોળો પણ ભરી શકાય."

એણે મારો હાથ પકડ્યો. "તમે કહેતા હતા ને, હું એકલી એકલી બોલું છું. હું એકલી નથી બોલતી. તમે માનતા નથી."

બહાર ગાર્ડનમાં પવન ફૂંકાયો. અને મને પહેલી વાર લાગ્યું,  કોઈ વાંસળી વગાડી રહ્યું છે. ધીમી, પણ સ્પષ્ટ.

પંદર વર્ષ પછી મને સમજાયું: બસ, મેં માનવાની હિંમત નહોતી કરી.

## WebSite પર પત્રિકા મેળવવા માટે

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

## What's APP પર પત્રિકા મેળવવા માટે

*પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

**(M) 9898535030, 9974127810**